An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

સંવર્ધક તંત્રી	:	સ્વ. કાન્તિલાલ એમ. શાહ
તંત્રી	:	દિલીપ કે. શાહ

આર્ચી પબ્લિકેશન્સ

311 & 313, નાલંદા એન્કલેવ,
પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ.

Phone : 079 - 2657 66 39

Fax : 079 - 2657 99 96

E-mail :
smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in

web : www.smartinvestment.in

VISIT…

LANZAROTE Caliente.COM

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

આ અંકના આકર્ષણો

આપણે હજુ પણ ટ્રેડીંગ રેંજમાં જ છીએ !

અમેરિકાના સૈનિકો એશિયામાં તહેનાત કરવાનો શું સંકેત ? ચીન સાથે મિનિ યુદ્ધ ?

૨૦૨૦-૨૧ માં GDP વૃધ્ધિ -4.5% રહેવાનો અંદાજ : IMF

૨૮ ઓગસ્ટથી... Ujjivan, Century Tex., Equitas એ F&Oમાંથી બહાર

સેન્સેક્સના લેવલો જોવા વાળાએ બજારની જોરદાર તેજીને ફક્ત નિહાળીજ

ભારતીય શેરબજાર અંડરવેલ્યુડ છે કે ઓવરવેલ્યુડ ?

LICનો રૂ. ૯૦,૦૦૦ કરોડનો મેગા ઈસ્યુ માર્કેટમાં તરખાટ મચાવવા તત્પર

Relianceમાં ૨૧૦૦ના ભાવે સ્ટોક સ્પ્લિટની હવા

Hexawareના શેરની બાયબેક ઓફરમાં તગડી કમાણીની તક

Bonlon Ind. ના રૂ. ૨૮ ના ભાવના BSE SME IPOનું ૩૦ જુને આગમન

રાજ્ય-કેન્દ્ર સરકારની રાહતો - વ્યાજમાં ઘટાડાને પગલે SME સેગ્મેન્ટ ધમધમતુ જોવાશે

ક્વોલિટીની દ્રષ્ટિએ ક્રીમ તેવા બે ઈસ્યુઓમાં RIL Jio કરતાં LICનો IPO વહેલો આવશે

આગામી વર્ષોમાં JIOનો IPO લાવીને RIL ટેલિકોમ, રિટેલ બિઝનેસ અલગ કરશે

An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021

SMART INVESTMENT

RNI No : GUJGUJ / 2000 / 7618

અખબારની પીડીએફ કોપી વોટ્સએપ કે ટેલીગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર

હાલ લોકડાઉના સમયગાળામાં એક તરફ અખબારો વિતરણ સંબંધી સમસ્યાઓથી ઝઝૂમી રહ્યા છે તો બીજી તરફ તેમના ઈ-પેપરની કોપી અને ડિજિટલ પાઈરસીના બનાવ પણ વધ્યા છે. તેના કારણે અખબારોને રેવન્યુનું નુકશાન થઈ રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન ન્યુઝપેપર સોસાયટીએ ચેતવણી આપી છે કે, અખબારોનાં ઈ-પેપરમાંથી પાનાં ડાઉલોડ કરીને તેમની પીડીએફ ફાઈલ વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપમાં શેર કરવી ગેરકાયદેસર છે. ઈ-પેપર કે તેના હિસ્સા કોપી કરીને સોશિયલ મીડિયા પર ગેરકાયદેસર રીતે શેર કરનાર વ્યક્તિ સામે અખબાર કડક-કાનૂની અને જંગી દંડની કાર્યવાહી કરી શકે છે. કોઈ ગ્રુપમાં આ રીતે અખબારની ઈ-કોપી ગેરકાયદેસર રીતે સરક્યુલેટ થવા બદલ જે તે વોટ્સએપ કે ટેલિગ્રામ ગ્રુપના એડમિન જવાબદાર ઠરશે. આઈએનએસની સલાહ પર અખબાર જૂથ એવી ટેકનિકનો પણ ઉપયોગ કરશે કે જેનાથી અખબારની પીડીએફ ફાઈલ ડાઉનલોડ કરી તેને સોશિયલ મીડિયા પર શેર કરનાર વ્યક્તિની ઓળખ થઈ શકશે. દર અઠવાડિયે નિર્ધારિત સંખ્યાથી વધુ પીડીએફ ડાઉલોડ કરનાર યુઝર્સ બ્લોક પણ થઈ શકે છે.

ભારે દંડની રકમ ગ્રુપ એડમિન પાસે વસુલ કરવા સાથે કાનુની કાર્યવાહી થઈ શકે

An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



ઈન્વેસ્ટમેન્ટ

Pages 74

GAMC No. : 1530/2019-2021 Valid Up to 31st December 2021

₹ 40/-

SMART INVESTMENT

Vol : 21 | Issue No. : 22 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 29th June 2020 to 5th July 2020

Published Place : 311 & 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar 1st Dhal, Ellisbridge, Ahmedabad.

FII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
22-06-20	5467.93	5043.72	424.21
23-06-20	23234.73	23065.77	168.96
24-06-20	8721.09	6954.19	1766.9
25-06-20	5716.86	6767.47	-1050.61
26-06-20	4220.4	4973.58	-753.18
TOTAL	47361.01	46804.73	556.28

DII Activity (Rs. in Cr.)

Date	Buy Value	Sell Value	Net Value
22-06-20	4781.76	6069.45	-1287.69
23-06-20	4753.26	4298.78	454.48
24-06-20	4527.64	6052.54	-1524.9
25-06-20	7786.25	8041.84	-255.59
26-06-20	4763.5	3459.32	1304.18
TOTAL	26612.41	27921.93	-1309.52

D(en)O(f)W(ealth)

After grand success of our Website www.smartinvestment.in & Our Publications, Smart Investment Weekly (Gujarati & English), Smart Plus News Letter & Smart Bonanza (Gujarati Weekly), Smart Investment proudly announces launch of DOW wherein subscribers to this service will be given through SMS/Email Breaking News and Other Buy / Sell Ideas which happen during the week i.e. during the interval of publication of our 2 issues.

Such information will be ahead of our competitors and will enable subscribers to reap rich dividend in short term/few days as well as early entry for LongTerm Wealth creation. Investors interested to subscribe to DOW can provide their Mobile no and email id and make payment of

Rs 5000/- (for 1 year) in favour of **Archi Publications**

Performance of our last Recommendation

Stocks	Reco Date	Reco Price	Recomm.	High After
APOLLO MICRO	4th May 20	70	85-95	120.9
				(Booked profit around Rs.85)
NAVKAR CORP	8th May 20	23.25	27-30	32.8
				(Booked profit around Rs.25.75-26)
EID PARRY	8th May 20	156	175	275
ZEE LEARN	11th May 20	14	17-19	
				Remain Range bound
ADVANCED ENZYMES	15th May 20	160	185-190	Stop loss
GRANULES	19th May 20	164.5	190-200	224
LAURUS LABS	19th May 20	438	490-525	542
TALBROS AUTO	29th May 20	92.5	105	
				Booked around Rs.100
PLASTIBLEND India	1st June 20	160	190-200	Target achieved
Moldtech Techno	3rd June 20	41	55-60	45.50
KALPATARU POWER	5th June 20	218	245	Exit at 215
MOIL	5th June 20	141	165	
				Book profit at 154
TALBROS AUTO	5th June 20	101	120-125	Exit at 100
ALBERT DAVID	5th June 20	525	600-625	
				First kissed 557 and stop loss click later
IBULLS HSG FIN	10th June 20	152.5	175	209.45
MAHESHWARI LOG	10th June 20	188	225	Stop loss
Rain Industries	18th June 20	76	85	82.35
MIDHANI	18th June 20	210	227-235	221

Contact : (M) 9825006980 & 9979330348
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

Bank Details

HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

Market Scan

Jatin Sanghavi
(Mumbai)
(M) 098205 26455
jatinsanghavi100@yahoo.com



નિફ્ટી અને સેન્સેક્સ માટે ૬૧.૮ ટકા રિટ્રેસમેન્ટ લેવલ મહત્ત્વનો અવરોધ

બજારમાં જબરદસ્ત તેજી ખૂબ જ તીવ્ર અને ખૂબ જ ઝડપી જોવા મળી. મંદીના માર્કેટમાં આવી રેલી સ્વાભાવિક રીતે જોવા મળતીહોય છે, જે લોકોના મગજમાં શંકા જગાવે છે કે ખરેખર આ તેજી છે કે મંદી. નિફ્ટી ૨૦૦ સપ્તાહના મુવિંગ એવરેજની ઉપર બંધ આપવામાં સફળ રહ્યો તેમ છતાં વીકલી કેન્ડલસ્ટીક ફોર્મેશન ન્યૂટ્રલ ફોર્મેશન દર્શાવે છે અને વર્તમાન રેલી આગળ વધશે કે કેમ તે અંગે શંકા ઊભી કરે છે. વધુ મહત્ત્વનું એ છે કે બન્ને ઈન્ડેક્સ ગત સપ્તાહે દૈનિક ચાર્ટ પર બેરીશ એન્ગલ્ફિંગ રચીને ૬૧.૮ ટકા રિટ્રેસમેન્ટ લેવલની નજીક આવી ગયા છે. નિફ્ટી માટે આ રિટ્રેસમેન્ટ લેવલ ૧૦૫૫૧ છે. તે દર્શાવે છે કે નિફ્ટી ૧૦૫૫૩ ઉપર બંધ ન આપે તો શોર્ટ ટર્મ રિવર્સલ જોવા મળી શકે છે. નિફ્ટી ૧૦૫૦૦-૧૦,૦૦૦ વચ્ચે કોન્સોલિડેટ થાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

ટેકનિકલ દૃષ્ટિએ બજાર

સેન્સેક્સ ગત સપ્તાહે ૩૪૮૯૨ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૩૫૭૦૬ અને નીચામાં ૩૪૪૯૯ સુધી ગયા બાદ છેલ્લે ૩૫૧૭૧ બંધ રહ્યો હતો. આ રીતે સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૪૪૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો. એ જે રીતે નિફ્ટી ૧૦૩૧૮ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૧૦૫૫૩ અને નીચામાં ૧૦૧૯૪ સુધી ગયા બાદ છેલ્લે ૧૦૩૮૩ ઉપર બંધ રહ્યો હતો. આમ સપ્તાહ દરમિયાન તેમાં ૧૩૯ પોઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો.

દૈનિક ચાર્ટ પર બન્ને ઈન્ડેક્સે બેરીશ એન્ગલ્ફિંગ બુધવારે રચ્યું હતું. તે દર્શાવે છે કે શોર્ટ ટર્મ ટ્રેન્ડ રિવર્સલ જોવા મળી શકે છે. શુક્રવારે બન્ને ઈન્ડેક્સે ડોજી જેવું ફોર્મેશન બનાવ્યું હતું જેમાં સાધારણ એવો પડછાયો હતો. સાપ્તાહિક ચાર્ટ પર બન્ને ઈન્ડેક્સે વ્હાઈટ બોડી સ્પિનિંગ ટોપ રચ્યું છે, જે બેરીશ મૂડ દર્શાવે છે. આમ, દૈનિક અને સાપ્તાહિક ફોર્મેશન બેરીશ એટલે કે નરમાઈનો સંકેત કરે છે.

બજારમાં હવે સેન્સેક્સ અને નિફ્ટીની આગેકૂચ સામે મજબૂત અવરોધરૂપી દીવાલ ઊભી થઈ છે. આ દીવાલ એટલે ૬૧.૮ ટકા

This Weeks Recommendations

Rec.	Name	CMP	SL	TGT-1	TGT-2
Buy	EicherMotors	18473	18123	18998	19531
Buy	Escorts	1017	996	1049	1082
Buy	IPCALab	1700	1662	1757	1817
Buy	EngineersInd	79	76	84	89
Buy	TataPower	46	44	49	53

:::: INDEX LEVELS ::::

	S3	S2	S1	CLOSE	R1	R2	R3
NIFTY	9731	9995	10194	10383	10553	10702	10827
SENSEX	33354	33887	34499	35171	35706	36443	37011

Cont...

રિટ્રેસમેન્ટ લેવલ જે સેન્સેક્સ માટે ૩૫૯૧૮ છે અને નિફ્ટી માટે ૧૦૫૫૧ છે. બન્ને ઈન્ડેક્સ આ લેવલને કૂદાવી જશે તો આગળ બેરીશ ગેપનો મોટો અવરોધ ઊભો છે, જે સેન્સેક્સ માટે ૩૬૯૫૦-૩૭૦૧૧ અને નિફ્ટી માટે ૧૦૭૫૧-૧૦૯૨૭ છે. ઉપરમાં ૨૦૦ દિવસનો મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૭૦૧૦, નિફ્ટી ૧૦૯૦૧) છે, જે તેનાથી પણ મોટો અવરોધ છે.

નજીકનો ટ્રેન્ડલાઈન સપોર્ટ સેન્સેક્સ માટે ૩૩૭૦૨ અને નિફ્ટી માટે ૯૯૦૦ છે. આ સપોર્ટ તૂટશે તો બુલીશ ગેપનો સપોર્ટ મળશે, જે સેન્સેક્સ માટે ૩૨૮૭૬-૩૨૪૮૦ છે અને નિફ્ટી માટે ૯૭૦૬-૯૫૯૮ છે.

બુલીશ આઈલેન્ડ હજી અકબંધ છે જે સેન્સેક્સ માટે ૩૨૩૪૮ અને નિફ્ટી માટે ૯૫૪૪ છે. જો આ બુલીશ આઈલેન્ડ તૂટશે તો નીચામાં સેન્સેક્સ ૨૯૯૬૮ અને નિફ્ટી ૮૮૦૬ સુધી જઈ શકે છે.

બન્ને ઈન્ડેક્સ તેમના ટૂંકા ગાળાના ૨૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૪૧૯૫, નિફ્ટી ૧૦૦૯૭)ની ઉપર બંધ આપવામાં સફળ રહ્યા છે. એ જ રીતે તેઓ મધ્યમ ગાળાના ૫૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૨૫૫૬, નિફ્ટી ૯૫૭૬)ની ઉપર પણ બંધ રહ્યા છે. બન્ને ઈન્ડેક્સ તેમના લાંબા ગાળોના ૨૦૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૩૭૦૧૦, નિફ્ટી ૧૦૯૦૧)ની ઉપર હજી બંધ આપવામાં સફળ નથી રહ્યા. આમ, ટૂંકા અને મધ્યમ ગાળાનો ટ્રેન્ડ તેજી તરફી છે, જ્યારે લાંબાગાળાનો ટ્રેન્ડ હજી પણ મંદીનો છે.

એમએસીડી અને આરઓસી પોઝિટિવ છે અને ખરીદીનો સંકેત કરે છે. આરએસઆઈ ૬૪ થયો છે, જે બુલીશ મોમેન્ટમ દર્શાવે છે. સ્ટોકેસ્ટિક ઓસિલેટર પર્સન્ટેજ કે ૭૭ છે, જે પર્સન્ટેજ ડી કરતાં નીચે છે અને આથી તે વેચવાલીનો સંકેત કરે છે. ડિરેક્શનલ ઈન્ડિકેટર ખરીદીનો સંકેત કરે છે. મની ફ્લો ઈન્ડેક્સ ૪૬ થયો છે, જે દર્શાવે છે કે બજારમાંથી નાણાં પાછા ખેંચાઈ રહ્યા છે. ઓબીવી ખરીદીનો સંકેત કરે છે. બોલિંગર બેન્ડ ખરીદીનો સંકેત કરે છે. આ રીતે મોટાભાગના ઓસિલેટર્સ તેજી તરફી સંકેત કરે છે.

એફ એન્ડ ઓમાં ઓપ્શન્સ ડેટા પરથી માલૂમ પડે છે કે નિફ્ટીમાં ૧૦૫૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ કોલ જોવા મળ્યા છે, જ્યારે ૧૦,૦૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ પુટ જોવા મળ્યા છે. આમ,નિફ્ટી આ ૫૦૦ પોઈન્ટની રેન્જમાં અથડાતો રહેશે તેમ જણાય છે.

BUY.... BUY....BUY

Co. Name	Code	Price
IDBI Bank	500116	39.00
Sakar HC	NSE	53.00
Munjal Auto	520059	53.00
Birla Soft	532400	92.00
BEL	500049	85.00
Engineers India	532178	79.00
Gail	532155	105.00
Jindal Steel	532286	153.00
GSPL	532702	215.00
Just Dial	535648	392.00
Ujjivan	539874	237.00
Glenmark	532296	466.00
BPCL	500547	393.00
Cummins India	500480	410.00
ICICI Pru.	540133	423.00

TIPS OF THE WEEK

Co. Name	Code	Price
Indusind Bank	532187	492.00
Havells India	517304	585.00
Infosys	500209	748.00
MindTree	532819	949.00
Escorts	500495	1017.00
Reliance Ind.	500325	1742.00
L&T	500510	962.00
TCS	532540	2115.00
HUL	500696	2154.00
IPCA	524494	1699.00
Hero Moto	500182	2540.00
Siemens	500550	1115.00
L&T Info	540005	1932.00
Eicher Motors	505200	18464.00
Honeywell Auto	517174	31153.00

REVIEW OF "SMART PLUS NEWS LETTER"

Amazing 26% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 22-6-2020	Weekly High	Ch. (%)
Associated Alcohols	246	251	2.03
Escorts	985	1030	4.57
Godrej Properties	895	911	1.79
HUL	2089	2174	4.07
SBI Life	775	795	2.58
Bajaj Finance	2698	3027	12.19
Britannia	3438	3467	0.84
Laurus Labs.	536	576	7.46
Glenmark	409	519	26.89
HDFC Life	520	538	3.46
ICICI Lombard	1266	1292	2.05
Kaveri Seeds	597	624	4.52
Alkyl Amines	2084	2177	4.46
Bajaj Finserv	5849	6317	8
United Breweries	1019	1051	3.14
Adani Transmission	221	268	21.27
Adani Green	420	463	10.24
Chmabl Fert.	147	149	1.36
Polymedicare	297	308	3.7
Eid Parry	264	276	4.55
UPL	437	463	5.95
Chola Invest	196	206	5.1
Century Tex.	299	324	8.36
Nelco	197	203	3.05

Company	Reccom. 22-6-2020	Weekly High	Ch. (%)
Kotak Bank	1302	1389	6.68
BEML	642	658	2.49
Hero Moto	2372	2559	7.88
NMDC	82	87	6.1
M&M Fin.	164	179	9.15
Biocon	381	404	6.04
Manappurm Fin.	151	158	4.64
Carborundum Uni.	264	268	1.52
Cummins India	392	403	2.81
Rallis India	261	271	3.83
Dollar Ind.	137	143	4.38
STAR Cement	79	87	10.13
Adani Enter	152	161	5.92
orrent Power	320	326	1.88
Future Retail	111	135	21.62
JSW Energy	47	51	8.51
Menon Bearing	33	34	3.03
BEL	80	83	3.75
Tata Power	43	44	2.33
L&T Fin.	67	70	4.48
DCW	12	13	8.33
Federal Bank	51	56	9.8
IDFC First Bank	25	28	12
Equitas	52	55	5.77

ONE PAGER REPORT

Mr. Parthiv Shah
Director Tracom Stock Brokers Pvt. Ltd.
Mobile: 9727751649



Mr. Parthiv Shah, is a Director at Tracom Stock Brokers Pvt. Ltd. He has done his BE and MS and is involved in stock research since last 10 years. He regularly appears on CNBC English, Awaaz and Bajar to discuss his Fundamental views.

Anup Engineering
(CMP: Rs. 384; M.Cap: Rs. 382 Cr)

- અનુપ એન્જિનિયરીંગ સ્ટેટિક પ્રોસેસ ઇક્વિપમેન્ટ, ટેકનોલોજી પ્રોડક્ટ્સ, ડિશ્ડ એન્ડ્સ, એન્જિનિયરીંગ સર્વિસિસ અને ઇન્ડસ્ટ્રીયલ સેન્ટ્રિફ્યુજીસ ક્ષેત્રે લાલભાઇ સમૂહની કંપની છે.
- તે લાંબા સમયથી કેમિકલ્સ, ઓઇલ અને ગેસ, ફર્ટિલાઇઝલ, ફાર્મા વગેરે ક્ષેત્રોની કંપનીઓની જરૂરિયાતોને પૂર્ણ કરી રહી છે. કેટલાંક મોટા ઇપીસી પ્લેયર્સ અનુપ પાસેથી ઉપકરણોની પ્રાપ્તિ કરે છે.
- વર્તમાન સમયમાં મજબૂત ઓર્ડર બુક વૃદ્ધિની સારી તકો દર્શાવે છે
- વાર્ષિક ધોરણે ઓર્ડર બુક ૨૩ ટકા વધી છે
- ઇન્ડસ્ટ્રી મૂજબ ઓર્ડર બુક મિક્સ – ૫૯ ટકા રિફાઇનિંગ, ૧૫ ટકા ફર્ટિલાઇઝર અને બાકીના ૨૬ ટકા એન્જિનિયરીંગ, પાવર, પેપર અને કેમિકલ
- નિકાસ માટેના ઓર્ડર પણ મજબૂત છે. ઓર્ડર બુકમાં નિકાસોનો હિસ્સો ૨૩ ટકા છે.
- અનુપ એન્જિનિયરીંગે આગામી ત્રણ વર્ષમાં રૂ. ૧૭૦ કરોડના મૂડી ખર્ચ શરૂ કર્યો છે
- જાન્યુઆરીમાં તેના ઓઢવ ખાતેના પ્લાન્સમાં હેવી બે એક્સટેન્શનની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઇ છે, જેના પરિણામે કંપનીની ક્ષમતાઓમાં વધારો થયો છે. તેનાથી કંપનીને મોટા અને વધુ કોમ્પલેક્ષ ઇક્વિપમેન્ટ ઓર્ડર્સ હાથ ધરવામાં મદદ મળશે
- ૮૫ ટકા આવકો રિપિટ ઓર્ડર્સમાંથી થાય છે. ઓર્ડરના કદના ૧૫ ટકા એડવાન્સ તરીકે પ્રાપ્ત થાય છે
- કંપનીએ એડવાન્સ્ડ હીટ એક્સચેન્જર્સ માટે ઇટાલિયન કંપની સાથે ટેકનીકલ જોડાણ કર્યું છે
- બોર્ડે શેરદીઠ રૂ. ૭ ડિવિડન્ડની ભલામણ કરી છે
- વર્તમાન પરિસ્થિતિને જોતાં કંપની નાણાકીય વર્ષ ૨૦૨૧માં બે આંકડામાં વૃદ્ધિ નોંધાવી શકે છે
- કંપની આગામી પાંચ વર્ષમાં રૂ. ૧,૦૦૦ કરોડની આવકો પ્રાપ્ત કરવાની અપેક્ષા ધરાવે છે
- કેપેક્સની સમાપ્તિ બાદ ફિક્સ્ડ એસેટ રૂ. ૩૫૦ કરોડ રહેશે, જે સાથે કંપની પૂર્ણ ક્ષમતા સાથે કામ કરીને રૂ. ૧,૦૦૦ કરોડની આવકોની આશા રાખે છે
- ઇબીઆઇટીડીએ માર્જીન હાલના ૨૮ ટકાના સ્તરે જળવાઇ રહેવાની સંભાવના છે
- સ્ટોક નાણાકીય વર્ષ ૨૦૨૦ના ઇપીએસના પીઇને આધારે૮.૬ ગણો ટ્રેડ કરી રહ્યો છે. લાંબાગાળાના રોકાણ માટે ઉત્તમ સ્ટોક ગણી શકાય

Rapid Fire Stocks



Kalpna J (Email- Kjtech79@gmail.com)
(Ring : 97690 37711) Twitter : @Kj_TechTrades

Last Week Performance of Rapid Fire Stocks

TCS 2043 TO 2132, HUL 2092- 2189
COLPAL 1356 TO 1425
PIDILITE 1399 TO 1437 (HOLD FOR 1470+)

Watchlist Stock for the Fortnight

Axis Bank - 426 to 444
Bharti Airtel - 560 - 585
Metropolis Healthcare - 1400 to 1455



HDFC (Buy at CMP 1769)

Targets - 1845 to 1888 , Time Frame - 1 TO 3 Months (Add in Dips)

હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (એચડીએફસી)ની સ્થાપના ૧૭ ઓક્ટોબર, ૧૯૭૭ના રોજ થઈ હતી, જે ભારતમાં પ્રથમ સ્પેશિયલાઈઝ્ડ મોર્ગેજ કંપની હતી. તેના મુખ્ય બિઝનેસમાં ઈન્ડિવિડ્યુઅલ્સ, કોર્પોરેટ અને ડેવલપર્સને હાઉસ, એપાર્ટમેન્ટ્સ અને કમર્શિયલ પ્રોપર્ટીની ખરીદી, બાંધકામ, ડેવલપમેન્ટ અને રિપેર માટે ધિરાણ પ્રદાન કરવું સામેલ છે. એચડીએફસી ભારતમાં અગ્રણી હાઉસિંગ ફાઈનાન્સ કંપની છે. તેણે અત્યાર સુધીમાં ૭૦ લાખથી વધુ ગ્રાહકોના સપનાને સાકાર કર્યા છે તથા ગ્રોસ લોન રૂ. ૪.૬ ટ્રિલિયન થવા પામે છે. કંપનીની પેટા કંપનીઓમાં એચડીએફસી ડેવલપર્સ લિમિટેડ, એચડીએફસી ઈનવેસ્ટમેન્ટ્સ લિમિટેડ, એચડીએફસી હોલ્ડિંગ્સ લિમિટેડ, એચડીએફસી ટ્રસ્ટી કંપની લિમિટેડ, એચડીએફસી રિયાલ્ટી લિમિટેડ, એચડીએફસી પ્રોપર્ટી વેન્ચર્સ લિમિટેડ, એચડીએફસી સેલ્સ પ્રાઈવેટ લિમિટેડ, એચડીએફસી વેન્ચર્સ ટ્રસ્ટી કંપની લિમિટેડ, એચડીએફસી વેન્ચર કેપિટલ લિમિટેડ, એચડીએફસી અર્ગો જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, ગૃહ ફાઈનાન્સ લિમિટેડ, એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ અને એચડીએફસી બેન્ક લિમિટેડ સામેલ છે.

Cont....

SIEMENS

Siemens (Buy at CMP 1116)

Targets - 1148 to 1185,
Time Frame - 1 TO 3 Months (Add in Dips)

સિમેન્સ ઇન્ડિયા વિશ્વની સૌથી મોટી એનર્જી-એફિશિયન્ટ અને રિસોર્સ-સેવિંગ ટેકનોલોજીનું ઉત્પાદન કરતી કંપનીઓ પૈકીની એક છે તથા તે એન્જિનિયરીંગ એક્સલન્સ, ઇનોવેશન અને વિશ્વસનીયતા માટે જાણીતી છે. કંપની ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને એનર્જી સોલ્યુશન્સ, ઓટોમેશન અને સોફ્ટવેર ઉદ્યોગમાં અગ્રેસર છે તથા મેડિકલ ડાયગ્નોસિસમાં લીડર છે. તે બિઝનેસ-ટુ-બિઝનેસ ફાઇનાન્સિયલ સોલ્યુશન્સ, રેલ ઓટોમેશન અને વિન્ડ પાવર સોલ્યુશન્સ પણ પ્રદાન કરે છે. ટેક્સાસના હ્યુસ્ટનમાં મુખ્યાલય ધરાવતી આ ગેસ અને પાવર ઓપરેટિંગ કંપની વિશ્વમાં એકમાત્ર કંપની છે કે જે ઓઇલ અને ગેસ ઉત્પાદન, ઉર્જા ઉત્પાદન અને ટ્રાન્સમીશનમાં સંપૂર્ણ ઇન્ટિગ્રેટેડ પ્રોડક્ટ્સ, સોલ્યુશન્સ અને સર્વિવિસ પ્રદાન કરે છે. સિમેન્સનું સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એનર્જી સિસ્ટમ્સ, બિલ્ડિંગ્સ અને ઇન્ડસ્ટ્રીઝને વિશેષ પ્રકારે જોડે છે. સિમેન્સ ડિજિટલ ઇન્ડસ્ટ્રીઝ ઔદ્યોગિક ઓટોમેશન અને ડિજિટલાઇઝેશનમાં અગ્રેસર છે. તે પાર્ટનર્સ અને ગ્રાહકો સાથે મળીને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ ઉપર કેન્દ્રિત છે.



Jignesh R Mehta
(SEBI Registered Research Analyst)
E-mail : support@kiranjadhav.com
Website : www.KiranJadhav.com
Phone: 9327 11 3344 / 9328 11 33 44
Twitter: @jigneshrmehta



આપણે હજુ પણ ટ્રેડીંગ રેંજમાં જ છીએ !

પૂર્ણ થયેલ સપ્તાહ અને મહિનાનો સારાંશઃ

નિફ્ટી છેલ્લા પાંચમાંથી ચાર સપ્તાહમાં પોઝીટીવ બંધ રહી છે. ગત સપ્તાહ ચોથું સપ્તાહ હતું. સપ્તાહ દરમ્યાન પહેલા ૨ અને છેલ્લા ૨ દિવસ પોઝીટીવ રહ્યા હતા જયારે બુધવારે માર્કેટમાં જોરદાર ઘટાડો જોવાયો હતો. બુધવારે નિફ્ટીએ ટોપથી ૧૬૬ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો હતો. જોકે ગુરુવારે અને શુક્રવારે માર્કેટમાં રીકવરી જોવાઈ હતી. સપ્તાહના અંતે નિફ્ટી ૧.૩૫ ટકા, બેંક નિફ્ટી ૧.૧૯ ટકા વધીને બંધ રહ્યા. મિડકેપ ૧૦૦ અને સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સમાં પણ અનુક્રમે ૨.૮૧ ટકા અને ૨.૮૮ ટકાનો સુધારો જોવાયો. પીએસયુ બેન્કસ ૫.૯૮ ટકા, એફએમસીજી ઈન્ડેક્સ ૩.૬૫ ટકા અને આઈટી ઈન્ડેક્સ સપ્તાહ દરમ્યાન ૩.૪૨ ટકા વધીને બંધ રહ્યા.

નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહઃ

નિફ્ટીનો ડેઈલી ચાર્ટ અહી દર્શાવ્યો છે જેમાં પીળા કલરથી દર્શાવેલ અપસ્લાન્ટીન્ગ લાઈન માર્ચ અને મે મહિનાના નીચા લેવલને જોડીને દોરી છે. આ લાઈન વર્તમાન તેજીને સપોર્ટ પૂરો પાડી રહી છે. હાલમાં આ લાઈન ૯૯૧૦ પાસે છે અને અમારા મતે નિફ્ટી જયાં સુધી આ લેવલ ઉપર છે ત્યાં સુધી તેજીવાળાઓનો હાથ ઉપર રહેશે. આ સિવાય અમે ૨ હોરીઝોન્ટલ લાઈન પણ દર્શાવી છે જે ૧૨ માર્ચ આસપાસ છુટેલ મોટો ગેપ દર્શાવે છે. નિફ્ટીએ ઓલરેડી આ ગેપને ફિલ કરી દીધો છે અને નિફ્ટી આ ગેપને ફિલ કરીને જ નીચે આવી છે. આ બંને લાઈન વચ્ચે નિફ્ટી ટ્રેડ કરી રહી છે એને આપણે બેઇઝ ફોર્મેશન કહી શકીએ. આ બેઇઝ ફોર્મેશન બ્રેક થતા ઝડપી મુવ આવી શકે છે. ભલે આ બ્રેક આઉટ માટે સમય લાગે પણ જયારે પણ આવશે ત્યારે ઉપરની તરફના ઝડપી મુવ જોવાશે. હાલમાં નિફ્ટીમાં ૧૦૫૦૦ પાસે મહત્વનું હર્ડલ છે. સપ્તાહ દરમ્યાન પણ જો નવું ડેવલોપમેન્ટ થશે તો અમે ફ્રેશ ડેટા સાથે અમારી વેબસાઈટ ઉપર માર્કેટ આઉટલુક ડેઈલીમાં તેના વિષે જણાવીશું. માટે દરેક વાંચકમિત્રોને ભલામણ છે કે અમારો ડેઈલી આઉટલુક વ્યૂહ જોવા માટે રોજ સવારે અમારી વેબસાઈટ સવારે ૭ વાગ્યા બાદ લોગીન કરો.



Chart 1: Nifty - Daily

Cont...

બેંક નિફ્ટીનો ટેકનીકલ વ્યૂહ:

બેંક નિફ્ટીનો ચાર્ટ નિફ્ટીના ચાર્ટ કરતા અલગ છે. ચાર્ટમાં દર્શાવેલ બ્લ્યુ હોરીઝોન્ટલ લાઈન બેંક નિફ્ટીમાં મહત્વના રેઝિસ્ટન્સનું કામ કરી રહી છે. બેંક નિફ્ટી આ લાઈનની ઉપર જવાના ૪ વાર નિષ્ફળ પ્રયાસ કરી ચુકી છે. ગત મંગળવારે બેંક નિફ્ટીએ આ લેવલને ક્રોસ કરી લીધું હતું પણ વોલ્યુમ ઓછું હતું અને બાદમાં બુધવારે બેંક નિફ્ટી ફરીથી આ લાઈનની નીચે આવી ગઈ. હવે બેંક નિફ્ટીમાં ૨૨૫૦૦ પાસે રેઝિસ્ટન્સ રહેશે. જો બેંક નિફ્ટી ૨૨૫૦૦ ઉપર વોલ્યુમ સાથે ટ્રેડ કરશે તો બ્રેકઆઉટ ક્લીયર થશે જ્યારે નીચામાં ૨૦૬૫૦ પાસે મહત્વનો સપોર્ટ રહેશે. આ વ્યૂહમાં કોઈ બદલાવ આવશે તો અમે અમારી વેબસાઈટ ઉપર ડેઈલી માર્કેટ આઉટલુકમાં અપડેટ કરીશું.



Chart 2: Bank Nifty - Daily

ડેરિવેટિવ્ઝ ડેટા:

વીકલી અને મંથલી એક્સપાયરીમાં કોલમાં ૧૦૫૦૦ની સ્ટ્રાઈક ઉપર સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ છે માટે ૧૦૫૦૦ હવે મહત્વનું હર્ડલ રહેશે. જ્યારે નીચામાં પુટમાં સૌથી વધારે ઓપન ઈન્ટરેસ્ટ ૧૦૦૦૦ અને ૧૦૩૦૦ના મથાળે છે માટે નિફ્ટીમાં ૧૦૩૦૦ અને ૧૦૦૦૦ મહત્વના સપોર્ટ રહેશે. પણ પુટ કરતા કોલમાં વધારે ઓપન ઈન્ટરેસ્ટ હોવાથી નિફ્ટીમાં સપોર્ટ કરતા રેઝિસ્ટન્સ વધારે મજબુત કહી શકાય.

Nifty Supprot: 10300 / 10000
Nifty Resistance: 10500

ફોરેક્સ

યુએસડી આઈએનઆરમાં હવે ૭૬ પાસે હર્ડલ રહેશે જયારે ૭૫.૭૫ બ્રેક થતા ૭૫.૫નું લેવલ જોવાઈ શકે છે.

ક્રુડ

ક્રુડમાં હજુ ૨૬૦૦ મહત્વનો સપોર્ટ રહેશે. જ્યારે ૩૧૦૦ પાસે હર્ડલ રહેશે.

Authro:
JIGNESH R MEHTA
SEBI Registered Research Analyst
www.kiranjadhav.com
info@kiranjadhav.com
Phone: 9327 11 33 44 / 9328 11 33 44

બજાર કયા માર્ગે ?

Dilip K. Shah

અફડા-તફડીના માહોલમાં સતત બીજા સપ્તાહે ભારતીય શેરબજારો પોઝીટીવ બનતા સેન્સેક્સ ૩૫૦૦૦, નિફ્ટી ૧૦૪૦૦ની સપાટીઓ કુદાવી

કોરોનાનો કહેર, S&P નું આઉટલુક, ચીન-ભારત સરહદે તંગદીલીને ડિસ્કાઉન્ટ કરી જુલાઈ કોન્ટ્રાક્ટનો પ્રારંભ મક્કમ રહ્યો

સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૪૩૯ પોઈન્ટ ઉછળીને ૩૫૧૭૧ અને નિફ્ટી ૧૩૮ પોઈન્ટ ઉછળી ૧૦૩૮૩ના લેવલે

US-યુરોપ ટ્રેડ ટેન્શન, IMF દ્વારા વર્લ્ડ ઈકોનોમી ડાઉનગ્રેડ, Covid-19 ના વધતા કેસોથી ગ્લોબલ માર્કેટ સાવચેત

સપ્તાહના અંતે શુક્રવારે ડાઉમાં ૭૭૦ પોઈન્ટના કડાકા સાથે US માર્કેટ નરમ જ્યારે યુરોપ અને એશિયન માર્કેટ મિશ્ર

સેક્ટોરલ ઈન્ડેક્સમાં રિયલ્ટી, હેલ્થકેર અને એફએમસીજીને બાદ કરતાં તમામ સેક્ટરના આંકમાં ઉછાળો

યુ.એસ.માં પ્રિ-ઈલેક્શન પોલમાં ટ્રમ્પના નબળા દેખાવે Accentureના Q3 ના મજબુત પરિણામોથી IT શેરો ચમક્યા

જાપાનનો જુન મહિનાનો ફેક્ટરી એક્ટિવિટી આંક ૧૧ વર્ષના તળિયે સ્પર્શ્યો

IMDના મતે ચોમાસાનું દેશના સંપૂર્ણ હિસ્સામાં આગમન તેમજ વરસાદ નિયમત સમય કરતા વહેલો

આગામી સપ્તાહે બજારની નજર ૧૮૦૦ થી વધુ કંપનીઓના ક્વાર્ટર-૪ ના રિઝલ્ટ અને ૧ જુલાઈએ ઓટો-સિમેન્ટ ડેટા પર રહેશે

બજારનું વલણ સપ્તાહ દરમ્યાન વોલેટાઈલ રહેવા સાથે રિઝલ્ટ રિલેટેડ, સ્ટોક સ્પેસિફીક એક્શન જોવાય

US માર્કેટમાં ડાઉજોન્સ અને નાસ્ડેકમાં જોરદાર કડાકાને પગલે સોમવારે ભારતીય બજારોનું નેગેટિવ - એપ ડાઉન ઓપનીંગ થાય તેવી સંભાવના

કોરોના વાઈરસનો કહેર વિશ્વભરમાં તેમજ ભારતમાં વધતા જતાં સંક્રમિત કેસો, ભારત - ચીન સરહદે પ્રર્વતી રહેલ તંગદીલી તેમજ ભારત - પાકિસ્તાન સરહદે પાકિસ્તાનની નાપાક હરકતો, ગ્લોબલ માર્કેટમાં પ્રર્વતી રહેલ નરમાઈ વિગેરે કારણો વચ્ચે ભારતીય શેરબજાર તેજીની આગેકુચ જારી રાખતા સેન્સેક્સે ૩૫,૦૦૦ અને નિફ્ટીએ ૧૦,૪૦૦ની સપાટી સ્પર્શી હતી. જો કે, શુક્રવારે ભારતીય શેરબજારોમાં જોવાયેલ ઉછાળો નારાયણ મૂર્તિના મતે ઈન્ડસ્ટ્રીઝ ઝડપથી રિકવરી થશે તેવા અહેવાલ તેમજ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રિ-ઈલેક્શન પોલમાં પાછળ રહ્યાના અહેવાલોએ આઈ.ટી. ક્ષેત્રના ટીસીએસ અને ઈન્ફોસીસની આગેવાની હેઠળ શેરબજારમાં તેજીએ જોર પકડ્યું હતું.

જો કે, સપ્તાહ દરમ્યાન માર્કેટનું વલણ એકંદરે વોલેટાઈલ રહેવા સાથે સતત બીજું સપ્તાહ પોઝીટીવ રહ્યું તે મહત્વની બાબત કહી શકાય. ભારતમાં કોવિડ-૧૯ના વધતા જતા કેસો સાથે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ દ્વારા ભારતનું અર્થતંત્ર મુશ્કેલીમાં સપડાઈ જવાના અને ચાલુ નાણાંકીય વર્ષમાં GDP પાંચ ટકા સુધી ઘટાડાના અંદાજને કારણે એક તબક્કે મંદીવાળાઓ તેજીવાળા પર હાવી બન્યા હતા પરંતુ ભારતીય શેરબજારોમાં જુલાઈ કોન્ટ્રાક્ટનો પ્રારંભ મક્કમ વાતાવરણ વચ્ચે થતાં જુલાઈ મહિનામાં ગેમ તેજીવાળાના હાથમાં રહેવાની શકયતા જોવાઈ રહી છે.

ગત સપ્તાહે સોમવારે ૧૭૯.૫૯ પોઈન્ટના સુધારાથી આરંભ થયા બાદ મંગળવારે ૫૧૯.૧૧ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો જો કે ત્યારબાદ બુધવારે ૫૬૧.૦૫ પોઈન્ટના ગાબડાથી મંગળવારનો સુધારો ધોવાઈ જવા પામ્યો હતો અને ગુરૂવારે ૨૬.૮૮ પોઈન્ટના ઘટાડા સાથે નકારાત્મક વલણની આગેકુચ જારી રહી હતી પરંતુ શુક્રવારે ટ્રમ્પની ખુરશી ઈલેક્શનમાં જોખમમાં હોવાના સંકેતે સતત કરેક્શન રહેલ I.T. શેરોમાં Infosys અને TCSની આગેવાનીએ સેન્ટિમેન્ટમાં પલટો લાવી દીધો હતો. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૪૩૯.૫૪ પોઈન્ટ વધીને ૩૫૧૭૧.૨૭ ના લેવલે અને નિફ્ટી ૧૩૮.૬ પોઈન્ટ વધીને ૧૦૩૮૩ ના લેવલે બંધ રહી હતી. ભારતીય આઈ.ટી. સ્ટોક્સમાં આકર્ષણ જોવાયું હતું.

વિતેલ સપ્તાહે વૈશ્વિક શેરબજારોનું વલણ સાવચેતીભર્યું રહ્યું હતું. અમેરિકા તેમજ યુરોપમાં કોરોના વાઈરસના વધતા જતા કેસો તેમજ યુ.એસ. અને યુરોપ વચ્ચે નવું ટ્રેડ ટેન્શન ઉભુ થતા તેની પણ અસર વર્તાઈ હતી. International Monetary Fund (IMF) એ તાજેતરમાં ગ્લોબલ ઈકોનોમીને ડાઉનગ્રેડ કરતા ઈન્વેસ્ટરોનો વિશ્વાસ ડગમગી જવા પામ્યો હતો. U.S. માં Covid-19

Cont...

ના સંક્રમિત કેસોની સંખ્યામાં ભારે વૃધ્ધિ થતા ત્યાં ઝડપી ઈકોનોમીક રીકવરી અંગે વિશ્વાસનો અભાવ વર્તાઈ રહ્યો છે. આ સાથે જાપાન જુન મહિનામાં ફેક્ટરી એક્ટિવિટી ૧૧ વર્ષના તળિયે સ્પર્શી જતા ત્યાંના મેન્યુફેકચરીંગ તેમજ સર્વિસ સેકટર્સને પણ આંચકો લાગ્યો હતો.

સપ્તાહના અંતે શુક્રવારે વૈશ્વિક શેરબજારોનું વલણ એકંદરે મિશ્ર રહ્યું હતું. જો કે, U.S. માર્કેટમાં ડાઉજોન્સમાં ૭૩૦ અને NASDAQ માં ૨૫૯.૭૮ પોઈન્ટનો જોરદાર કડાકો બોલી જવા પામ્યો હતો. યુરોપના માર્કેટમાં કેકમાં ૮.૯૪ અને ડેક્સમાં ૮૮.૪૮ પોઈન્ટ ઘટ્યા હતા જ્યારે FTSE માં ૧૨.૧૬ પોઈન્ટ વધ્યા હતા.

એશિયન બજારોમાં Hang Seng માં ૩૩૧ પોઈન્ટ ઘટ્યા હતા જ્યારે Nikkei માં ૨૫૨, Taiwan માં ૪૮ પોઈન્ટ, Jakarta માં ૭ પોઈન્ટ અને શાંઘાઈમાં ૮ પોઈન્ટ વધ્યા હતા. આમ યુ.એસ.માં મંદી અને એશિયા યુરોપના માર્કેટમાં મિશ્ર વલણ જોવાયું હતું.

સેકટોરલ આંકને ધ્યાનમાં લેવામાં આવે તો, Realty, Healthcare, FMCG ને બાદ કરતા તમામ સેક્ટરમાં વૃધ્ધિ જોવા મળી હતી. Energy માં ૧.૮ ટકા, Infraમાં ૦.૬ ટકા, Manufacturing માં ૦.૮ ટકા, PSUમાં ૧.૪ ટકા, ખાનગી બેન્ક ૦.૯ ટકા, I.T. માં ૫.૧ ટકા, Utilities માં ૧.૧ ટકા, Capital Goods માં ૦.૯ ટકા વધ્યા હતા જ્યારે Realty ૧.૧ ટકા, FMCG ૧.૨ ટકા અને Healthcare ૦.૫ ટકા ઘટ્યા હતા.

હાલમાં બ્રેન્ટ ક્રુડનો ભાવ ઉછળીને બેરલદીઠ ૪૧ ડોલરની સપાટીને વટાવી ગયો છે. ડોલર સામે રૂપિયો ૭૫.૬૫ ના લેવલે છે. હાલમાં ક્વાર્ટર-૪ ના પરિણામોની સિઝન પુરબહારમાં ચાલી રહી છે. આગામી સપ્તાહે લગભગ ૨૦૦૦ કંપનીઓના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર થઈ રહ્યા છે. આ ઉપરાંત ૧ જુલાઈ બુધવારના રોજ ઓટો તેમજ સિમેન્ટના જુન મહિનાના જાહેર થનારા આંકડા તેમજ કેટલાક મેક્રો ઈકોનોમિક ડેટા બજારના રડાર પર જોવાશે. ચાલુ વર્ષે ચોમાસાની પ્રગતિ એકંદરે સમયસર તેમજ સારી રહી છે એટલુ જ નહીં, આઈએમડીના મતે આ વર્ષે વરસાદ દેશના તમામ હિસ્સામાં વરસી ચુક્યો છે અને તે પણ બે સપ્તાહ વહેલો છે.

આ સંજોગોમાં આગામી સપ્તાહે માર્કેટનું વલણ વોલેટાઈલ રહેવા સાથે રીઝલ્ટ રીલેટેડ સ્ટોક્સમાં સ્ટોક સ્પેસીફીક એક્શન જોવાય. યુ.એસ. માર્કેટના હાલના સૂચકાંકોને ધ્યાનમાં લેતા સોમવારે ભારતીય શેરબજારોમાં નેગેટિવ - ગેપ ડાઉન ઓપનીંગની શકયતા નકારી શકાય નહી.

***

બજાર બહારની વાત Dilip K. Shah <1>

૨૦૨૦-૨૧ માં GDP વૃધ્ધિ -4.5% રહેવાનો અંદાજ : IMF

IMFએ ૨૦૨૦-'૨૧માં ભારતીય અર્થતંત્રમાં અગાઉના અંદાજ કરતાં વધુ ઘટાડાની શક્યતા દર્શાવી છે. લાંબા લોકડાઉન અને ધારણા કરતાં ધીમી રિકવરીને પગલે IMFએ ચાલુ નાણાકીય વર્ષમાં GDP ૪.૫ ટકા ઘટવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક (WEO)માં IMFએ ૨૦૨૦માં વૈશ્વિક વૃદ્ધિ -૪.૯ ટકા રહેવાની આગાહી કરી છે, જે એપ્રિલ ૨૦૨૦ના અંદાજ કરતાં ૧.૯ ટકા ઓછી છે. ઉલ્લેખનીય છે કે,એપ્રિલમાં IMFએ ભારતની વૃદ્ધિ ૧.૯ ટકા રહેવાનો અને વૈશ્વિક વૃદ્ધિ ૩ ટકા ઘટવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

IMFના જણાવ્યા અનુસાર "કોવિડ-૧૯ મહામારીની ૨૦૨૦ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા પર અંદાજ કરતાં વધુ નકારાત્મક અસર થઈ છે. ઉપરાંત, રિકવરી અગાઉના અંદાજથી ધીમી રહેવાની ધારણા છે." IMFએ જણાવ્યું હતું કે, હાલની આગાહીમાં સામાન્ય કરતાં વધુ અનિશ્ચિતતા છે અને તેમાં ઘટાડાનું જોખમ ઘણું વધારે છે.

IMFએ જણાવ્યું હતું કે, "ભારતીય અર્થતંત્ર લાંબા લોકડાઉન અને એપ્રિલમાં ધારણા કરતાં નીચી રિકવરીને કારણે ૪.૫ ટકાનો ઘટાડો દર્શાવે તેવી શક્યતા છે." તાજેતરની સમીક્ષાને કારણે IMFએ ૨૦૨૧-'૨૨માં અર્થતંત્રમાં પ્રત્યાઘાતી ઉછાળાનું પ્રમાણ ઘટાડ્યું છે. એપ્રિલમાં તેણે ૨૦૨૧-'૨૨માં વૃદ્ધિ ૭.૪ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો, જે ઘટાડી ૬ ટકા કરવામાં આવ્યો છે.

૨૦૨૧માં વૈશ્વિક વૃદ્ધિ ૫.૪ ટકા રહેવાનો અંદાજ છે, જે એપ્રિલના ૫.૮ ટકાના અંદાજ કરતાં સહેજ નીચી છે. IMFના જણાવ્યા અનુસાર "કોવિડ-૧૯ પહેલાં જાન્યુઆરી ૨૦૨૦માં જાહેર કરેલા વૃદ્ધિના અંદાજ કરતાં હવે એકંદરે ૨૦૨૧માં GDP ૬ ટકા નીચો રહેશે." ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે મે અને જૂનમાં રિકવરીના પ્રારંભિક સંકેત (ગ્રીન શૂટ્સ) મળ્યા હોવાનું જણાવ્યું હતું.

ફિચ રેટિંગ્સે SBI સહિત ૯ બેન્કોનું આઉટલુક નેગેટીવ કર્યું ખાનગી બેન્કો ICICI બેન્ક અને Axis Bankનો પણ સમાવેશ

ફિચ રેટિંગ્સે દેશની સૌથી મોટી બેન્ક એસબીઆઈ સહિત નવ બેન્કોનું આઉટલુક ઘટાડીને નેગેટિવ કર્યું છે તેમાં આઈસીઆઈસીઆઈ બેન્ક અને એક્સિસ બેન્ક જેવી ખાનગી બેન્કોનો પણ સમાવેશ થાય છે. અગાઉ ફિચે ભારતનું સોવરેન રેટિંગ આઉટલુક ઘટાડી દીધું હતું. રેટિંગ એજન્સીએ એક્સપોર્ટ ઈમ્પોર્ટ બેન્ક (એક્ઝિમ બેન્ક), એસબીઆઈ, બેન્ક ઓફ બરોડા (ન્યુઝીલેન્ડ), બેન્ક ઓફ ઈન્ડિયા, કેનેરા બેન્ક, પંજાબ નેશનલ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, એક્સિસ બેન્કનું આઉટલુક ઘટાડ્યું હતું. જો કે, આ બેન્કોનું રેટિંગ જાળવી રાખ્યું હતું. આ સાથે જ તેણે આઈડીબીઆઈ બેન્કનું રેટિંગ જાળવી રાખ્યું હતું અને તેનું આઉટલુક નેગેટિવ જાળવી રાખ્યું હતું. ફિચ રેટિંગ્સે ૧૮ જુને ભારતનું સોવરેન આઉટલુક સ્થિરમાંથી નેગેટિવ કરી દીધું હતું. કોરોના અને લોકડાઉનને કારણે તેણે આમ કર્યું હતું.

૨૮ ઓગસ્ટથી... Ujjivan, Century Tex., Equitas એ F&Oમાંથી બહાર

અગ્રણી શેરબજારો એનએસઈ અને બીએસઈએ ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસીસ, ઈક્વિટાસ હોલ્ડિંગ અને સેન્ચુરી ટેક્ષટાઈલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં ૨૮ ઓગસ્ટથી ફયુચર એન્ડ ઓપ્શન ટ્રેડિંગ બંધ કરવાનો નિર્ણય કર્યો છે આ હિલચાલથી શેરમાં એક જ દિવસમાં જંગી વધઘટથી રોકાણકારોને રક્ષણ મળવાની ધારણા છે. ડેરીવેટીઝ માર્કેટ અથવા એફ એન્ડ ઓ સેગ્મેન્ટ ભવિષ્યમાં ભાવ શો રહેશે તેનો સંકેત આપે છે આવા શેરોમાં પ્રાઈસ બેન્ડ કે સર્કિટ ફિલ્ટર લાગુ પડતા નથી. હાલમાં એફ એન્ડ ઓ સેગ્મેન્ટમાં આશરે ૨૦૦ સ્ટોક છે ગયા વર્ષના ફેબ્રુઆરીમાં સેબીએ ભાવમાં જંગી વધઘટને અંકુશમાં લેવા માટે વિવિધ પગલાંની ભલામણ કરી હતી. સેબીએ એફ એન્ડ ઓ સેગ્મેન્ટમાં ભાગ હોય તેવા તમામ શેરોમાં ૨૦ ટકા સુધીની મ હત્તમ દૈનિક મર્યાદા લાગુ કરવાની દરખાસ્ત કરી હતી

બજાર બહારની વાત Dilip K. Shah <2>

ભારતનું શેરબજાર વિશ્વના હરીફ બજારોમાં સૌથી મોઘું

નિફ્ટીમાં છેલ્લાં ૩ મહિનામાં ૩૫ ટકા ઉછાળો

નિફ્ટી ૫૦ ના પીઈ ૨૨.૬ છે

છેલ્લાં કેટલાંક સપ્તાહમાં મજબુત તેજીને પગલે ભારતનું શેરબજાર વિશ્વના હરીફ બજારોમાં સૌથી મોઘું બન્યું છે. એનએસઈનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી-૫૦ હાલમાં ૨૨.૬ ના પ્રાઈસ ટુ અર્નિંગ રેશિયોએ ટ્રેડ થાય છે. જે સાઉદ કોરિયાને બાદ કરતાં વિશ્વના ટોચના બજારોમાં સૌથી ઊંચો છે.

આ ઉપરાંત એક વર્ષનો ફોરવર્ડ પીઈ ૧૯ નો છે. જે ૧૫ વર્ષના સરેરાશ કરતાં ૨૫ ટકા પ્રિમિયમ છે અને તે ફેબ્રુઆરી ૧૮.૨ ના પીઈ કરતાં ઊંચો છે. છેલ્લાં ત્રણ મહિનામાં નિફ્ટીમાં ૩૫.૨ ટકા ઉછાળો આવ્યો છે. બ્લુમબર્ગના ડેટા અનુસાર નિફ્ટીનો આ દેખાવ વિશ્વના ટોચના સૂચકાંકોમાં સૌથી સારો છે. ભારતનું કુલ માર્કેટ કેપ છેલ્લાં ત્રણ મહિનામાં ૫૩૦ અબજ વધીને ૧.૮ ટ્રિલિયન ડોલર થયું છે. અમેરિકા, જાપાન, જર્મની અને ફ્રાન્સ સહિતનાં બીજા અગ્રણી બજારોના સૂચકાંકોમાં આ સમયગાળામાં અનુક્રમે ૨૮ ટકા, ૨૫ ટકા, ૨૯ ટકા અને ૧૮ ટકાનો વધારો થયો છે.

વિશ્વના અગ્રણી બજારો સાથે તુલના

Index	Country	Last 3 Month Return (%)
Nifty	India	35.18
Dax	Germany	29.10
S&P 500	US	27.95
Nikkei	Japan	24.77
S&P/TSX	Canada	23.81
CAC	France	18.27
FTSE	UK	16.05
CSI-300	China	13.89
Hang Seng	Hong Kong	9.96

ભારતીય શેરબજાર અંડરવેલ્યુડ છે કે ઓવરવેલ્યુડ ?

માર્કેટ ટુ GDP રેશિયો ૧૦ વર્ષની નીચી સપાટીએ ઉતરી આવ્યો

આ રેશિયો ૨૦૦૪માં ઘટીને ૪૨ ટકા અને ડિસે. ૨૦૦૭માં વધીને ૧૪૯ ટકાએ પહોંચ્યો હતો

હાલ માર્કેટ કેપ ટુ જીડીપી રેશિયો ૨૦૧૯ના નાણાંકીય વર્ષની ૭૯ ટકાની સપાટીથી ઘટીને ૨૦૨૦ના નાણાંકીય વર્ષમાં ૫૬ ટકા ઉતરી આવ્યો છે. જે ૭૫ ટકાની લોંગ ટર્મ એવરેજ કરતાં પણ ઘણો નીચો છે.

આ રેશઈયો વોરેન બફેટ ઈન્ડીકેટર તરીકે પણ ઓળખાય છે જે દેશના કુલ ઉત્પાદન સામે તમામ શેરોના મુલ્યને પ્રદર્શિત કરે છે. આ રેશિયો ૧૦૦ ટકાથી ઉપર હોય તો માર્કેટ ઓવરવેલ્યુડ છે તેમ દર્શાવે છે અને જો ૫૦ ટકા આસપાસ હોય તો તે અંડરવેલ્યુડ દર્શાવે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, માર્કેટ કેપ ટુ જીડીપી રેશિયો છેલ્લાં બે દાયકા પહેલાં ૨૦૦૪ના નાણાંકીય વર્ષમાં ૪૨ ટકાની સપાટીએ હતો. જ્યારે ૨૦૦૩ થી ૨૦૦૮ના બુલ રન દરમ્યાન ડિસેમ્બર ૨૦૦૭માં તે વધીને ૧૪૯ ટકાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો.

હાલના રેશિયોના આંકડા એવું પ્રદર્શિત કરે છે કે, ભારતીય શેરબજાર નીચા મથાળે ટ્રેડિંગ કરી રહ્યું છે. જો કે, બજારના કેટલાક નિષ્ણાતો એવું માને છે કે, આ રેશિયો અર્થતંત્ર સાચુ ચિત્ર રજુ કરતો નથી. હાલ માર્કેટ કેપ ટુ જીડીપી રેશિયો ઘટ્યો છે પરંતુ તેમાં સામાન્ય ઘટાડો થયો છે.

www. smartchat.com Hitesh Surti

જૂનમાં ભારે નેગેટિવ ન્યૂઝ ફ્લો, પણ બજારમાં હાથીની ચાલ

Liquidity must be respected, but cannot be trusted

ગ્રામીણ વિસ્તારો કોરોના અને મંદી બન્નેથી ઓછા અસરગ્રસ્ત, ચોમાસું પણ સારું છે

અમેરિકાના સૈનિકો એશિયામાં તહેનાત કરવાનો શું સંકેત ? ચીન સાથે મિનિ યુદ્ધ ?

ચીન મામલે જનતા સરકારને અને સરકાર જનતાને માપી રહી છે

કે.પી બજારમાં આગઝરતી તેજી ગત સપ્તાહે પણ આગળ ધપી હતી. સેન્સેક્સ ત્રણ મહિના પછી ૩૫,૦૦૦ને પાર થઈ ગયો અને નિફ્ટી ઈન્ડેક્સ પણ ૧૦,૪૦૦ની નજીક પહોંચી ગયો.

નેમચંદ બજારમાં લિક્વિડિટી આધારીત તેજી જોવા મળી રહી છે. નિષ્ણાતોને પણ આશ્ચર્ય છે કે મંદી હવે પૂરી થઈ કે પછી મંદીના તબક્કામાં જ આ રેલી છે તે સમજાતું નથી.

માલપાની વાત સાચી. ભારત જ નહીં, અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોના શેરબજારમાં અત્યારે આ જ સ્થિતિ અને **અસમંજસ** છે. અમેરિકામાં પણ બજાર નવી ટોચ બનાવી રહ્યું છે.

કે.પી લિક્વિડિટી બજારને ફન્ડામેન્ટલ કરતાં ઘણું આગળ લઈ જઈ રહી છે. મતલબ કે વાસ્તવિકતાથી દૂર લઈ જઈ રહી છે.

નેમચંદ એક નિષ્ણાત કહે છે કે **લિક્વિડિટી મસ્ટ બી રિસ્પેક્ટેડ, બટ કેન નોટ બી ટ્રસ્ટેડ.**

માલપાની ત્રણ મહિનામાં ૩૦થી વધુ શેરમાં રોકાણકારાના એકના ડબલ થઈ ગયા છે.

કે.પી બીએસઈ ૫૦૦ પૈકી ૯૫ ટકા સ્ટોક્સમાં છેલ્લાં ત્રણ મહિનામાં પોઝિટિવ રિટર્ન મળ્યું છે.

નેમચંદ માર્ચમાં બજારે મોટાભાગના લોકોને રડાવ્યા હતા. આ પૈકી કેટલા અત્યારે હસે છે તેનો સર્વે કરવો પડશે.

માલપાની વાત સાચી. મોટાભાગે ઓપરેટરો અને ટ્રેડર્સ જ હસતા હશે, બાકી રિટેલ રોકાણકારો પૈકી બહુ ઓછા લોકો હશે જેમણે એકના ડબલ કર્યા હશે.

કે.પી જે ખરા અર્થમાં રોકાણકાર છે તે લોકો પણ હસતા હશે. કારણ કે આવા લોકોને ખબર છે કે ગામ વેચવા નીકળે ત્યારે આપણે ખરીદવાનું છે અને ગામ શેર ખરીદવા માટે ગાંડુ થાય ત્યારે આપણે નીકળી જવાનું છે.

નેમચંદ વાત સાચી. માર્ચમાં જ્યારે ગભરાટ હતો ત્યારે સારા સ્ટોક્સ ખરીદનારા ઈન્ટેલિજન્ટ ઈન્વેસ્ટર્સ અત્યારે ઘણાં ખુશ હશે.

માલપાની બજારની આ જ તો મજા છે.

કે.પી અરે ભાઈ, પણ આ રેલી ક્યારે અટકશે તે સમજાતું નથી.

નેમચંદ જૂનમાં ખાસ્સો નેગેટિવ ન્યૂઝ ફ્લો અવિરત રહ્યો. ચીનનું છમકલું, પાકિસ્તાનની નાપાક હરકતો, કોરોનાના સતત વધતા કેસ, લોકડાઉન અને છેલ્લે સૂર્યગ્રહણ પણ આવી ગયું. છતાં બજાર હાથીની ચાલે આગળ ધપી ગયું.

Cont...

માલપાની આ દરમિયાન ચોમાસાના સારા સમાચાર ચારે તરફ વ્યાપી ગયા. ચોમાસું આ વખતે સારું છે. અર્થતંત્ર માટે પણ તે બહુ સારી વાત છે.

કે.પી આપણું ગ્રામીણ અર્થતંત્ર કોરોનાથી પણ સલામત રહ્યું છે અને હવે ચોમાસું સારું રહેવાથી આર્થિક રિકવરી પણ ગ્રામીણ વિસ્તારોમાંથી જ જોવા મળશે.

નેમચંદ આ સાંભળ્યું છે કે ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યન અમેરિકાથી હવે સીધા ભારતમાં અશોક યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર બની રહ્યા છે.

માલપાની ભાઈ, કોંગ્રેસ અને મનમોહન સિંઘે અશોક યુનિવર્સિટીની સ્થાપના જ આ બધા અ(ન)ર્થશાસ્ત્રીઓને સેટ કરવા માટે કરી છે. મનમોહનસિંઘની દિકરીઓને પણ તેમાં નોકરી, અમર્ત્યસેનને પણ તેમાં નોકરી. હવે આ ભાઈ પણ વૃદ્ધાવસ્થામાં સારી એવી કમાણી કરશે.

કે.પી આ દેશમાં અર્થતંત્રને ઊંચું લાવવા માટે આપણા ગામડાંમાં રહેલા અથવા તો ગામડાંને સમજે તેવા લોકોની જરૂર છે, **હાર્વર્ડ અને ઓક્સફર્ડવાળાઓની આ દેશને કોઈ જરૂર નથી.**

નેમચંદ પણ, આ પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળે છે તેનું શું ?

માલપાની સરકારની ટેક્સની આવક ખાસ્સી ઘટી છે. કોરોનાને કારણે બધાને અસર થઈ છે ત્યારે સરકારને પણ અસર થાય તે સ્વાભાવિક છે. હવે બધાએ થોડું-થોડું યોગદાન તો આપવું જ પડશે. નાના અને મધ્યમ વર્ગે આ રીતે પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારા દ્વારા યોગદાન કરવું પડશે.

કે.પી **અત્યારે વેપારીઓ પણ ફસાયા છે, તેમની પાસેથી પણ કડક હાથે ટેક્સની વસૂલાત થાય તેમ નથી.**

નેમચંદ એફઆઈઆઈએ ગત પાંચ સેશનમાં રૂ.૫૫૭ કરોડની નેટ ખરીદી કરી છે.

માલપાની એફઆઈઆઈએ પ્રથમ ત્રણ દિવસમાં રૂ.૨૩૬૦ કરોડની નેટ ખરીદી કરી, પણ ગુરુ-શુક્રમાં રૂ.૧૮૦૩ કરોડની નેટ વેચવાલી કરી નાખી.

કે.પી ડીઆઈઆઈએ પાંચ સેશનમાં રૂ.૧૩૦૯ કરોડની નેટ વેચવાલી કરી છે.

નેમચંદ આગામી સપ્તાહમાં આ આંકડા કરતાં ચીન-ભારત સંબંધો અને વૈશ્વિક રાજનીતિ પર વધારે નજર રાખવી પડશે.

માલપાની અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પીઓએ મહત્ત્વનું નિવેદન કર્યું છે કે યુરોપમાંથી અમેરિકાના સૈનિકોની સંખ્યા ઓછી થઈ તેનો અર્થ એ છે કે તેમને એશિયા ખંડમાં ગોઠવવામાં આવ્યા છે. ચીન ભારત અને તાઈવાન સહિતના દેશો માટે જોખમ ઊભું કરી રહ્યું છે, અમેરિકાને તેની ખબર છે.

કે.પી મતલબ યુદ્ધના વાદળો ઘેરાઈ રહ્યા છે ?

નેમચંદ કુછ ભી હો સકતા હૈ. મિનિ યુદ્ધ થવાની શક્યતા નકારી ન શકાય. ચીન કંઈ સીધું રહેવાનું નથી.

માલપાની વાત સાચી. જ્યાં લોકતંત્ર જ ન હોય તેમના પર ભરોસો પણ કઈ રીતે મૂકવો.

કે.પી આ વિશ્વ શક્તિશાળી લોકોને જ સાંભળે છે, નબળાને દબાવે છે. આપણે શું છીએ તે આપણે બતાવવાનું છે. જોઈએ હવે આપણી નેતાગીરી શું કરે છે.

નેમચંદ **પણ જનતામાં ભારે રોષ છે. ચીનની વસ્તુઓનો બહિષ્કાર જોરશોરથી થઈ રહ્યો છે.**

માલપાની સરકાર પણ આ જ રીતે જનતાને માપી રહી છે. જનતામાં દેશના વીરગતિ પામેલા જવાનો પ્રત્યે કેટલી સંવેદના છે તેના આધારે જ સરકાર નિર્ણયો લેતી હોય છે.

કે.પી બજાર સતત બે સપ્તાહથી વધી રહ્યું છે તે જોતા હવે તેમાં કરેક્શન આવી શકે છે. કારણ સ્થાનિક કે વૈશ્વિક ગમે તે હોઈ શકે છે.

નેમચંદ જૂનના ક્વાર્ટરના પરિણામોની સિઝન હવે આવી રહી છે. એટલે સ્ટોક સ્પેસિફિક કરેક્શન પણ વધશે તેવી શક્યતા છે.

માલપાની ત્રણ મહિનાની અસાધારણ તેજી પછીથી હવે બજાર થાક ખાય તો પણ નવાઈ નહીં.

સર્કીટ બ્રેકીંગ શેર્સ

Manoj Sanghvi
(M.: 093270 72792)



સેન્સેક્સના લેવલો જોવા વાળાએ બજારની જોરદાર તેજીને ફક્ત નિહાળીજ

ઘણી કંપનીઓના શેરો નીચા મથાળેથી ડબલ યા અઢી ગણા થઈ ગયા. મહામારી અને આર્થિક મંદીના ડરના છાયામાં પ્યોર રોકાણકારો કંપનીના શેરના ભાવોના બદલે સેન્સેક્સના લેવલો ચેક કરવાના કારણે રોકાણની તક સાથે મોટી કમાણી કરવાનો મોકો ગુમાવી દીધો. ખૂબજ નીચા મથાળેથી સારૂં ડિવિડંડ આપતી ફંડામેન્ટલી સ્ટ્રોંગ કંપનીના શેરો ખાસ્સા એવા ઉપર આવી ગયા. શારદા ક્રોપ રૂ. ૧૦૦ થી ૨૩૮, વિશાખા ઈન્ડ. ૧૦૦ થી રૂ. ૨૪૫, એવરેસ્ટ ઈન્ડ. રૂ. ૧૨૦ થી ૨૨૦ જોવાયો.

એસ્ટર લાઈફ ડબલ, આરતી ડ્રગ્ઝ, ગોદરેજ પ્રોપર્ટીઝ જેવી કંપનીના શેરો ખુબજ ઝડપથી વધ્યા. બીજુ જવાદો રિલાયન્સ ડબલ થઈ ગયો. નીચી કિંમતના શેરો તો તળીયેથી ડબલ યા અઢી ગણા થઈ ગયા. હજી પણ ન ચાલેલા યા ઓછુ ચાલેલા સારા ફંડામેન્ટલ્સ વાળી કંપનીઓના શેરોમાં યા નીચી કિંમતના ડિવિડંડ આપતી કંપનીઓના શેરો પર ધ્યાન આપવું.

જુન મહિનામાં અનેક નકારાત્મક કારણો જોવાયો જેમ કે, ઘેરી બનતી આર્થિક મંદી, કોરોનાનો ડર તેમજ પેટ્રોલ - ડિઝલના ભાવ વધારતી સરકાર, ભારત - પાકિસ્તાન તેમજ ભારત - ચાઈના બોર્ડર ઉપર ટેન્શન, અઢી મહીનાના લોકડાઉનની નકારાત્મક અસર આ બાધા કારણો વચ્ચે બજારમાં તેજીનો ઘોડો ચાલતો જોવાયો. સારા કારણોમાં વરસાદનું આગમન ખુબજ સારૂં અને દેશભરમાં ચોમાસુ જામતુ જાય છે. એફઆઈઆઈની ખરીદી અમુક દિવસો બાદ કરતા સારી દેખાઈ રહી છે. અંડરટોન બુલીશ છે. પીએસયુના પ્રાઈવેટાઈઝેશનમાં સરકાર રસ દાખવી રહી છે જેની પોઝીટીવ અસર બજાર ઉપર વર્તાઈ રહી છે.

જે શેરો સી ગ્રેડ હોય મેનેજમેન્ટ ઈન્વેસ્ટર ફ્રેન્ડલી ન હોય તેવા શેરોમાંથી એક્ઝીટ કરી કેટલીક મુડીનું ઈન્વેસ્ટ પ્લાનીંગથી કરો તો મુડી ડબલ થતા વાર નહીં લાગે.

ABB Ltd. (Rs. 913.00) (Code : 500002) :- ગત કોલમમાં ભલામણ બાદ શેરમાં રૂ. ૧૦૦ નો ઉછાળો જોવાયો. ફંડામેન્ટલ્સ તો ખુબજ સોલીડ, રિઝર્વ ભંડોળ ખુબજ મોટુ, ચાઈનીઝ કંપનીઓના પ્રોજેક્ટો રદ થવાનો સીધો ફાયદો આ કંપનીને મળી શકે છે.

Bharat Dynamic (Rs. 290.00) (Code : 541143) :- હાલનું વાતાવરણ જોતા ડિફેન્સ સેક્ટર પર ખુબજ ધ્યાન અપાશે, ભલામણ બાદ ૨૫ રૂપિયા જેવી તેજી થઈ છે પણ ૪૧૩ ની આઈપીઓ પ્રાઈસથી ઘણો દુર છે. કંપનીના શેરની ચાલ ધીમી છે પણ આગામી દિવસોમાં તેજીમાં દોડશે.

RITES Ltd. (Rs. 238.00) (Code : 541556) :- રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રકચર ફાયનાન્સ કંપનીનો ડિવિડંડ રેશિયો ખુબજ સારો છે. ઘણા બધા સ્ટેટો એ ચાઈના સાથેના કરાર બંધ કર્યા છે જેનો લાભ આ કંપનીને મળતો જોવાય.

Syngene International (Rs. 406.00) (Code : 532968) ભલામણ બાદ ૮૦ રૂપિયા, ધીમે ધીમે સુધર્યા, વર્લ્ડ ટોપ ટેન રીસર્ચમાં નામ ધરાવતી બાયોકોન ગ્રુપની આ કંપનીને ચાઈનાથી એપીઆઈ પ્રોડક્ટ ઈમ્પોર્ટ બંધ થતા ઘણો ફાયદો થઈ શકે છે.

Harrisons Malayalam (Rs. 81.00) (Code : 500467) :- ટી-કોફી, ઓટો ટાયર, તેમજ રબ્બર પ્રોડકટસના ના વ્યવસાય સાથે સંકળાયેલી ગોએન્કા ગ્રુપની આ કંપની વર્ષોથી રૂ. ૪૦ થી ૧૨૦ માં અથડાયા કરે છે. હવે સારો પ્રોફીટ કરવા લાગેલી આ કંપની ટી પ્રોડકટસના ભાવ વધતા તેમજ રબર ઈમ્પોર્ટ પર ડ્યુટી લગાવવાનો ફાયદો આ કંપનીને મળતો જોવાશે.

::: Small Price Momentum Stocks :::

Monarch Networth (Rs. 21.85) • Bharat Immunological (Rs. 14.20)

HOCL (Rs. 15.64) • Andhra Petro (Rs. 21.05)

Smart Investment : Subscription Rates

E-Copy Every Saturday eveaning in your Mail-box

E-mail Edition (Soft Copy) (Every Sunday Morning)		1 Year	2 Year	3 Year
	1. Gujarati	1800	3200	4500
	2. English	1100	1850	2650

(Soft Copy) (Every Sunday Morning)		1 Year	2 Year	3 Year
	1. Smart Plus	1400	2500	3300

Combined Package for Weekly & News Letter

Guj. & English E-Copy
(Every Sunday Morning)
With
Smart Plus News Letter
(Every Sunday Night)

	1 Year	2 Year	3 Year
1. Gujarati	2700	5000	7400
2. English	2100	3900	5400

Internet Payment : Online Payment Gateway Facility thorugh your Credit / Debit Card is available. Please logon to Tab "Subscribe" on our web : www.smartinvestment.in

ફ્યુચર ઓપ્શન ડાયરી

નિલેશ એસ. કોટક
M. : 9227204076

E-mail : dhanvarshafincap@gmail.com • W : www.dhanvarshaindia.com

નિફ્ટીએ અઠવાડિયા દરમ્યાન ૧૦૫૫૩નો હાઈ ૧૦૧૯૪ નો લો બનાવી ૧૦૩૮૩ બંધ આપ્યો છે. જ્યાં સુધી નિફ્ટી ૧૦૧૦૦ ઉપર જળવાઈ રહે ત્યાં સુધી પોઝીટીવ રેન્જ જળવાઈ રહે. આગામી સપ્તાહમાં ૧૦૫૦૦ અગત્યના રેજીસ્ટન્ટ તરીકે કાર્ય કરે. શુક્રવારના રોજ નિફ્ટીમાં સુધારો ઈન્ફોસીસ, ટીસીએસ, એચડીએફસી બેન્ક અને રિલાયન્સના કારણે જોવાયેલ હતો.

Future Buy of the week

Wipro (225):- જુલાઈ માસનો ફ્યુચર ૨૨૭ ઉપર ૨૧૮ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૨૩૮ સુધીનો ભાવ જોવાય.

HCL Techno (563) :- જુલાઈ માસનો ફ્યુચર ૫૬૫ ઉપર ૫૫૦ ના સ્ટોપલોસથી ખરીદો. આગામી દિવસોમાં ૫૮૫ સુધીનો ભાવ જોવા મળે.

Federal Bank (53) :- જુલાઈ માસનો ફ્યુચર ૫૪ ઉપર ૫૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૮ સુધી સુધારાની શકયતા.

Ambuja Cement (188) :- જુલાઈ માસનો ફ્યુચર ૧૯૦ ઉપર ૧૮૪ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૯૮ સુધી સુધારાની શકયતા.

BEL (85) :- જુલાઈ માસનો ફ્યુચર ૮૬ ઉપર ૮૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૯૧ સુધી સુધારાની શકયતા છે.

Future Sell of the week

Exide Ind. (149) :- જુલાઈ માસનો ફ્યુચર ૧૪૮ નીચે ૧૫૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૪૨ સુધી ઘટાડાની શકયતા.

M&M Finance (177) :- જુલાઈ માસનો ફ્યુચર ૧૭૫ નીચે ૧૮૨ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૬૬ સુધી ઘટાડાની શકયતા.

SBI Life (787) :- જુલાઈ માસનો ફ્યુચર ૭૮૫ નીચે ૮૦૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૭૬૫ સુધી ઘટાડાની શકયતા.

Century Textiles (307) :- જુલાઈ માસનો ફ્યુચર ૩૦૫ નીચે ૩૨૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૨૯૦ સુધી ઘટાડાની શકયતા.

Sun Pharma (478) :- જુલાઈ માસનો ફ્યુચર ૪૭૫ નીચે ૪૯૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૪૬૫ સુધી ઘટાડાની શકયતા.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak) • Research Analyst : SEBI Regn No. : INH000002103

Alternative Investment Returns Monitor

	Price 18-6-2019	Price 18-6-2020	Return 1 Week	Return 1 Yr.
Sensex	39046.34	34208.05	2.00%	-12.39%
10Yr. Yield (%)	6.808	5.83	4.50 (bps)	-98.20 (bps)
USD - INR	69.80	76.11	0.42%	9.04%

Value of Rs. 1 Lakh Invested in Various Asset

(As on 19-6-2020)	Sensex	Gold	Silver	FD (SBI)	PPF*
1 Year	88799	144433	129427	106800	108000
1 Year Post Tax Returns	88799*	131103	120599	104760	108000
5 Year	127141	176932	128596	146933	151757
5 Year Post Tax Returns	127147*	169239	125737	131317	151757

** Notes : Cumulative equity gains up to Rs. 1,00,000 in a financial year are tax free.*
All post - tax returns are calculated for an individual in the 30% tax braket, without considering the indexation benefit

Top 5 SIPs

Top 5 Equity Schemes based on 10 Yr. SIP Return

Scheme Name	Return Annualised
SBI Small Cap.	16.24
Canara Robeco Emergin	14.85
Axis Long Term Equity	13.27
Principal Emergin	12.74
Invesco India Mid Cap	12.40

Top 5 MIPs

Top 5 MIP Schemes based on 3 yr. SWP returns

Scheme Name	Return Annualised
Indiabulls Saving Income	7.27
Baroda Conservative	7.06
ICICI Prudential	5.79
Canara Robeco Conservative	5.64
LIC MF Debt Hybrid	4.96

ઝડપી વૃધ્ધિ પામતા શેરો

સૌથી વધુ આવક-ગ્રોથની સંભાવના ધરાવતા સ્ટોક્સ

Co. Name	Revenue Growth(%)
HG Infra Engg.	44
Tata Consumer	41
IPCA Labs.	40
Info Edge	34
HDFC	28

ઓછા ખર્ચાળ શેરો

સૌથી નીચો સંભવિત PE ધરાવતા સ્ટોક્સ

Co. Name	Lowest Forward PE (%)
NTPC	6.40
Redington	6.79
CESC	6.92
Power Grid	7.14
Tata Power	7.85

શ્રેષ્ઠ 5 PEGs સ્ટોક્સ

સૌથી ઓછો પ્રાઈસ અર્નીંગ ગ્રોથ ધરાવતા સ્ટોક્સ

Co. Name	Earning Grwoth Ratio
Dilip Buildcon	0.09
HG Infra Engg.	0.14
Power Grid	0.31
Emami	0.34
Tata Power	0.36

સૌથી વધુ વળતરદાયી શેરો

સૌથી ઊંચુ ડિવિડંડ યીલ્ડ ધરાવતા ટોપ - ૫ સ્ટોક્સ

Investor Earn as Div. for Every Rs.100/- Invested

Co. Name	Hig.Div. Yield
Redington	8.94
Pfizer	8.34
Engineers India	5.86
Power Grid	4.98
Embassy Office	4.88

ઓછા જોખમી-૫ સ્ટોક્સ

ડાઉન સાઈડ રીસ્કની નહિવત સંભાવના ધરાવતા

Co. Name	Lowest Downside Risk
Dr. Reddy's	1.21
Thermax	1.33
HUL	1.33
CIPLA	1.36
Alkem Labs.	1.38

Smart Education : Ankit Gala : **buzzpublishing@gmail.com**

Profit & Loss of a Company : Part 1

ગત સપ્તાહે આપણે કંપનીની બેલેન્સ શીટના વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરી હતી. આ સપ્તાહથી આપણે કંપનીના નફા અને નુકશાન ખાતા વિશેની વિગતો સમજીશું.

નફા અને નુકશાન ખાતુ:

ફાઈનાન્સિયલ સ્ટેટમેન્ટમાં નફા અને નુકશાન ખાતુ અત્યંત મહત્વપૂર્ણ છે કારણકે તેનું વિશ્લેષણ કરવાથી કંપનીના ફંડામેન્ટલ સમજવામાં મદદ મળી રહે છે. તે ઈન્કમ સ્ટેટમેન્ટ અથવા સ્ટેટમેન્ટ ઓફ અર્નિંગ્સ તરીકે પણ ઓળખાય છે, જેમાં વ્યક્તિ અથવા સંસ્થાના ચોક્કસ સમયગાળા એટલેકે એકાઉન્ટિંગ વર્ષ માટેના નાણાકીય પ્રદર્શનની વિગતો મળી રહે છે. તેમાં કંપનીની આવકો, ખર્ચ, વેરા, ઘસારો અને નફાની વિગતો સામેલ હોય છે. નફા અને નુકશાન ખાતુ એક મૂવિંગ વિડિયો જેવું હોય છે, જે સમીક્ષા હેઠળના નાણાકીય વર્ષ માટે કંપનીના નફા સંબંધિત વિગતો આપે છે. બિઝનેસમાં નાણા ક્યાંથી આવ્યાં અને ક્યાં ગતા તેનો સંપૂર્ણ ચિતાર નફા અને નુકશાન ખાતામાંથી મળે છે. વધુમાં આવકોમાં વધારો કરીને તથા ખર્ચમાં ઘટાડો કરીને નફો કરવાની ક્ષમતા અથવા અક્ષમતા વિશેની પણ જાણકારી તે આપે છે.

કંપનીના નફા અને નુકશાન ખાતાના પાસાઓ:

હાલમાં કંપનીઝ એક્ટ, ૨૦૧૩ હેઠળ રજીસ્ટર્ડ તમામ કંપનીઓએ એક્ટના શિડ્યુલ ૩ મૂજબ નફા અને નુકશાન ખાતુ તૈયાર કરવાનું રહે છે.

કંપનીના નફા અને નુકશાન ખાતાના મૂળભુત પાસાઓ નીચે મૂજબ છે:

કંપનીના નફા અને નુકશાન ખાતાના તમામ પાસાઓ અંગે આપણે આગામી સપ્તાહોમાં જાણકારી પ્રાપ્ત કરીશું.

To learn Fundamental Analysis you can read the book Fundamental Analysis of Shares by Ankit Gala & Khushboo Gala. Book is available in English.

Particulars	Cur. FY	Prev. FY
I. Income		
1. Revenue of Operations (a)		
2. Other Revenues (b)		
3. Total Income (a + b)		
II. Expenses		
1. Cost of Materials Consumed (1)		
2. Purchase of Stock in Trade (2)		
3. Changes in Inventories of Finished Goods, Work-in Progress and Stock-in-Trade (3)		
4. Employee Benefit Expenses (4)		
5. Finance Cost (5)		
6. Depreciation and Amortisation (6)		
5. Other Expenses (7)		
6. Total Expenses (1+2+3+4+5+6+7)		
III. Profit Before Exceptional Items and Tax (I – II)		
IV. Exceptional Items		
V. Profit Before Tax (III – IV)		
VI. Tax Expense		
1. Current Tax		
2. Deferred Tax		
VII. Net Profit (V – VI)		
VII. Earnings Per Share (EPS)		
1. Basic EPS		
2. Diluted EPS		

SMART REIT

By Vijaya Kittu M, GetPaidIndia.com

The author feels that investors need to study sectoral trends from time to time. He is on WhatsApp at +91 98495 19188

રિયલ એસ્ટેટ ઈનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ (આરઈઆઈટી) રોકાણ માટે એક આકર્ષક વિકલ્પ બન્યું છે અને તે રિયલ એસ્ટેટમાં રોકાણના પરંપરાગત સ્વરૂપોનું પ્રોક્સી છે. કોવિડ-૧૯ની અસર હવે આરઈઆઈટી ઉપર પણ વર્તાવાની શરૂ થઈ છે ત્યારે લાંબાગાળાના રોકાણ માટે તે રિયલ એસ્ટેટનો આશાસ્પદ વિકલ્પ તરીકે જોવાઈ રહ્યું છે. જે પ્રકારે ઈક્વિટી શેર્સમાં મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા રોકાણ થાય છે તે પ્રમાણે રિયલ એસ્ટેટમાં આરઈઆઈટી દ્વારા રોકાણ થાય છે. આરઈઆઈટી રોકાણકારોના નાણા એકત્ર કરે છે, યુનિટ્સની ફાળવણી કરે છે તથા મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, નેટ લીઝ પ્રોપર્ટીઝ, ઓફિસ સ્પેસિસ અને રેસિડેન્શિયલ એપાર્ટમેન્ટ્સ જેવા રિયલ એસ્ટેટ્સમાં વૈવિધ્યસભર રોકાણ કરે છે. આ પ્રોપર્ટીઝમાંથી ભાડાની આવકો પ્રમાણસર ધોરણે રોકાણકારોમાં વહેંચવામાં આવે છે. રોકાણકારોના નાણા વિવિધ ભૌગોલિક સ્થળોમાં રોકવામાં આવે છે અને પરિણામે વિવિધતા પ્રાપ્ત થાય છે. ઉલ્લેખનીય છે કે આરઈઆઈટીની સંસ્કૃતિનો જન્મ યુએસમાં થયો હતો અને હવે તે સમગ્ર વિશ્વમાં ઝડપથી ફેલાઈ રહ્યું છે. ભારતમાં સેબી આરઈઆઈટી નિયામક છે.

એમ્બેસી ઓફિસ પાર્ક્સ ભારતની પ્રથમ અને એકમાત્ર લિસ્ટેડ આરઈઆઈટી છે. એમ્બેસી આરઈઆઈટી ભારતમાં પૂર્ણ થયેલાં અને કાર્યરત કમર્શિયલ પ્રોપર્ટીઝનું યોગ્ય મિશ્રણ છે. તેની પાઈપલાઈનમાં ઓન-કેમ્પસ ડેવલપમેન્ટની સાથે-સાથે ગ્રેડ એ ઓફિસ પાર્ક્સ તથા બેંગ્લોર, મુંબઈ, પૂના અને નેશનલ કેપિટલ રિજન (એનસીઆર)માં સિટી-સેન્ટર ઓફિસ ધરાવે છે. તેના પોર્ટફોલિયોમાં બે પૂર્ણ થયેલ હોટલ્સ, બે અન્ડર-કન્સ્ટ્રક્શન હોટલ્સ અને પાર્કના ભાડૂઆતોને પુનઃપ્રાપ્ય ઉર્જાનો સપ્લાય કરતાં ૧૦૦ મેગાવોટ (એસી) સોલર પાર્ક સહિતના ૭૮ બિલ્ડિંગ્સ સામેલ છે. એમ્બેસી પાર્ક્સ ઓફિસ આરઈઆઈટીના રૂ. ૩૬.૫ અબજના એનસીડી માટે ક્રિસિલે એએએ-સ્ટેબલ રેટિંગ આપ્યાં છે.

માઈન્ડસ્પેસ બિઝનેસ પાર્ક્સ આરઈઆઈટી : આ આરઈઆઈટીએ ડિસેમ્બર ૨૦૧૯માં ડ્રાફ્ટ આઈપીઓ પ્રોસ્પેક્ટસ દાખલ કર્યું હતું. બજાર અને આર્થિક સ્થિતિઓમાં નાટકીય પરિવર્તનને કારણે તેને સક્રિય અને અપ-ટુ-ડેટ રાખવા ગત સપ્તાહે કંપનીએ સુધારેલા અંદાજો સાથેનું નવું વર્ઝન દાખલ કર્યું છે. તેના ટોચના ભાડૂઆતમાં એસેન્ચર, ક્વાલકોમ, બાર્કલે વગેરે જેવી ટોચની કંપનીઓ સામેલ છે.

કોવિડ-૧૯ની અસર : મોટાભાગના આરઈઆઈટી ભાડૂઆતો આઈટી અને ફાઈનાન્સિયલ સર્વિસિસ સેક્ટરની કંપનીઓ હોય છે તેમજ આ બે સેક્ટર્સ ઉપર મહામારીની સૌથી વધુ અસર થઈ છે. વર્ક-ફ્રોમ-હોમ અથવા રિમોટ વર્કિંગની સંભાવનાઓને જોતાં આરઈઆઈટીને પણ મોટો ફટકો પડી શકે છે. એમ્બેસી અને માઈન્ડસ્પેસ બંન્ને ભેગા મળીને આઈટી સેક્ટરમાંથી ૫૦ ટકા ભાડું મેળવે છે. ઉદાહરણરૂપે એમ્બેસી પાર્ક્સ આરઈઆઈટી માટે આઈબીએમ મોટું ભાડૂઆત છે, જે તેના ભાડાની આવકમાં ૧૨ ટકા યોગદાન આપે છે. એક સમાચાર મૂજબ આઈબીએમ તેના લીઝના ઓછામાં ઓછા ૫૦ ટકા બંધ કરવા માગે છે અને તેથી બ્લેકસ્ટોન કે જે એમ્બેસી પાર્ક્સ આરઈઆઈટીમાં ૫૫ ટકા હિસ્સો ધરાવે છે તેણે બ્લોકટ્રેડમાં ૮.૭૭ ટકા હિસ્સો લગભગ ૨૫૭ મિલિયન ડોલરમાં વેચ્યો છે.


SMART INVESTMENT

Hard Copy is available on Every Sunday Morning at your nearest book-stall


City	Agent's Name	Mobile No.	Landline No.
Ahmedabad	Pocket Book Centre	098240 77668	079-25508732
	Vinod Agency	098982 18921	079-25510104
	Mohsin Mansuri	098250 35928	079 - 25350794
Anand	Mistry News Agency	098251 73432	02692 - 251032
	Iliyas Book Stall	091733 95801	
Akola	Vishnu Book Seller	072424 39444	
Baroda	Shreenath News paper	098982 40228	9106956769
Bhuj	Modern Book Centre	9427434752	--
Baroda	A.G. Vora & Co.	098240 95716	--
Bhavnagar	Prem News Agency	094289 90615	
Bharuch	Falgun News Agency	098792 37236	
Gandhidham	A.H. Pandya	098252 37212	02836-220212
Jodhpur	Sarvoday Book Stall	8107589141	0291-26533734
Jamnagar	Paras News Agency	9426453636	2679597
Mehsana	Mahalaxmi Pustak Bhandar	098256 36988	9428458678
	Prakash Book Stall	8849416545	
Mumbai	Ashokbhai	9833831803	
Mumbai -Matunga	Alengo Book Stall	9870277195	--
Navsari	Jaydeep News Agency	098983 59235	
Nadiad	Nadiad Rly. Book Stall	087349 55156	
Rajkot	Thakkar News Aghency	099241 33518	0281-2233518
Surat	Surat Book Centre	0 98790 44220	0261-2431158
Udaipur	Kailash Book Center	098291 36695	0294-2561145
VAPI	Om News Agency	099242 84109	
Valsad	Paresh News Agency	091733 59444	

More detail about Subscription

http://www.smartinvestment.in/subscribe.php?typ=subscribe



SMART
BUY OF THE WEEK
Dark Horse



Dark Horse-1

T D POWER SYSTEMS LTD (533553 & NSE) (120) (Face Value Rs.10)

ટી ડી પાવર સિસ્ટમ્સ લીમીટેડ ૧ મેગા વોટથી લઈને ૨૦૦ મેગા વોટ સુધીના એ સી જનરેટરનું ઉત્પાદન કરે છે. કંપનીના પ્રોડક્ટ્સ સ્ટીમ ટર્બાઈન, ગેસ ટર્બાઈન, હાઈડ્રો ટર્બાઈન, ડીઝલ એન્જીન, ગેસ એન્જીન અને વિન્ડ ટર્બાઈન વગેરેમાં વપરાય છે. કંપની જીઓ થર્મલ અને સોલાર થર્મલ એપ્લીકેશન્સ માટે પણ જનરેટર બનાવે છે. કંપનીએ અત્યાર સુધીમાં ૩૨૬૩૨ મેગા વોટની ક્ષમતાના ૪૪૯૬ જનરેટર્સનું વેચાણ ૭૩ દેશોમાં કર્યું છે. કંપની જનરેટર મેન્યુફેક્ચરિંગ સિવાય પ્રોજેક્ટ બીઝનેસમાં પણ સક્રિય છે અને અત્યાર સુધીમાં કંપનીએ ૩૨૪૩ મેગા વોટની ક્ષમતાના ૧૦૦ ટીજી આઈસલેન્ડ પ્રોજેક્ટ્સ અને ૧૪ બીટીજી પ્રોજેક્ટ્સ પુરા કર્યા છે. કંપની બેંગ્લોરમાં ત્રણ મેન્યુફેક્ચરિંગ ફેસીલીટી ધરાવે છે.

Particulars	12 Months Ended		
	FY20	FY19	% Var.
Sales	514.89	459.02	12.17
Operating Profit	33.21	27.16	22.28
PAT	29.94	3.20	835.63
EPS	9.76	0.98	895.91

Month of Latest High	**February 2018**
High price	**233**
CMP	**120**
Discount from high	**48.5%**

કંપનીની ઈક્વિટી રૂ.૩૦.૯૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૩૯૪.૦૭ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૧૩૭.૩૯ જેટલી ઉંચી છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૮.૫૫ ટકા, મ્યુચ્યુઅલ ફંડ ૧૭.૩૬ ટકા, એફઆઈઆઈ ૨.૬૯ ટકા અને પબ્લિક ૨૧.૪૦ ટકા સ્ટેક ધરાવે છે. મ્યુચ્યુઅલ ફંડ્સમાં નિપોન ઇન્ડિયા સ્મોલકેપ ફંડ ૯.૮૪ ટકા અને સુન્દરમ સ્મોલકેપ ફંડ ૬.૩૯ ટકા સ્ટેક ધરાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનો નફો ૮૩૫.૬૩ ટકા વધીને રૂ.૨૯.૯૪ કરોડ થયો છે. કંપનીનો ઓપરેટીંગ પ્રોફિટ પણ ૨૨.૨૮ ટકા વધીને રૂ.૩૩.૨૧ કરોડ થયો છે જ્યારે વેચાણ ૧૨.૧૭ ટકા વધીને રૂ.૫૧૪.૮૯ કરોડ થયું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૯.૭૬ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૨.૩ના નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઇ રહ્યો છે જે કેપિટલ ગુડ્સ સેક્ટરની હરીફ કંપનીઓમાં સૌથી નીચો કહી શકાય.

કંપની તેના શેર હોલ્ડર્સને રેગુલર ડીવીડન્ડ ચુકવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે કંપનીએ ૧૮ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૨૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૧૫ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચૂકવ્યા બાદ ૭.૫ ટકાનું ફાયનલ ડીવીડન્ડ જાહેર કર્યું છે.

કંપનીએ ગયા વર્ષે રૂ.૨૫૬ના ભાવે રૂ.૩૦ કરોડની બાયબેક ઓફર પૂરી કરી હતી જેની સામે આ સ્ટોક અડધા વેલ્યુએશને મળી રહ્યો છે.

ચાઈનાથી ડમ્પ થતા પાવર સેક્ટરના પ્રોડક્ટ્સની જગ્યાએ હવે ભારતમાં જ બનતા પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપવાની મુહિમ શરુ થઇ છે જેનો ફાયદો આ કંપનીને પણ મળતો જોવાશે.

વર્તમાન ભાવથી આ સ્ટોક ડાઉનસાઈડ ખુબજ લીમીટેડ છે જ્યારે આવનાર દિવસોમાં સ્ટોક મોટો સુધારો દર્શાવી શકે છે. રૂ.૧૦૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય. મધ્યમથી લાંબાગાળામાં સારું રીટર્ન મળી શકે છે.

Cont....

Dark Horse-2

Monte Carlo Fashions Ltd (538836 & NSE) (164.3) (Face Value Rs.10)

કંપની વિન્ટર વિયર સેગ્મેન્ટમાં માર્કેટ લીડર છે અને મજબુત બ્રાંડ ધરાવે છે. વિન્ટર વિયર સિવાય પણ કંપની કોટન વિયર સેગ્મેન્ટમાં પણ બ્રાન્ડ્સ ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૦.૭૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૫૨૪.૪૪ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૬૮.૨૦ ટકા, એફઆઈઆઈ ૨.૯૭ ટકા અને અન્ય રોકાણકારો ૨૮.૮૩ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં પ્રમોટરોએ ૦.૨૯ ટકા હિસ્સો વધાર્યો છે જે પોઝીટીવ વાત કહી શકાય.

Particulars	12 Months Ended		
	FY20	FY19	% Var.
Sales	725.61	656.37	10.55
Operating Profit	124.42	98.34	26.52
PAT	62.69	59.60	5.18
EPS	30.23	28.75	5.14

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ ૧૦.૫૫ ટકા વધીને રૂ.૭૨૫.૬૧ કરોડ થયું છે. ઓપરેટીગ પ્રોફિટ ૨૬.૫૨ ટકા વધીને રૂ.૧૨૪.૪૨ કરોડ થયો છે જયારે ચોખ્ખો નફો ૫.૧૮ ટકા વધીને રૂ.૬૨.૬૯ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૩૦.૨૪ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૫.૪ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે.

Month of Latest High	**January 2018**
High price	**664**
CMP	**164**
Discount from high	**75%**

નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૫૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે અને વર્તમાન ભાવે આ સ્ટોક ૫૦ ટકા ડીવીડન્ડના હક સાથે મળી રહ્યો છે.

૨૦૧૯માં કંપનીએ રૂ.૫૫૦ના ભાવે રૂ.૫૫ કરોડની બાયબેક ઓફર પૂરી કરી હતી જયારે શેરનો ઓલટાઈમ હાઈ ભાવ રૂ.૬૬૪ હતો જેની સામે આ સ્ટોક ૭૫ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે.

૧૯ મે ના રોજ કંપનીએ જણાવ્યું હતું કે કંપનીએ મેડીકલ ટેકસટાઈલ રેંજ જેવી કે ફેસ માસ્ક (૩ પ્લે માસ્ક, કેએન૯૫ માસ્ક, એન૯૫ માસ્ક) અને પર્સનલ પ્રોટેક્ટીવ ઈક્વિપમેન્ટ (પીપીઈ કીટ)ના ઉત્પાદનની શરૂઆત કરી દીધી છે અને આ પ્રોડક્ટ્સ માટે કંપની ડોમેસ્ટિક અને વિદેશના માર્કેટમાં ખાસી માંગ જોઈ રહી છે.

વર્તમાન ભાવથી આ સ્ટોક ડાઉનસાઈડ ખુબજ લીમીટેડ છે જયારે આવનાર દિવસોમાં સ્ટોક મોટો સુધારો દર્શાવી શકે છે. રૂ.૧૪૫ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય. મધ્યમથી લાંબાગાળામાં સારું રીટર્ન મળી શકે છે.

Some successful recommendations of Smart Buy of the Week (Smart Dark Horse) in last two months

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
4th May 20	APOLLO MICRO	71	120.9	70%
11th May 20	NAVKAR CORP	23.9	32.8	37%
11th May 20	RAMA PHOS	31.7	53.75	70%
18th May 20	ADVANCED ENZYME	157	192	22%
18th May 20	SREE RAYALASEEMA	98.4	126.6	29%
25th May 20	SINGER INDIA	24	28.35	18%
1st June 20	TALBROS AUTO	92.5	117.5	27%
1st June 20	WPIL LTD	348.3	426	22%
8th June 20	KRITI IND	17	22.4	32%
15th June 20	INDIAN SUCROSE	23.45	31.4	34%
15th June 20	CAPRIHANS	48	57.8	20%
22nd June 20	DOLLAR IND	137	148	8%

Stock Buzz

Subramanian Mahadevan
dolphincapital@gmail.com



Vardhman Special Steels Limited (Rs.62)

Heavy - duty Steel !

વર્ધમાન સ્પેશિયલ સ્ટિલ્સ લિમિટેડ (વીએસએસએલ) પંજાબના લુધિયાણા સ્થિત અગ્રણી સ્ટીલ બાર ઉત્પાદક છે. વર્ધમાન ગ્રુપ હેઠળની આ સ્વતંત્ર કંપનીની સ્થાપના મે ૨૦૧૦માં થઇ હતી અને તે એન્જિનિયરીંગ, ઓટોમોટિવ, ટ્રેક્ટર, બેરિંગ અને સંલગ્ન ઉદ્યોગોની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. તેની પ્રોડક્ટ ઓફરિંગમાં સ્ટીલ બાર્સ અને રોડ, સ્પેશિયલ અને એલોય સ્ટીલ્સની વિવિધ શ્રેણી માટે બ્રાઇટ બાર્સ વગેરે સામેલ છે. વીએસએસએલના ઉત્પાદન એકમો અદ્યતન મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી અને ઉપકરણોથી સજ્જ છે. તે વાર્ષિક ૨ લાખ મિલિયન ટન બિલેટ્સ અને વાર્ષિક ૧.૮૦ મિલિયન ટન રોલ્ડ પાર્સની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે તથા ૨૦૦થી વધુ ક્લાયન્ટ્સનો આધાર ધરાવે છે, જેમાં ટોયોટા, હીરો મોટો કોર્પ, કેટરપિલ્લર, હિનો મોટર્સ, મારુતિ, બજાજ, ફોર્ડ, અશોક લેલેન્ડ, ટાટા, વોલ્વો, ટાફે, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને હ્યુન્ડાઇ જેવા પ્રતિષ્ઠિત ક્લાયન્ટ્સ સામેલ છે. વીએસએસએલ વિદેશોમાં પણ ગ્રાહકોનો મજબૂત આધાર ધરાવે છે તથા તેની ફોર્જિંગ એપ્લીકેશન્સ માટે યુએસએ, યુરોપ, રશિયા અને દક્ષિણ પૂર્વ એશિયામાં કામગીરી ધરાવે છે. વીએસએસએલ દેશભરમાં વ્યૂહાત્મક સ્થળો ઉપર વેરહાઉસ ધરાવે છે, જેમાં હરિયાણામાં પોતાની માલીકીનું તથા દક્ષિણ, પશ્ચિમ અને પૂર્વ ભારતમાં પાંચ ભાડાપટ્ટાના વેરહાઉસ ધરાવે છે. વધુમાં તેણે ક્ષમતા વિસ્તરણ માટે વર્ષ ૨૦૧૭માં રૂ. ૩૬ કરોડમાં ૮ એકર જમીન હસ્તગત કરી હતી. અદ્યતન ઉત્પાદન એકમો, અદ્યતન આરએન્ડડી ક્ષમતાઓ, વૈવિધ્યસભર પ્રોડક્ટ ઓફરિંગ્સ, મેનેજમેન્ટનો બહોળો અનુભવ, ગુણવત્તા અને ખાતરીના ધોરણો, પ્રતિષ્ઠિત બ્રાન્ડ ઓળખ અને સારું કોર્પોરેટ ગવર્નન્સ કંપનીના સકારાત્મક પાસા છે. વીએસએસએલે વર્ષ ૨૦૧૫માં રૂ. ૩૫૦ કરોડના દેવું નોંધપાત્ર ઘટાડીને વર્ષ ૨૦૧૮માં રૂ. ૨૨૮ કરોડ કર્યું છે, જે માટે તેણે મૂડી માળખામાં સુધારો કર્યો છે તથા દેવાની પુનઃચૂકવણી કરવા માટે રાઇટ્સ ઇશ્યૂ અને ક્યુઆઇપી દ્વારા રૂ. ૧૧૮ કરોડ એકત્ર કર્યાં હતાં. વધુમાં આગામી ત્રણ વર્ષમાં અંદાજે રૂ. ૨૦૦ કરોડના ખર્ચે મેલ્ટિંગ ક્ષમતા વધારીને ૨,૪૦,૦૦૦ એમટી અને રોલિંગ ક્ષમતા ૨,૨૦,૦૦૦ એમટી કરાશે. તાજેતરમાં જાપાનિઝ સ્ટીલ જાયન્ટ આઇચી સ્ટીલ કોર્પોરેશન કે જે ટોયોટા કોર્પને તેની પ્રોડક્ટ્સ સપ્લાય કરે છે તેણે શેરદીઠ રૂ. ૧૦૮ની કિંમતે વીએસએસએલમાં ૧૧ ટકા હિસ્સો ખરીદ્યો છે. આ સોદા દ્વારા ટૂંક સમયમાં વીએસએસએલને ઓટોમોટિવ અને સ્પેશિયાલિટી સ્ટીલ પ્રોડક્ટ્સ માટે ટોયોટા ઇન્ડિયા તરફથી મોટો ઓર્ડર મળવાની અપેક્ષા છે. મહત્વપૂર્ણ છે કે કંપનીમાં પ્રમોટર્સની ઇક્વિટી હિસ્સેદારી ૬૫ ટકાથી વધુ છે. ધીમે-ધીમે ઘરેલુ અને વિદેશી રોકાણકારો આ કંપનીમાં રસ દાખવી રહ્યાં છે તેમજ કંપનીના મેનેજમેન્ટે સ્ટીલ ઉદ્યોગની નબળી માગ વચ્ચે પણ ઇન્વેસ્ટર્સ મીટ યોજી છે. રોકાણકારોને વીએસએસએલમાં વર્તમાન કિંમતે રોકાણ કરવાની સલાહ છે તથા તેમાં આગામી વર્ષોમાં બે આંકડામાં વળતરની સંભાવનાને ધ્યાનમાં રાખી શકાય.

Technical Trading Trends

- Parag Salot
(SEBI Registered Research Analyst)
M. : 91-9930011789



Nifty Overview :- In Last Trading Session, Nifty closed at 10328. Nifty is currently near resistance. Nifty near resistance is at 10500 levels and if sustains then can go further maximum till 10900 for now. Nifty near support is at 10000 and next support at 9500 levels. For now, the major range is 8900 to 10900.

Bank Nifty Overview :- In Last Trading Session, Bank Nifty closed at 21530. Bank Nifty should consolidate a bit for next up move. If it consolidates near 21000 for 2-3 days and keeps the support of 20900 levels then can go up till 22500/23200 levels. Close below 20600 can be termed as weak

Trading Buy

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Adani Ent	512599	163	150/155	165	180	145
BPCL	500547	394	378/384	395	410	370
Canara Bank	532483	104	90/95	105	115	88
Century Tex	500040	307	295/303	315	330	285
Coal India	533278	141	135/140	150	160	129
Cummins	500480	411	395/400	415	425	389
Equitas	539844	55	48/50	55	60	45
Exide	500086	149	135/140	150	160	129
GNFC	500670	161	150/155	165	180	145
M&M Fin	532720	176	165/170	180	190	154
SRTRANSFIN	511218	705	675/685	705	730	665
Tata Motors	500570	101	95/100	108	125	89

Trading Sell

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Auro Pharma	524804	782	800/805	785	765	815
Biocon	532523	401	435/440	425	415	445
Chola Fin	504973	197	235/240	225	210	245
MGL	539957	1074	1135/1145	1120	1100	1155
Reliance	500325	1746	1830/1840	1815	1780	1852
Torrent Pharma	500420	2477	2560/2575	2530	2480	2605

Note: All calls are momentum calls based on technical analysis and all levels as per future prices (If scrip not available in futures then BSE Cash price). All these calls are given based on daily charts but intra-day signals are equally important to enter the trade in a timely manner. Timing is very important and we at shareinfoline.com give you timely calls based on intra-day charts. Read Disclaimer at ShareInfoline.com

TECHNICAL TALK Dhananjay Kadam

TECHNICAL ANALYST, M. 7588622374



Corrections Are Temporary, Growth Is Permanent

ભારતીય શેરબજારમાં સુધારો

આતરરાષ્ટ્રીય રોકાણકારો દ્વારા ઈક્વિટી ટ્રેડ

એફઆઈઆઈ : વેચાણ (૭૫૩.૧૮) કરોડ : (૪૨૨૦.૪૦-૪૯૭૩.૫૮)

ડીઆઈઆઈ: ખરીદી ૧૩૦૪.૧૮ કરોડ : (૪૭૬૩.૫૦-૩૪૫૯.૩૨)

- ઈન્ડિયા વીઆઈએક્સ ૨૮.૭૩ના સ્તરે બંધ

- ૬૦.૧૮ના સ્તરે માર્કેટ મૂડ ઈન્ડેક્સ સેન્ટિમેન્ટમાં સુધારો દર્શાવે છે તથા સ્મોલ અને મીડકેપ સ્ટોકમાં પણ તેની અસર વર્તાઈ છે.

- વૈશ્વિક અસરો તથા ડોલરની નબળાઈને કારણે મુંબઈ બુલિયન માર્કેટમાં ૧૦ ગ્રામ સોનુ રૂ. ૯૭ વધીને રૂ. ૪૮,૨૩૪૪ના સ્તરે સ્પર્શ્યું હતું. યુએસ અને વિશ્વના અન્ય દેશોમાં કોરોના વાઈરસના ફેલાવામાં વધારો થતાં સુરક્ષિત રોકાણ માટેની માગમાં વધારો થતાં કિંમતી ધાતુઓના ભાવને બળ મળ્યું છે. મુંબઈમાં ૧૦ ગ્રામ ૧૮, ૨૨ અને ૨૪ કેરેટ સોનાનો ભાવ અનુક્રમે રૂ. ૩૬,૧૭૬, રૂ. ૪૪,૧૮૨ અને રૂ. ૪૮,૨૩૪ નોંધાયા હતાં.

- ૧૯ જૂનના રોજ સમાપ્ત થયેલાં સપ્તાહ માટે ભારતની ફોરેન એક્સચેન્જ રિઝર્વ ૫૦૫.૫૬૬ બિલિયન યુએસ ડોલરના વિક્રમજનક સ્તરે સ્પર્શી હતી, જે અગાઉના સપ્તાહથી ૨.૦૭૮ બિલિયન યુએસ ડોલર ઘટી હતી, તેમ આરબીઆઈના આંકડામાં જણાવ્યું હતું. ૨૪ એપ્રિલ બાદ રથમવાર ફોરેન એક્સચેન્જ રિઝર્વ ઘટી છે, જે સમયે રિઝર્વ ૧૧૩ મિલિયન યુએસ ડોલર ઘટીને ૪૭૯.૪૫૫ બિલિયન યુએસ ડોલરે પહોંચી હતી. ૨૪ એપ્રિલથી ૧૨ જૂન દરમિયાન ફોરેક્સ રિઝર્વ ૨૮.૧૮૯ બિલિયન યુએસ ડોલર વધી છે. ૧૨ જૂને સમાપ્ત થયેલાં સપ્તાહમાં રિઝર્વ ૫.૯૪૨ બિલિયન યુએસ ડોલર વધીને ૫૦૭.૬૪૪ બિલિયન યુએસ ડોલરે સ્પર્શી હતી.

યુએસ ડોલર અને રૂપિયો – ૭૫.૬૭૯૧

ડબલ્યુટીઆઈ ક્રૂડ- ૩૮.૧૨

બ્રેન્ટ ક્રૂડ – ૪૦.૭૪

નેચરલ ગેસ – ૧.૪૬૭

ઓપેક બાસ્કેટ – ૩૯.૮૫

Cont...

BPCL : (Last Close 393.65) ભારત પેટ્રોલિયમ લિમિટેડ ભારત સરકારના નિયંત્રણ હેઠળની ઓઇલ અને ગેસ કંપની છે, જેનું મુખ્યાલય મહારાષ્ટ્રના મુંબઈમાં આવેલું છે. તે ભારતની બીજા ક્રમની સૌથી મોટી ડાઉનસ્ટ્રીમ ઓઇલ કંપની છે અને વર્ષ ૨૦૧૯ માટે વિશ્વની સૌથી મોટી કંપનીઓના ફોર્ચ્યુન લિસ્ટમાં ૨૭૫માં ક્રમે હતી.

Face Value: 10.00
Market Cap: 85,392.63 Cr.
52 weeks High /Low
549.70 / 252.00
Book Value: 168.41
Stock P/E: 18.40
Dividend Yield: 5.13 %
ROCE: 18.47 %
ROE: 20.45 %
Sales Growth (3Yrs): 16.66 %



Technicals : દૈનિક ચાર્ટ્સ ઉપર રેઝિસ્ટન્સ બ્રેકઆઉટ જોવા મળી રહ્યું છે. આ સ્ટોકમાં રૂ. ૪૪૦ના ટાર્ગેટ સાથે ખરીદી કરી શકાય. સ્ટોપ લોસ રૂ. ૩૭૯ અને સમયગાળો ૧૯ દિવસ છે.

BF Utilities Limited (Last close Rs 203.6) : બીએફ યુટિલિટિસ ભારત સ્થિત હોલ્ડિંગ કંપની છે. તે પવન ઉર્જા અને માળખાગત ક્ષેત્રોમાં કાર્યરત છે. તેના વિન્ડ ફાર્મ રોજેક્ટ મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં થોસેગરમાં ૩૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા છે, જેમાં ૨૩૦ કિલોવોટના અંદાજે ૫૦ વિન્ડ એનર્જી જનરેટર્સ અને ૬૦૦ કિલોવોટના અંદાજે ૧૦ વિન્ડ એનર્જી જનરેટર્સ સામેલ છે. તેની પેટા કંપનીઓમાં નંદી ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોરિડોર એન્ટરરાઇઝ લિમિટેડ, નંદી હાઈવે ડેવલપર્સ લિમિટેડ અને અવિચલ રિસોર્સિસ રાઇવેટ લિમિટેડ સામેલ છે. એનઆઇસીઇ બેંગ્લોર મૈસુર ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોરિડોર રોજેક્ટમાં રસ ધરાવે છે, જે માળખાકીય વિકાસનો રોજેક્ટ છે. એનએચડીએલે ઉત્તર કર્ણાટકમાં હુબલી અને ધારવાડને જોડતો ૩૦ કિમીનો બાયપાસ રોડ બનાવ્યો છે અને તેનું સંચાલન પણ કરે છે. બીએમઆઇસી રોજેક્ટમાં ૪૦ કિમીનો આઉટર પેરફરેલ રોડ અને બિદાઇ સુધીનો ૧૦ કિમી જેટલો એક્સરેસવે પણ સામેલ છે. બીએફ યુટિલિટિસ લિમિટેડ (બીએફયુએલ)ની સ્થાપના કલ્યાણી ગ્રુપ કંપનીઝની ઉર્જાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે કરાઇ હતી. પાવર ઉપરાંત તે સ્ટીલ ઉત્પાદન, ફોર્જિંગ અને મશીનીંગ વગેરેમાં પણ કાર્યરત છે.

Face Value: 5.00
Market Cap: 748.87 Cr.
52 weeks High / Low
361.30 / 134.10
Stock P/E: 18.95
ROCE: 20.93 %



* Company has good consistent profit growth of 23.91% over 5 years.

Technicals : દૈનિક ચાર્ટ્સ ઉપર ટ્રેન્ડલાઇન સપોર્ટ મળ્યો છે. આ સ્ટોકમાં રૂ. ૨૩૩-૨૪૮ના રાઇઝ ટાર્ગેટ સાથે લેવાલી કરી શકાય. સ્ટોપ લોસ રૂ. ૧૯૧ અને સમયગાળો ૧૧ દિવસ છે.

- *Warren Buffett*
"You pay a very high price for a cheery consensus. It won't be the economy that will do in investors; it will be the investors themselves. Uncertainty is actually the friend of the buyer of long-term values."

TRADNICAL STRATEGY

Email: nimesh@nimeshthaker.com, M. 9228237373
NIMESH THAKER, BARODA
Sebi Registered NO. : INH000005874



આગલા અઠવાડિયા માટે રેન્જબાઉન્ડ ટ્રેન્ડની અપેક્ષા

આપણે બધા ખૂબ જ પડકારજનક સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. આપણે કોઈએ આવી પરિસ્થિતિ નો સામનો કરવો પડ્યો નથી.. પરંતુ આ સમય પણ પસાર થશે અને આપણે ઉજ્જવલ સમય આવતા જોઈશુ.

રેટિંગ એજન્સીએ આગાહી કરી ને ભારતની વિકાસ દર ને ડાઉનગ્રેડ કર્યો છે, પરંતુ મને લાગે છે કે આ ભાવમાં બધા નકારાત્મક સમાચારોની ફેક્ટર ઈન થઇ ગયા છે.. ગયા મહિને જ્યારે ફિચ આપણે ડાઉનગ્રેડ કર્યું હતું, ત્યારે ડાઉનગ્રેડના બીજા દિવસથી આપણે ઈન્ડેક્સ પર જોરદાર તેજી જોઇ હતી.. મને લાગે છે કે હાલના દિવસોમાં લિક્વિડિટી એ માત્ર અર્થવ્યવસ્થાનું માપદંડ છે અને પ્રવાહિતા બજારને ચલાવશે. અર્થતંત્રના નકારાત્મક ડેટા પર માર્કેટ વધુ પ્રતિક્રિયા નહી આપે. તેવું હું માનું છું.

ચાર્ટ ના દ્દષ્ટિકોણ થી,, દૈનિક ચાર્ટ પર બિઅર એન્ગલ્ફિંગ પેટર્ન જેને ૨૦૦ દિવસ ની એક્સપૉનેન્શ્યલ મૂવિંગ એવરેજ ની નીચે રચના કરી છે. જે તેજીવારા માટે સાવચેતી નું સૂચન કરે છે. જ્યારે સાપ્તાહિક ચાર્ટ પર ડોજીની રચના અનિશ્ચિતતા સૂચવે છે. મને લાગે છે કે નિફ્ટી પાસે ૧૧૨૪૦-૧૦૦૫૦ સ્તર વચ્ચે ઘણા બધા સપોર્ટ છે. અને આપણે તે સ્તરથી ખરીદીની અપેક્ષા રાખી શકીએ છીએ. જ્યારે ઉપલા મથાળે નિફ્ટી પર ૧૦૫૦૦-૧૦૭૦૦ એક મજબૂત પ્રતિકાર ઝોન છે અને અમે આ સ્તરથી નિફ્ટી માં દબાણની અપેક્ષા રાખીએ છીએ.

ઓપ્શન ના દ્દષ્ટિકોણ થી, નિફ્ટી ૧૦૫૦૦ કોલ ઓપ્શન ઉચ્ચતમ દર્શાવે છે જે સૂચવે છે કે ટૂંકા ગાળાના રોકાણકાર નિફ્ટીની ૧૦૫૦૦ ની સપાટીથી ઉપર જશે તેવી અપેક્ષા રાખતા નથી.

ઉપરના તમામ ડેટાને ધ્યાનમાં રાખીને, હું અપેક્ષા રાખું છું કે આવતા સપ્તાહમાં નિફ્ટી ૧૦૨૦૦-૧૦૫૦૦ ની રેન્જમાં આગળ વધવાની સંભાવના છે, જ્યાં ટ્રેડર્સ ને ઘટાડે ખરીદી અને ઉછાળે વેચવાની વ્યૂહરચનામાં અપનાવા નું ભલામણ કરું છું.

તમારા વેપાર અને રોકાણ સંબંધિત પ્રશ્નો માટે તમે ૯૨૨૮૨૩૭૩૭૩ પર સંપર્ક કરી શકો છો.

Infosys : Buy

Buy Range: 750-730

Target: 798-830 Stop loss : 720

Allocation: 10% of trading capital

વિશાળ વોલ્યુમ સાથે કન્સોલિડેશન પછી આ સ્ટોક એ બ્રેક-આઉટ આપ્યો છે, જે મજબૂતાઈ દર્શાવે છે. હું અપેક્ષા કરું છું કે ટૂંકા ગાળામાં સ્ટોક ૭૯૮-૮૩૦ સુધી પહોંચી શકે છે, તેથી ૭૨૦ ની નીચે સ્ટોપલોસ સાથે ખરીદી કરવા ની ભલામણ છે.

શ્યોર શોટ્સ

- Dilip K. Shah

Concor (રૂ. ૪૩૩.૦૦) (કોડ : ૫૩૧૩૪૪)

ભારત સરકાર દ્વારા પ્રમોટ થયેલી આ કંપની ખાસ કરીને વેગન બનાવે છે અને મેનેજ કરે છે. આ સિવાય કંપની ૭ આઈસીડી ડેપો મેનેજ કરે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૫ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૬૬૬ અને ઘટીને રૂ.૨૬૩ જોવાયો છે. કંપની અન્ય પીએસયુ કંપનીઓની જેમ જ તગડું ડિવિડન્ડ ચુકવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૧૭૧ ટકાનું ડિવિડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૧૫ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું હતું અને ૫૭ ટકાનું ફાયનલ ડીવીડન્ડ જાહેર કર્યું છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૦૪.૬૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૯૩૦૯ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૫૪.૮ ટકા અને પબ્લિક ૪૫.૨ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીને નવરત્ન સ્ટેટ્સ મળેલું છે. કંપનીનો બિઝનેસ મોનોપોલી વાળો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૬૯૫૬ કરોડથી ઘટીને રૂ.૬૫૩૯ કરોડ થઇ છે જયારે કંપનીએ રૂ.૧૨૩૨ કરોડના નફા સામે રૂ.૪૦૪ કરોડનો નોફો હાંસલ કર્યો છે. જોકે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ એક વારની રૂ.૮૬૧.૦૫ કરોડની નુકશાની દર્શાવી હતી જેના લીધે કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં ઓછો નફો દર્શાવ્યો છે. કંપનીની માર્કેટકેપ રૂ.૨૬૪૨૨ કરોડ છે. કંપનીમાં એફઆઈઆઈ ૨૬.૮૪ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૮.૫૮ ટકા અને ઈન્સ્યુરન્સ કંપનીઓ ૪.૭૭ ટકા હિસ્સો વધારે છે. વધુમાં સરકાર સ્ટ્રેટેજીક ડીસઈન્વેસ્ટમેન્ટ થકી કેટલીક કંપનીઓમાં પોતાનો સ્ટેક વેચવા વિચારી રહી છે જેમાં કોન્કોરનું નામ પણ છે એવામાં જો કોઈ પ્રાઈવેટ પ્લેયર આવે છે તો સ્ટોકમાં મોટા પાયે રીરેટિંગ થઇ શકે છે અને સરકારનો હિસ્સો આવનાર ૩-૪ મહિનામાં વેચાઈ જશે જેમાં હાલના ભાવથી સરકારને પ્રીમીયમ મળે એવી પૂરી સંભાવના છે.

Associated Alcohols (રૂ. ૨૫૮.૦૦) (કોડ : ૫૦૭૫૨૬)

B ગ્રુપની આ કંપની બ્રેવરેઝીસ એન્ડ ડીસ્ટ્રીલરીઝ ક્ષેત્રે કાર્યરત છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૨૯૮ અને ઘટીને રૂ. ૧૨૨ જોવાયો છે. કેડિયા ગ્રુપની આ કંપનીની સ્થાપના ૧૯૮૯માં થઈ હતી. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૮.૪૫ ટકા છે. AABL ના ટુંકા નામથી ઓળખાતી આ કંપની લીકરના ઉત્પાદનમાં સક્રિય છે. કંપની પોટેબલ આલ્કોહોલ સેગ્મેન્ટમાં કાર્યરત છે. જે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ માટે બોટલિંગ વોડકા અને સ્કોચ, વ્હીસ્કીના બિઝનેસમાં પ્રવૃત્ત છે. કંપની પોટેબલ આલ્કોહોલની તમામ વેરાયટી કન્ટ્રી લીકર, રેક્ટીફાઈડ સ્પિરીટ્સ, ઈન્ડિયન મેઈડ ફોરેન લિકર, વ્હીસ્કી, બ્રાન્ડી, રમ, જીન અને વોડકા કેટેગરી અને અન્ય આંતરરાષ્ટ્રીય બ્રાન્ડસ માટે બોટલિંગ સ્કોચ વ્હીસ્કી ક્ષેત્રે અસ્તિત્વ ધરાવે છે. કંપની દિલ્હી, મધ્ય પ્રદેશ ઉપરાંત પોડિંચેરી, કેરાલા, મહારાષ્ટ્ર અને છત્તિસગઢમાં અસ્તિત્વ ધરાવે છે. કંપની મધ્ય પ્રદેશમાં ઈન્દોર નજીક અત્યાધુનિક ૨૫ લાઈન બોટલિંગની સવલતો ત્રણ સેક્શનમાં ધરાવે છે અને કંપની વાર્ષિક ૧૦૦ લાખ કેસની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. કોરોના મહામારીને પગલે લોકડાઉન થતા કંપનીએ ઉત્પાદન બંધ કર્યું હતું. હાલમાં ૪ મે ૨૦૨૦ થી મંજુરી મળતા રાબેતામુજબ પ્લાન્ટમાં મેન્યુ. ચાલુ કરેલ છે. કોવિડ-૧૯ ની સીધી અસર વર્ષ ૨૦૨૦-૨૧ ના પ્રથમ ત્રિમાસિકમાં લોકડાઉનના સમયગાળા પુરતી નકારી ન શકાય. બુકવેલ્યુ રૂ. ૮૨.૫૦ છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬માં ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેર ઈસ્યુ કર્યા હતા. ૩૧ માર્ચ ૨૦૧૮-૧૯ ના પુરા થતા વર્ષાંતે કંપનીએ રૂ. ૪૧૧.૫૮ કરોડની આવક ઉપર રૂ. ૩૦.૨૬ કરોડનો નેટ પ્રોફિટ અને ઈપીએસ રૂ. ૧૬.૭૪ નોંધાવી છે. ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૧૪૫.૪૪ કરોડની આવક ઉપર રૂ. ૧૫.૮૨ કરોડનો નેટ પ્રોફિટ અને રૂ. ૮.૭૫ નો ઈપીએસ નોંધાવ્યો છે. કંપની નાણાંકીય વર્ષ ૩૧ માર્ચ ૨૦૨૦-૨૧ ના પુરા થતા વર્ષાંતે રૂ. ૫૯૬.૫૭ કરોડની આવક ઉપર રૂ. ૬૨.૧૦ કરોડનો નેટ નફો અને રૂ. ૩૪.૩૦ ની ઈપીએસ નોંધાવે તેવી મજબુત સંભાવના છે. વર્તમાન ભાવે આ સ્ટોક ૮ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થઈ રહ્યો છે જે આકર્ષક વેલ્યુએશન ધરાવે છે.

Vedanta (રૂ. ૧૦૯.૦૦) (કોડ : ૫૦૦૨૯૫)

એ ગ્રુપની આ કંપની એલ્યુમિનિયમ ક્ષેત્રે કાર્યરત છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૮૦ અને ઘટીને રૂ. ૬૦ જોવાયો છે. અગાઉ Sesa Goa Ltd. અને ત્યારબાદ Sesa Sterlite Ltd. ના નામે ઓળખાતી આ કંપની ૨૦૧૫માં તેનું નામ બદલીને વેદાંતા લી. થયું હતું. કંપની Cair India લી. નો ૪.૯૮ ટકા સ્ટેક હાંસલ કરી મર્જ થઈ હતી. કંપનીએ ખાસ તો એલ્યુમિનિયમ અને ઝિન્ક ડિવિઝનમાં ઓપરેશનલ લેવલે સારૂ પ્રદર્શન કર્યું હોવાથી ક્વાર્ટર-૪માં કોન્સોલીડેટ ઈબીઆઈટીડીએ વાર્ષિક ધોરણે માત્ર ૨૬ ટકા ઘટી હતી. કંપનીની મુખ્ય તાકાત તેનો વિશાળ કોમોડિટી પોર્ટફોલિયો, એલ્યુમિનિયમ, ઝિન્ક, કોલસો, બાયોક્સાઈટ, ઓઈલ અને ગેસ છે. સૌથી અગત્યની વાત એ છે કે, ચીનમાં કોવિડ-૯૧ની સ્થિતિ અંકુશમાં છે અને ચીન કોમોડિટીઝનું મુખ્ય ગ્રાહક છે એટલે કોમોડિટી કંપનીઓને વાંધો નહીં આવે. વેદાંતાને કોમોડિટી બિઝનેસની સંભવિત તેજીનો ભરપુર લાભ મળશે. રૂ. ૪૦૮૫૨ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ ગત વર્ષે ૩૯૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૩.૫૫ ટકા જેટલુ આકર્ષક થવા જાય છે. બુકવેલ્યુ રૂ. ૧૮૮.૦૩ છે. કંપનીએ ૨૦૧૯ના માર્ચ ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર રૂ. ૩૨૧૮ કરોડનો નેટ નફો નોંધાવ્યો હતો જેની સામે ૨૦૨૦ ના માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૧૨૦૮૩ કરોડની જંગી ખોટ કરી હતી જો કે, આ ખોટ વન ટાઈમ એક્સટેનશલ લોસને કારણએ હોવાથી એનાલિસ્ટ વેદાંતા માટે બુલિશ વ્યુ ધરાવે છે તેની વન

Cont...

ટાઈમ લોસ ઓઈલ ગેસ ઈમ્પરમેન્ટ રૂ. ૧૫૯૧૦ કરોડ, કોપર એસેટ ઈમ્પટમેન્ટના રૂ. ૬૭૦ કરોડ અને લિટિગેશન હેઠળના રૂ. ૫૬૦ કરોડના પ્રોવિઝનલને લીધે થઈ હતી. મોટાભાગની કોમોડિટીની કિંમત હવે તળિયુ બનાવી ચુકી છે અને ભાવ વધી રહ્યા છે. કંપનીનો ખરાબ સમય પુરો થયો છે અને તેનું ઓપરેશનલ પર્ફોમન્સ આગામી ક્વાર્ટરમાં સુધારશે. કંપનીની કેશ ફલોની સ્થિતિ સુધરશે. એક દાયકામાં કરેલા રૂ. ૫૫૦૦૦ કરોડના રોકાણના ફળ મળવાનું શરૂ થઈ ગયું છે.

Polycab India (રૂ. ૭૮૨.૦૦) (કોડ : ૫૪૨૬૫૨)

પોલીકેબ ઈન્ડિયા અગ્રણી ફાસ્ટ મુવિંગ ઈલેક્ટ્રિક ગુડ્સ બનાવતી કંપની છે. કંપની એપ્રિલ ૨૦૧૯માં આઈપીઓ લાવી હતી અને રૂ.૫૩૮ના ભાવે કંપનીએ શેર ઓફર કર્યા હતા. કંપનીના આઈપીઓને ખુબજ સુંદર પ્રતિસાદ મળ્યો હતો અને આઈપીઓ ટોટલ ૫૧.૮૮ ગણો ભરાયો હતો. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૧૮૦ અને ઘટીને રૂ.૫૨૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૧૬૪૬ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૬૮.૫૮ ટકા અને પબ્લિક ૩૧.૪૨ ટકા સ્ટેક ધરાવે છે જેમાં એફઆઈઆઈ પાસે ૪.૮૯ ટકા અને અન્ય ડીઆઈઆઈ પાસે ૧૦.૪૧ ટકા સ્ટેક છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ સુંદર પરિણામો આપ્યા છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૨૪૬૪ કરોડથી ઘટીને રૂ.૨૧૨૯ કરોડ થઇ છે જયારે નફો રૂ.૧૪૦ કરોડથી વધીને રૂ.૨૧૪ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૮૮૩૦ કરોડની આવક ઉપર રૂ.૭૫૯ કરોડનો નફો અને રૂ.૫૧.૧૫ની ઈપીએસ હાંસલ કરી છે. કંપની કેબલ્સથી લઈને એલઈડી લાઈટ્સ, ફેનથી લઈને સ્વીચગીયર સુધીના અનેક પ્રોડક્ટ્સ બનાવે છે અને કંપનીની બ્રાંડ માર્કેટમાં ખુબ જ લોકપ્રિય છે. કંપનીના એક-બે ક્વાર્ટર નબળા રહી શકે છે જોકે સ્ટોકમાં વર્તમાન ભાવથી કોઈ કરેકશન આવે છે તો એ રોકાણ માટે યોગ્ય સમય બની શકે છે. સ્ટોકમાં વર્તમાન ભાવથી કોઈ પણ ઘટાડામાં ચાર થી પાંચ ટુકડે લાંબાગાળાનું રોકાણ કરી શકાય. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૭૦ ટકા વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે.

Balkrishna Ind. (રૂ. ૧૨૪૨.૦૦) (કોડ : ૫૦૨૩૫૫)

કંપનીની કુલ આવકમાં એગ્રીકલ્ચર સેગમેન્ટનો ૬૨ ટકા અને ઈન્ડસ્ટ્રીયલ, કન્સ્ટ્રકશન તેમજ અર્થમુવિંગ સેગમેન્ટનો ૩૪ ટકા હિસ્સો છે. કંપની કુલ ૪ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ધરાવે છે જેમાંના ૨ રાજસ્થાનમાં આવેલા છે. એક મહારાષ્ટ્રમાં અને એક ગુજરાતમાં આવેલો છે કંપની પોતાના કુલ ઉત્પાદનના ૯૦ ટકા વિશ્વના ૧૨૦ દેશોમાં નિકાસ કરે છે. કંપનીની મોટા ભાગની આવક નિકાસમાંથી આવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૧૩૫૬ કરોડથી વધીને રૂ.૧૩૭૨ કરોડ થયું છે પણ નફો રૂ.૧૮૬ કરોડથી વધીને રૂ.૨૬૫ કરોડ થયો છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૨૯૮ અને ઘટીને રૂ.૬૭૭.૬૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૨૪૦૨૩ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે કંપનીએ ૧૫૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૩૦૦ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચૂકવી દીધું છે તેમજ ૧૦૦ ટકાનું ફાયનલ ડીવીડન્ડ ચુકવ્યું છે જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૨૦૦ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચૂકવી દીધા પછી ૮૦૦ ટકાનું જંગી વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. કંપનીમાં મ્યુચ્યુઅલ ફંડો પાસે ૧૭.૬૬ ટકા અને એફઆઈઆઈ પાસે ૧૧.૯૩ ટકા હિસ્સો છે. માર્ચ ક્વાર્ટરમાં મ્યુચ્યુઅલ ફંડોએ ૦.૩૪ ટકા હિસ્સો વધાર્યો છે જયારે એફઆઈઆઈનો સ્ટેક માર્ચ ક્વાર્ટરમાં ૦.૨૫ ટકા વધ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૪૮૧૧ કરોડના વેચાણ ઉપર રૂ.૯૬૦ કરોડનો નફો અને રૂ.૪૯.૬૪ની ઈપીએસ હાંસલ કરી છે.

Buy... Buy...

SCI	58.00
UCO Bank	16.00
IOB	13.00
Nava Bharat Ven.	57.00
Tanla Sol.	69.00
Oil India	94.00
Ludlow Jute	86.00
Central Bank	19.00
Nucleous Soft	268.00
A.B. Money	36.00
Walchand Nagar	50.00

Buy on Dips

Castrol	128.00
HPCL	230.00
ITC	195.00
Deepak Fert.	117.00
CYIENT	275.00
Kalyani Steel	216.00
Max Finance	515.00
SBI	165.00
Ruchi Soya	1507.00
Sasken	506.00
Chambal Fert.	144.00

Hold

BEML	645.00
Kotak Bank	1340.00
Cadila HC	363.00
NIIT Techno	1484.00
D-Mart	2295.00
Goster	441.00
HDFC Life	541.00
Finolex Ind.	520.00
Kajaria Cera.	400.00
Page Ind.	20117.00
ICICI Bank	349.00

Sell on High

Ashok Leyland	52.00
Bharati Infra	220.00
Sunteck Realty	183.00
IndiGo	1029.00
UBL	1014.00
LIC Hsg.	270.00
Somany Cera.	125.00
Exide Ind.	148.00
Network 18	41.00
Canara Bank	104.00
City Union Bank	124.00

Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

ઈન્ડેક્સ ૩૪૭૯૪ અને નિફટી ફયુચર ૧૦૨૩૫ મહત્વના સપોર્ટ

BSE Index (૩૫૧૭૧.૨૭) :- ૩૨૩૪૮.૧૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૩૫૨૫૫ ઉપર ૩૫૭૦૭ કુદાવે તો, ૩૫૯૨૦ સુધીની શકયતા. નીચામાં ૩૪૯૧૦ નીચે ૩૪૪૯૯ સપોર્ટ ગણાય.

Bank Nifty Future (૨૧૫૩૦.૦૦) :- ૧૯૪૩૫.૮૦ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૧૭૧૮ ઉપર ૨૧૯૮૫, ૨૨૪૯૫ કુદાવે તો, ૨૩૩૫૦, ૨૪૪૦૦ સુધીની શકયતા. નીચામાં ૨૦૯૦૫ નીચે નબળાઈ સમજવી.



Nifty Future (૧૦૩૩૨.૦૦) :- ૯૫૮૧.૯૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓળરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૦૩૬૩ ઉપર ૧૦૪૧૫, ૧૦૫૩૬ કુદાવે તો, ૧૦૫૫૦, ૧૦૬૧૦ સુધીની શકયતા. નીચામાં ૧૦૨૩૫, ૧૦૧૮૧ નીચે નબળાઈ સમજવી.

ACC (૧૨૮૮.૬૦) :- ૮૯૫.૧૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓળરબોટથી ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૨૮૧ ઉપર ૧૨૯૩ ઉપર ૧૩૨૦, ૧૩૩૦ સુધીની શકયતા. નીચામાં ૧૨૪૦ નીચે ૧૨૩૦ તુટે તો ૧૨૧૩, ૧૧૮૭, ૧૧૬૦ સુધીની શકયતા.

HCL Techno (૫૬૨.૪૦) :- ૫૯૩.૫૦ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ, અઠવાડીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તરફ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૫૬૭ ઉપર ૫૮૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૫૪૪ અને ૫૩૭ તુટે તો ૫૨૫, ૫૧૧ સુધીની શકયતા.

HUL (૨૧૫૪.૨૦) :- ૧૯૫૫.૨૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૧૯૦ કુદાવે તો, ૨૨૧૪, ૨૨૫૮ સુધીની શકયતા. નીચામાં ૨૧૨૪ નીચે ૨૦૮૭ સપોર્ટ ગણાય.

M&M (૧૭૬.૧૦) :- ૧૨૫.૪૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૯૦ અને ૧૯૪ કુદાવે તો, ૨૧૨, ૨૩૦ સુધીની શકયતા. નીચામાં ૧૭૫ અને ૧૭૦ સપોર્ટ ગણાય.

TCS (૨૧૧૫.૦૦) :- ૧૫૦૬ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરસોલ્ડ, અઠવાડીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૧૩૨ ઉપર ૨૧૭૧, ૨૨૧૦ સુધીની શકયતા. નીચામાં ૨૦૫૦ નીચે ૨૦૨૦ સપોર્ટ ગણાય.

(ડિસક્લેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)

ઈર્શાદ :- "પ્રેમમાં કંઈ ખાસ કરવાનું કશું હોતું નથી, જેમણે ઘાયલ કર્યા છે, એમને ઘાયલ કરો" -'મધુસુદન પટેલ'



Dilip Davda
e-mail
dilip_davda@rediffmail.com

Expert's Eye

જૂન ડેરિવેટિવ્સ ગ્રીન ઝોનમાં બંધ

મહામારીની ચિંતાઓ વધતાં સામાન્ય સેન્ટિમેન્ટ ઉપર અસર

ભારતીય શેરબજારમાં જૂન મહિનાના અંતિમ સપ્તાહમાં સકારાત્મક વલણ જોવા મળ્યું તથા ડેરિવેટિવ્સ એક્સપાયરીમાં પણ સકારાત્મક અભિગમ હતો. વિશ્વભરમાં મહામારી અંગેની ચિંતાઓ વધી રહી છે તથા સેન્ટિમેન્ટઉપર તેની અસર જોવા મળી છે. ઘરેલુ સ્તરે કોવિડ-૧૯ પોઝિટિવ કેસોમાં વધારાની બજારે અવગણના કરી છે. બજારની ગતિવિધિ ચોથા ત્રિમાસિકગાળાના કંપનીના પરિણામો ઉપર આધારિત રહી તથા ૬૦૦થી વધુ કંપનીઓએ તેમના પરિણામો જાહેર કર્યાં છે. અન-લોકડાઉનની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે વધુ રાહત પેકેજની જાહેરાતની અપેક્ષાઓ પાછળ માર્કેટને બળ મળ્યું હતું તથા તેજીની સંભાવના વધુ મજબૂત થઈ છે. ફાર્મા, મેટલ, ઓટો, આઈટી અને બેન્કિંગ સેક્ટરમાં મિશ્ર વલણ નોંધાયું છે. ગત સપ્તાહે સતત બીજી વાર માર્કેટ વધ્યાં સ્તરે બંધ આવ્યું છે.

ગત સપ્તાહે નિફ્ટીમાં ૧૦૫૫૩.૧૫-૧૦૧૯૪.૫૦ તથા સેન્સેક્સમાં ૩૫૭૦૬.૫૫-૩૪૪૯૯.૭૮ની રેન્જમાં વધઘટ થઈ હતી. સપ્તાહ દરમિયાન નિફ્ટી ૧૩૮.૬૦ પોઈન્ટ્સ અને સેન્સેક્સ ૪૩૯.૫૪ પોઈન્ટ્સ વધ્યો હતો.

સોમવારે બજાર વધ્યાં સ્તરે ખુલ્યું હતું અને ગ્રીન ઝોનમાં જળવાઈ રહ્યું. નિફ્ટી ૬૬.૮૦ પોઈન્ટ્સ વધીને ૧૦૩૧૧.૨૦ અને

Cont....

During the week dividend announcement

Aegis Logi (120%), Akzo Nobel (140%), Avadh Sugar (40%), Balaji Amines (30%), Bharat Bhushan (6%), BLS Intl (50%), Cochin Shipyard (150%), Ganesha Eco (20%), GE Power (20%), GPT Infra (15%), Guj Intrux (30%), HBL Power (10%), HLE Glass (25%), JTEKT (35%), Khaitan Chem (20%), OnMobile (15%), Patels Airtemp (25%), Power Grid (40.4%), Sarda Energy (50%), Sarthak Metals (5%), Seamec (10%), Skipper (10%), Yash Pakka (10%), Alkyl Amines (200%), Asian Paints (150%), Berger Paints (30%), Compuage Info (10%), Fairchem Spl (15%), GM Breweries (30%), GMDC (100%), Hexaware (150%), Honda Siel (125%), Magadh Sugar (40%), Astra Micro (60%), Balmer Lawrie (75%), Bannari Amman Sugar (100%), GP Petro (15%), IG Petro (20%), India Cements (6%), Indoco Remedies (15%), Kakatiya Cement (30%), Monte Carlo (50%), Rajapalayam Mills (10%), Rane Holdings (40%), Sangam India (10%), Somany Home (7.5%), Anup Engg (70%), Tide Water (2800%), Transpek Ind (25%), United Brew. (250%), Apollo Hospital (55%), Bombay Burmah (60%), Captain Poly (2%), Ceinsys Tech (25%),Container Corp (57%), Eimco Elecon (50%), Engineers India (31%), Everest Org (10%), Goldiam Intl (15%), Hercules Hoist (180%), Ion Exch (15%), JB Chem (50%), KIOCL (7%), Oriental Veneer (20%), Polyspin Expo (6%), Radix Ind (5%), S I Paper (15%), Surya Roshni (20%), Suryalata Spg (10%), TTK Prestige (200%), Vidhi Spl (20%), Yug Décor (14%), Zuari Global (10%), Apollo Micro (5%), Ashok Alco (5%), Bhageria Ind (60%), Black Rose (35%), Dolfin Rubbers (10%), Thejo Engg (50%), Glenmark Pharma (250%), Hester Bio (66%), Hind Rectifiers (40%), HUDCO (23.5%), Ind & Prud (250%), ITC (1015%), J Kumar Infra (25%), Jay Bharat Maruti (25%), Keltech Energ (15%), Nahar Capital (10%), Nahar Poly (20%), Oil India (16%), Orient Paper (50%), RJ Shah (100%), Reliance Chemo (10%), Rubfila Intl (24%), Rupa & Co (300%), Shree Ajit Pulp (7.5%), Southern Gas (40%), Sumedha Fiscal (6%),TPL Plast (35%) etc.

- **During the week Polyspin Expo turned ex-split (2 for 1).**
- **During the week bonus issue announced by Polyspin Exports (1 for 4 - on ex-split basis) and Trident Texo (14 for 10).**
- **During the week Arvind Fashions announced rights issue in the ratio of 62 shares for every 91 shares held and Aditya Birla Fashion in the ratio of 9 shares for every 77 shares held.**
- **Board meeting for considering bonus issue convened by Jonjua Overseas on 29.06.2020.**

સેન્સેક્સ ૧૭૯.૫૯ પોઈન્ટ્સ વધીને ૩૪૯૧૧.૩૨ના સ્તરે બંધ આવ્યો હતો. કોવિડ-૧૯ની દવા લોન્ચ કર્યાના અહેવાલોને કારણે ગ્લેનમાર્ક સ્ટાર પર્ફોર્મર રહ્યું તથા રૂ. ૧૧૧ના વધારા સાથે બજારમાં સુધારાનું તેણે નેતૃત્વ કર્યું હતું. આ ઉપરાંત હેલ્થકેર સેક્ટરની અન્ય કંપનીઓ તરફથી પણ બજારને બળ મળ્યું હતું. રિલાયન્સમાં ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગને કારણે ઘટાડો નોંધાયો હતો. કેટલાંક મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં પણ લેવાલી થઈ હતી, જેના કારણે માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ જળવાઈ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

મંગળવારે ફ્લેટ પણ પોઝિટિવ ઓપનિંગ સાથે બજારમાં બે તરફી વધઘટ થયાં બાદ ડેરિવેટિવ એક્સપાયરી પહેલાં શોર્ટ કવરિંગને કારણે સુધારો નોંધાયો હતો. નિફ્ટી ૧૫૯.૮૦ પોઈન્ટ્સ વધીને ૧૦૪૭૧ અને સેન્સેક્સ ૫૧૯.૧૧ પોઈન્ટ્સ વધીને ૩૫૪૩૦.૪૩ના સ્તરે બંધ આવ્યો હતો. મુખ્યત્વે પાવર અને ફાઈનાન્સ સેક્ટરના કાઉન્ટર્સની આગેવાની હેઠળ બજારમાં તેજી આવી હતી, જેને આઈટી, ઓટો, ફાર્મા અને એફએમસીજી કાઉન્ટર્સનો ટેકો મળ્યો હતો. જોકે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગને કારણે નબળાઈ વર્તાઈ હતી. મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોના સારા પ્રદર્શનને કારણે માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી હતી. એફઆઈઆઈ અને ડીઆઈઆઈ મુખ્ય ખરીદદારો હતો.

બુધવારે ફરી એકવાર ગેપ અપ ઓપનિંગ જોવા મળ્યું હતું અને નોંધપાત્ર ઘટાડા સાથે બજાર બંધ આવ્યું હતું. નિફ્ટી ૧૬૫.૭૦ પોઈન્ટ્સ ઘટીને ૧૦૩૦૫.૩૦ અને સેન્સેક્સ ૫૬૧.૪૫ પોઈન્ટ્સ ઘટીને ૩૪૮૬૮.૯૮ના સ્તરે બંધ આવ્યો હતો. વિશ્વભરમાં કોવિડ-૧૯ કેસોમાં વધારાને કારણે ચિંતા વધી હતી અને તેના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ વેચવાલી આવી હતી, જેની અસર ઘરેલુ બજારો ઉપર પણ વર્તાઈ હતી. બેન્કિંગ અને ફાર્મા કાઉન્ટર્સની સાથે-સાથે મીડ અને સ્મોલ કેપમાં પીછેહઠ થઈ હતી. ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગને કારણે માર્કેટ બ્રેથ્ડ નેગેટિવ થઈ હતી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદારો અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

ગુરુવારે બજાર ફ્લેટ ખુલ્યાં બાદ બે તરફી વધઘટ બાદ આખરે ઘટ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી માત્ર ૧૬.૪૦ પોઈન્ટ્સ ઘટીને ૧૦૨૮૮.૯૦ અને સેન્સેક્સ ૨૬.૮૮ પોઈન્ટ્સ ઘટીને ૩૪૮૪૨.૧૦ના સ્તરે બંધ આવ્યો હતો. આ સત્રમાં નબળાઈ વચ્ચે પણ જૂન ૨૦૨૦ માટે ડેરિવેટિવ એક્સપાયરી પોઝિટિવ નોટ ઉપર બંધ આવી હતી. વૈશ્વિક સ્તરે મહામારીના કેસોમાં સતત વધારાને કારણે બજારમાં સુધારા સામે ચોક્કસપણે અવરોધ પેદા થયો હતો. આઈટી કાઉન્ટર્સમાં પીછેહઠ થઈ હતી, પરંતુ બેન્કિંગ અને એફએમસીજી કાઉન્ટર્સમાં નવેસરથી લેવાલી નોંધાઈ હતી. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં પણ લેવાલી થઈ હતી. જોકે, એફઆઈઆઈ અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

શુક્રવારે બજારની મક્કમ શરૂઆત થઈ હતી અને વધ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૯૪.૧૦ પોઈન્ટ્સ વધીને ૧૦૩૮૩ અને સેન્સેક્સ ૩૨૯.૧૭ પોઈન્ટ્સ વધીને ૩૫૧૭૧.૨૭ના સ્તરે બંધ આવ્યો હતો. બંન્ને સૂચકાંકો ૧૦૩૦૦ અને ૩૫૧૦૦ના મનોવૈજ્ઞાનિક સ્તરની ઉપર બંધ આવ્યાં હતાં. આઈટી કાઉન્ટર્સમાં આશ્ચર્યજનક વૃદ્ધિ થઈ હતી અને ઈન્ફોસિસ ૬.૬ ટકા, ટીસીએસ ૫.૨ ટકા વધ્યો હતો. બીજી તરફ ઓઈલ અને ગેસ કાઉન્ટરમાં બીપીસીએલ અને આઈઓસીએ પણ સારી વૃદ્ધિ હાંસલ કરી હતી. બેન્કિંગ કાઉન્ટર્સમાં કેટલીક કંપનીઓમાં સારી પ્રગતિ થઈ હતી. હેલ્થકેર સેગમેન્ટમાં મિશ્ર વલણ હતું. મીડ અને સ્મોલ કેપમાં નબળા પ્રદર્શન વચ્ચે પણ માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા અને ડીઆઈઆઈ મુખ્ય ખરીદદાર હતાં.

ડોલરની સામે રૂપિયો ૭૫.૬૫ના સ્તરે રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ બેરલદીઠ ૪૧ ડોલરની આસપાસ રહ્યું હતું. ઈંધણના ભાવમાં સતત વધારો ચિંતાનું કારણ બન્યું છે. આગામી સપ્તાહે ૧૭૫૦થી વધુ કોર્પોરેટ્સના પરિણામો જાહેર થશે. જૂન મહિનામાં ઓટો અને સિમેન્ટ ડિસ્પેચ તથા મેક્રો ઈકોનોમિક ડેટા ઉપર વિશેષ નજર રહેશે. આમ બજારમાં ભારે વોલેટાલિટીની સંભાવના નકારી શકાય નહીં તથા સ્ટોક આધારિત અભિગમ જોવા મળશે.

વર્તમાન સ્થિતિમાં નિફ્ટી ૧૦૮૦૦-૯૮૦૦ અને સેન્સેક્સ ૩૬૭૫૦-૩૩૨૫૦ની રેન્જમાં જળવાઈ રહેવાની સંભાવના છે.

DISCLAIMER: No financial infromation whatsoever published anywhere here should be construed as an offer to buy ro sell securities, ro as advice to do so in any way whatsoever. All matter published here is purely fro educational and infromation purposes only and under no circumstances should be used fro making investment decisions. Readers must consult a qualified financial advisro priro to making any actual investment decisions, based on infromation published here. Any reader taking decisions based on any infromation published here does so entirely at own risk. Above infromation is based on the details available as on the date along with market perceptions. Investros should bear in mind that any investments in stock markets are subject to unpredictable market related risks. (THE AUTHOUR IS SEBI REGISTERED RESEARCH ANALYST)

Nifty & Sensex Movement during the last week

Nifty	Open	High	Low	Close	Diff
22-Jun-20	10318.75	10393.65	10277.6	10311.2	66.8
23-Jun-20	10347.95	10484.7	10301.75	10471	159.8
24-Jun-20	10529.25	10553.15	10281.95	10305.3	-165.7
25-Jun-20	10235.55	10361.8	10194.5	10288.9	-16.4
26-Jun-20	10378.9	10409.85	10311.25	10383	94.1
		Net	Weekly	Gains	138.6

Sensex	Open	High	Low	Close	Diff
22/06/2020	34,892.03	35,213.52	34,794.40	34,911.32	179.59
23/06/2020	35,015.73	35,482.16	34,843.69	35,430.43	519.11
24/06/2020	35,679.74	35,706.55	34,794.93	34,868.98	-561.45
25/06/2020	34,525.39	35,081.61	34,499.78	34,842.10	-26.88
26/06/2020	35,144.78	35,254.88	34,910.34	35,171.27	329.17
		Net	Weekly	Gains	439.54

ધ્યાનમાં રાખવા જેવા શેરો...

- Siddharth Shah

Hero Moto Corp. (Rs. 2540.00) (Code : 500182)

હીરો મોટોકોર્પ : હીરો મોટોકોર્પ (એચએમસીએલ)ના શૅર્સમાં ગયા સપ્તાહે તેજી જોવા મળી હતી. લૉકડાઉન દૂર થયા પછી માગમાં સુધારાની અપેક્ષાએ ગુરુવારે તેનો શૅર રૂ. ૨૫૮૫ની સાત મહિનાની ટોચને સ્પર્શ્યો હતો. છેલ્લાં ત્રણ મહિનામાં સ્ટોકે અસાધારણ પરફૉર્મન્સ દર્શાવતાં ૫૬ ટકાનો ઊછાળો જોવા મળ્યો છે જ્યારે તેની સરખામણીમાં એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં ૩૪ ટકા ટકાની વૃદ્ધિ જોવા મળી છે. ગ્રામીણ બજારમાં માગમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ગ્રામીણ બજારમાં કૃષિ, મનરેગા પ્રવૃત્તિઓ મારફત રોકડ પ્રવાહ આવ્યો છે. આથી ગ્રામીણ વિસ્તારમાં ટુ વ્હીલરની માંગ વધે તેવી શક્યતા છે. હિરો મોટોકોર્પ ગ્રામીણ વિસ્તારોમાંથી ૫૦ ટકા આવક મેળવે છે. આથી તેને સૌથી વધુ લાભ થશે. આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝના એનલિસ્ટ્સના મતે એચએમસીએલમાં ગ્રામીણ માગમાં સુધારાને પગલે નાણાકીય વર્ષ ૨૦૨૧ના બીજા છ માસમાં વ્યાપક વૃદ્ધિની સંભાવના છે. આ શેરમાં તબક્કાવાર ખરીદી કરો.

Muthoot Finance (Rs. 1089.00) (Code : 533398)

મુથૂટ ફાઈનાન્સ એક એવો સ્ટોક છે, જે સતત આગેકૂચ કરી રહ્યો છે. હાલમાં સર્વોચ્ચ સપાટીની નજીક ટ્રેડ થઈ રહેલા આ સ્ટોકે વર્ષ ૨૦૧૧માં તેના લિસ્ટિંગ સમયથી અત્યાર સુધીમાં તેના શૅરધારકોને ૬૦૦ ટકાથી વધુનું રીટર્ન આપ્યું છે અને તે હજી પણ આગેકૂચ માટે સજ્જ છે. કંપની ટ્રેડર્સ, નાના દુકાનદારો અને ઉદ્યોગો તરફથી ગોલ્ડ લોન્સ માટે ખૂબ જ ઊંચી કન્ઝ્યુમર માંગ ધરાવે છે. એમએસએમઈને વર્તમાન સમયમાં તેમનો બિઝનેસ ફરી શરૂ કરવા માટે ઝડપથી નાંણાંની જરૂર હોય છે અને તેમની કામચલાઉ કાર્યકારી મૂડીની જરૂરિયાત પૂરી કરવા માટે ગોલ્ડ લોન એક સરળ ઉકેલ સાબિત થાય છે. કંપનીના ચોથા ક્વાર્ટરના મજબૂત પરિણામોમાં પણ આ સ્પષ્ટ થાય છે. મુથૂટ ફાઈનાન્સે વાર્ષિક ધોરણે ૨૨ ટકા અને ત્રિમાસિક ધોરણે ૮ ટકાની લોન વૃદ્ધિ સાથે છેલ્લા ૪.૫ વર્ષમાં શ્રેષ્ઠ લોન વૃદ્ધિ નોંધાવી છે. મોટાભાગના વિશ્લેષકો આ સ્ટોકને ટ્રેકિંગ કરે છે અને તેજીના વલણ સાથે સ્ટોકને હોલ્ડ કરવાની ભલામણ કરે છે. લગભગ ૯૩ ટકા વિશ્લેષકો આ સ્ટોકને બાય રેટિંગ આપે છે. આ શેરમાં ખરીદી કરો.

ICICI Bank (Rs. 349.00) (Code : 532174)

આઈસીઆઈસીઆઈ બેન્ક ભંડોળ ઊભું કરવા તરફ નજર દોડાવતી હોવાના મીડિયા રિપોર્ટ પછી ૨૫મી જૂને બેન્કના શૅરના ભાવમાં ઈન્ટ્રા ડે ૨ ટકા જેટલો ઊછાળો આવ્યો હતો. ગ્લોબલ બ્રોકરેજ હાઉસીસે ૨૬-૩૬ ટકાની તેજી સાથે આ સ્ટોક પર પોઝિટિવ વ્યૂ આપ્યો છે. મેકક્વેરીના જણાવ્યા મુજબ ૩ અબજ ડોલરની મૂડી વૃદ્ધિ બેલેન્સશીટને વધુ મજબૂત બનાવશે. સીઈટી-૧ રેશિયો ૩૦૦ બીપીએસ સુધરીને ૧૬.૩૮ ટકા થશે. જેફેરીસે જણાવ્યું હતું કે મૂડી વૃદ્ધિથી નજીકના સમયમાં રીટર્ન ઓન ઈક્વિટી (આરઓઈ) ઘટશે, પરંતુ બેન્કની મૂડી સ્થિતિ મજબૂત થશે. આઈસીઆઈસીઆઈ બેન્કે ૧૯મી જૂને આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીમાં ૩.૯૬ ટકા હિસ્સો વેચીને રૂ. ૨,૨૫૦ અને ૨૨મી જૂને આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં ૧.૫ ટકા હિસ્સો વેચીને રૂ. ૮૪૦ કરોડ ઊભા કર્યા છે. આ ખાનગી સેક્ટરનો બેન્કિંગ સ્ટોક બજારના આ તબક્કે ખરીદી માટે સારો છે.

Trent (Rs. 688.00) (Code : 500251)

ટ્રેન્ટે માર્ચ ૨૦૨૦ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૧૨.૭૩ કરોડનો કોન્સોલિડેટેડ પ્રોફિટ નોંધાવ્યો હતો, જે માર્ચ ૨૦૧૯ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૪.૩૬ કરોડના નેટ લોસની સરખામણીમાં વધુ છે. માર્ચ ૨૦૧૯ના ચોથા ક્વાર્ટરની સરખામમીમાં માર્ચ ૨૦૨૦ના ચોથા ક્વાર્ટરમાં કંપનીની કોન્સોલિડેટેડ કુલ આવક ૨૫.૦૯ ટકા વધીને રૂ. ૮૮૦.૫૪ કરોડ થઈ હતી. ટ્રેન્ટનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ માર્ચ ૨૦૨૦ના નાણાકીય વર્ષના અંતે ૨૬.૬૩ ટકા વધીને રૂ. ૧૨૨.૭૮ કરોડ થયો હતો જ્યારે કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે ૩૫.૯૨ ટકા વધીને રૂ. ૩,૬૩૦.૪૮ કરોડ થઈ હતી. વર્ષ દરમિયાન કંપનીએ તેના પોર્ટફોલિયોમાં ૬૩ સ્ટોર્સ (૨૦ વેસ્ટસાઈડ, ૪૧ ઝુડિઓ અને ૨ ઉત્સા)નો ઉમેરો કર્યો હતો. કોવિડ-૧૯ સંબંધિત ઘટનાઓના પગલે માર્ચ અને એપ્રિલના પ્રારંભમાં ૨૧ સ્ટોર્સ (૪ વેસ્ટસાઈડ અને ૧૭ ઝુડિઓ)ના ખોલવા પર અસર થઈ હતી. લૉકડાઉન હળવું થશે એટલે કંપનીના આ વધારાના સ્ટોર્સ ખુલશે તેમ મનાય છે. ટ્રેન્ટ ભારતના અગ્રણી ફેશન રીટેલ સ્ટોર્સની ચેઈનમાંની એક વેસ્ટીસાઈડનું સંચાલન કરે છે. વધુમાં હાઈપરમાર્કેટ સ્ટાર બેનર હેઠ્ઠ સ્પર્ધાત્મક ફૂડ, ગ્રોસરી અને દૈનિક જરૂરિયાતો પૂરી કરવાના સેગ્મેન્ટમાં કામ કરે છે તથા પારિવારિક મનોરંજન ફોર્મેટ સ્ટોર લેન્ડમાર્ક સ્ટોર અને ગ્રેટ વેલ્યુ માટે વન શોપ ડેસ્ટિનેશન ઝુડિઓનું સંચાન કરે છે. ખરીદો.

માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો....

- Het Zaveri

Berger Paints (Rs. 510.00) (Code : 509480)

બર્જર પેઈન્ટ્સ ઈન્ડિયાએ માર્ચ ક્વાર્ટરની આવકો જાહેર કર્યા પછી કંપનીના શૅર્સમાં ગયા સપ્તાહે ઊછાળો આવ્યો હતો. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ના ચોથા ક્વાર્ટરમાં ૬.૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૩.૨ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો, જે એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં રૂ. ૧૧૦.૪ કરોડ હતો. સમાન સમયમાં કંપનીની આવક રૂ. ૧,૪૭૨.૧ કરોડથી ૮ ટકા ઘટીને રૂ. ૧,૩૫૪.૮ કરોડ થઈ હતી. કંપનીએ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં મજબૂત ડેકોરેટીવ વોલ્યુમ વૃદ્ધિ જોવા મળી હતી. પરંતુ ઈન્ડસ્ટ્રીયલ અને ઓટો ઉદ્યોગમાં એકંદરે મંદી હોવાથી સ્વાભાવિક જ તેમાં તે નકારાત્મક હતી. કંપનીને જૂનમાં ડેકોરેટીવ સેગ્મેન્ટમાં ખૂબ જ સારી વોલ્યુમ વૃદ્ધિની અપેક્ષા છે. કંપનીનો કાર્યકારી નફો રૂ. ૨૨૫.૬ કરોડથી ૭.૬ ટકા ઘટીને રૂ. ૨૦૮.૪ કરોડ રહ્યો હતો જ્યારે કાર્યકારી નફાનો તફાવત નીચા મટીરીયલ ખર્ચના કારણે ૧૫.૩૩ ટકાથી ૫ બીપીએસ વધીને ૧૫.૩૮ ટકા રહ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦ માટે કંપનીનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ ૩૨.૮ ટકા વધીને રૂ. ૬૫૬.૧ કરોડ થયો હતો જ્યારે આવક ૫ ટકા વધીને રૂ. ૬,૩૬૫.૮ કરોડ રહ્યો હતો. પ્રત્યેક ઘટાડે આ સ્ટોક ખરીદો.

Voltamp Transformers (Rs. 1137.00) (Code : 532757)

વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સે સારા પરિણામ દર્શાવ્યા છે. જોકે, નીચી અન્ય આવકે (એમટીએમ નુકસાન) નફાકારકતા ઘટાડી છે. નાણાકીય વર્ષ ૨૦ના ચોથા ક્વાર્ટરમાં તેનો ઓર્ડર ઈન્ફલો રૂ. ૨૫૦ કરોડ (વાર્ષિક ધોરણે ૩૩.૫ ટકા સુધી) રહ્યો છે, જે રૂ. ૪૭૦ કરોડના ઓર્ડર બેકલોગમાં પરિવર્તિત થાય છે. આગામી બે-ત્રણ ક્વાર્ટર્સમાં તેનો અમલ થવાની સંભાવના છે. મેનેજમેન્ટ ઓર્ડર્સ માટે સાવધાનીપૂર્વક બોલી લગાવશે. કંપનીનું માનવું છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટીલ, સીમેન્ટ, ઓઈલ અને ગેસ, રીન્યુએબલ (ખાસ કરીને સૌર) એનર્જી અને કેમિકલ્સ વેગેર ઉદ્યોગોમાં મધ્યમથી લાંબાગાળે વ્યાપક તકો છે. કંપનીની મજબૂત ઓર્ડર બૂક, દેવા મુક્ત સ્થિતિ, મુક્ત રોકડ પ્રવાહ અને મજબૂત રીટર્ન રેશિયોના કારણે સ્ટોક અંગે વિશ્લેષકોને તેજીની આશા છે. તબક્કાવાર ખરીદો.

HDFC Life Insurance (Rs. 541.00) (Code : 540777)

એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ : કોવિડના આ સમયમાં સ્વાસ્થ્ય પ્રત્યેની અને જીવન પ્રત્યેની જાગૃતિ વધી છે. લોકો જીવન અને પરિવારના રક્ષણ માટે વીમા કવચ તરફ નજર દોડાવી રહ્યા છે અને આ સ્થિતિ લાંબા સમય સુધી ચાલશે. એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ આ સેગ્ક્ટરમાં સૌથી શ્રેષ્ઠ કંપનીઓમાંની એક છે. લોકોમાં ટર્મ પોલિસી લેવાનું વલણ વધ્યું છે. લોકોનું માનવું છે કે તેઓ અન્ડરઈન્સ્યોર્ડ છે અને કોવિડથી ઘરોમાં નકારાત્મક લાગણીઓ વધી છે. તેથી લોકો ટર્મ પોલિસી ખરીદી રહ્યા છે. આથી લોકો પરિવારના રક્ષણ અંગે વિચારી રહ્યા હોવાથી ટર્મ ઈન્સ્યોરન્સની માગ વધી છે અને એચડીએફસી લાઈફ આ સેગ્મેન્ટમાં માર્કેટ લીડર છે. માર્ચ અને એપ્રિલમાં તેની ડિજિટલ ચેનલ મારફત વેચાણ ૧૩ ટકા વધ્યું છે અને તેણે અન્ય ચેનલ્સ કરતાં વધુ સારું કામ કર્યું છે. તેના ૪૦ ટકા ગ્રાહકો એચડીએફસી બેન્ક ખાતાધારકો છે અને તેઓ વીમો ખરીદવા નેટ બેન્કિંગનો ઉપયોગ કરી રહ્યા છે. કંપની સારી સ્થિતિમાં છે. ખરીદો અને સુરક્ષિત થઈ જાવ.

Coromandel International (Rs. 754.00) (Code : 506395

કોરોમંડલ ઈન્ટરનેશનલ : કોરોમંડલ ઈન્ટરનેશનલ ખાતર, પાક સંરક્ષણ ઉત્પાદનો અને બાયો-પેસ્ટિસાઈડ્સના ઉત્પાદનમાં કાર્યરત છે. કંપનીએ માર્ચ ૩૧, ૨૦૨૦ના ક્વાર્ટરમાં ૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૮૮૧ કરોડની કોન્સોલીડેટેડ કુલ આવક નોંધાવી હતી, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ. ૨,૬૪૭ કરોડ હતી. કંપનીનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ બમણાથી વધુ રૂ. ૨૩૪ કરોડ થઈ ગયો હતો, જે ગત વર્ષે આ ક્વાર્ટરમાં રૂ. ૧૧૦ કરોડ હતો. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે કંપનીની કોન્સોલિડેટેડ કુલ આવક રૂ. ૧૩,૧૭૭ કરોડ હતી. ગયા વર્ષે તે રૂ. ૧૩,૨૬૨ કરોડ હતી. કંપનીનો નેટ પ્રોફિટ ૪૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧,૦૬૫ કરોડ થયો હતો, જે અગાઉના વર્ષે રૂ. ૭૨૦ કરોડ હતો. દરમિયાન પેરેન્ટ કંપની ઈઆઈડી પેરીએ કંપનીમાં બે ટકાનો હિસ્સો વેચવાનો નિર્ણય કર્યો છે. ઈઆઈડી પેરી કોરોમંડલમાં ૬૦.૪૭ ટકા હિસ્સો ધરાવે છે અને કોરોમંડલની વર્તમાન માર્કેટ કેપ રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુ છે, તેથી બે ટકા હિસ્સાનો અર્થ છે કંપનીને રૂ. ૪૦૦ કરોડ મળશે. ચોમાસું દેશભરમાં આગળ ધપી રહ્યું છે ત્યારે કોરોમંડલની પ્રોડક્ટ્સની માંગ વધશે. તેમાં ખરીદી કરો.

__Disclosures__ : At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

__Disclaimer__ : Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.

સ્માર્ટ ટીપ્સ

Smita N. Zaveri

Adani Green Energy (રૂ. ૩૯૭.૦૦) (કોડ : ૫૪૧૪૫૦)

હેવી ઈલેકટ્રીક ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીનો શેર બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૪૮૬ અને ઘટીને રૂ. ૪૧ જોવાયો છે. અદાણી જુથની આ કંપનીએ જાન્યુઆરીની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૬૫ ટકાનું જંગી વળતર દર્શાવ્યું છે. અદાણી પોર્ટને સમાંતર માર્કેટકેપ હાલમાં આ કંપની ધરાવે છે. માર્કેટકેપ રૂ. ૬૫૪૨૨.૭૨ કરોડને પાર કરી ચુકેલ છે. અદાણી ગ્રીન ગત સપ્તાહે છ અબજ ડોલરનો વિશ્વનો સૌથી મોટો સોલર પ્રોજેક્ટ મેળવવામાં સફળ રહી છે. સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ ૮ ગીગાવોટનો પ્રોજેક્ટ વિકસાવવા માટે કંપનીને કોન્ટ્રાક્ટ આપ્યો હતો એટલે કે રૂ. ૪૫૦૦૦ કરોડનો પ્રોજેક્ટ મેળવ્યો છે. આ અહેવાલના પગલે કંપનીનો શેર સતત પાંચ ટકાની સર્કિટમાં જોવાયો હતો. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૪.૯૨ ટકા અને પબ્લિક ૨૫ ટકા છે. જ્યારે એફઆઈઆઈ તેમજ ડીઆઈઆઈનો હિસ્સો ખુબજ મામુલી છે. કંપની સરકારના ૨૦૨૨ સુધીમાં ૧૭૫ ગીગાવોટના વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી મિશનને પૂર્ણ કરવા માટે રિન્યુએબલ સ્પેક્ટ્રમ રોકાણ અને વિસ્તરણ ચાલુ રાખશે તાજેતરમાં કંપનીએ ૭૫ મેગાવોટ વીન્ડ પાવર પ્રોજેક્ટ મહારાષ્ટ્ર સ્ટેટ ઈલે. ડિસ્ટ્રીબ્યુશન કંપની લી. ૨૫ વર્ષ માટેનો એગ્રીમેન્ટ કર્યો છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ રૂ. ૭૧૮.૬૭ કરોડની આવક ઉપર રૂ. ૬૪ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં કંપનીએ રૂ. ૭૧૮.૭૪ કરોડની આવક ઉપર રૂ. ૮૭.૯૫ કરોડની ખોટ દર્શાવી હતી. આમ કંપની ખોટમાંથી નફામાં આવી ટર્નએરાઉન્ડ પોઝીશન દર્શાવી છે. બુકવેલ્યુ રૂ. ૧૩.૯૯ છે. ટુંકાથી મધ્યમગાળે આ સ્ટોક બાવન સપ્તાહની નવી ઉંચી સપાટીને સ્પર્શતો જોવાય.

Manappurm Finance (રૂ. ૧૫૬.૦૦) (કોડ : ૫૩૧૨૧૩)

એ ગ્રુપની આ એનબીએફસી કંપની ફાયનાન્સ ક્ષેત્રે કાર્યરત છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૧૯૪ અને ઘટીને રૂ. ૭૫ જોવાયો છે. સાઉથ બેઝ આ કંપની હાલમાં ગોલ્ડન લોન, હાઉસીંગ લોન, કોમર્શિયલ વ્હીકલ્સ લોન ઓફર કરે છે. કંપનીની ગોલ્ડ લોન સેગ્મેન્ટની ક્વોલીટી વધી છે. કંપની હાઉસીંગ ફાયનાન્સ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. હાલમાં ૪૩૦૦ થી વધુ બ્રાન્ચીસ અને ૨૫૦૦૦થી વધુ કર્મચારીઓ ધરાવે છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૫.૦૫ ટકા અને પબ્લિક ૬૪.૯૫ ટકા છે. માર્કેટકેપ રૂ. ૧૨૯૫૩.૩૩ કરોડ અને બુકવેલ્યુ રૂ. ૬૩.૩૭ છે. ગત વર્ષે કંપનીએ ૮૨.૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલિડેટ બેઝ ઉપર કંપનીએ આવકમાં ૪૭.૯૭ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૧૬૦૫.૩૨ કરોડ અને નેટ નફામાં ૫૩.૭૭ ટકાના જંગી ઉછાળા સાથે રૂ. ૩૯૪.૯૭ કરોડ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૦૮૪.૮૬ કરોડની આવક ઉપર રૂ. ૨૫૬.૮૬ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ઈબીઆઈટીડીએ ૫૩.૮૮ ટકા ઉછળીને રૂ. ૧૧૫૮.૬૨ કરોડ અને ઈપીએસ વધીને ૪.૭૨ નો જોવાયો છે. તાજેતરમાં કંપનીના બોર્ડે ખાનગી પ્લેસમેન્ટના આધારે એનસીડીએસની મંજુરી આપી છે. આ એનસીડીએસ દ્વારા ભંડોળ ઉભુ કરવાની યોજનાને પગલે મન્નાપુરમ ફાય. નો શેર ૭ ટકાનો ઉછાળો જોવાયો છે. કંપનીનો ગોલ્ડ લોનની એયુએમ ૬૭.૩ ટકા વધી છે. આશિર્વાદ માઈક્રો ફાયનાન્સ એ ઈન્ડિયાની પાંચ નંબરની લાર્જેસ્ટ માઈક્રો ફાય. કંપની છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧ માં કંપનીની લોનબુકમાં ૧૦ ટકાના ગ્રોથની મજબુત સંભાવના છે. આ ક્ષેત્રની હરીફ કંપનીઓ ૨૭ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થઈ રહી છે ત્યારે ચાલુ વર્ષની અંદાજીત ઈપીએસના માત્ર ૧૦ ના પીઈ મલ્ટીપલથી ટ્રેડ થતો આ સ્ટોક ૮ થી ૧૦ મહિનામાં બાવન સપ્તાહની નવી ટોચ બનાવતો જોવાય.

NCC (રૂ. ૩૧.૧૦) (કોડ : ૫૦૦૨૯૪)

કન્સ્ટ્રકશન એન્ડ એન્જીનીયરીંગ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૦૩ અને ઘટીને રૂ. ૧૬ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૧૯.૫૭ ટકા અને પબ્લિક ૮૦.૪૩ ટકા છે. ભારત સરકાર દ્વારા ૧૯૬૦માં સ્થપાયેલી નેશનલ બિલ્ડીંગ કન્સ્ટ્રકશન કોર્પોરેશન દેશમાં અને વિદેશમાં લેન્ડમાર્ક પ્રોજેક્ટ પુરા કર્યા છે. કંપની હાલમાં મુખ્ય ત્રણ ડિવિઝન ધરાવે છે જેમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સાલટન્સી, રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ અને ઈસીપી કોન્ટ્રાક્ટનો સમાવેશ થાય છે. રીયલ એસ્ટેટમાં કંપની બે સેગ્મેન્ટમાં કાર્યરત છે. કંપની સરકાર કે પ્રાઈવેટ એજન્સી પાસેથી જમીન ખરીદી અને તેને ડેવલપ કરી વેચે છે. કંપની સરકારી કંપનીઓની પ્રાઈવેટ પબ્લિક, પાર્ટનરશીપ થકી રીડેવલપમેન્ટ કરે છે રૂ. ૨૦૮૫.૬૮ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપની બુકવેલ્યુ રૂ. ૮૩.૭૨ અને ગત વર્ષે કંપનીએ ૧૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે તાજેતરમાં આદિત્ય બિરલા, સનલાઈફ એ કંપનીના ૪૦ લાખ શેર્સ રૂ. ૨૫.૯૨ ના ભાવે ખરીદતા શેરમાં ૫ ટકાનો ઉછાળો નોંધાયો છે. કંપનીને તાજેતરમાં ચાર નવા ઓર્ડર રૂ. ૧૧૩૬ કરોડના મળેલ છે જેમાં વોટર ડીવીઝન, બિલ્ડીંગ ડિવિઝનનો સમાવેશ થાય છે ઉપરાંત સ્ટેટ ગર્વમેન્ટ એજન્સીના ઓર્ડર અલગ છે. આમ કંપની મજબુત ઓર્ડરબુક ધરાવે છે. નાણામંત્રીએ રીયલ એસ્ટેટ માટે રૂ. ૨૫૦૦ કરોડના પેકેજની જાહેરાત કરેલ છે. આમ સરાકરની પ્રોત્સાહક નીતિ, તગડા ઓર્ડરબુક અને સંપૂર્ણ ડેબ્ટ ફ્રી આ કંપનીનું ભાવી ઉજ્જવળ જણાય છે.

Cont...

Munjal Auto (રૂ. ૫૩.૦૦) (કોડ : ૫૨૦૦૫૯)

ઓટો પાર્ટસ એન્ડ ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત બી ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૬૦ અને ઘટીને રૂ. ૨૦ જોવાયો છે. ઓટો પાર્ટસ એન્ડ ઈક્વિપમેન્ટ ઓટો એન્સીલરી ક્ષેત્રની આ મુંજાલ ગ્રુપની કંપની છે. ગુજરાત - વડોદરા ખાતે રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતી આ કંપનીની સ્થાપના ૧૨ મી જુલાઈ ૧૯૮૫માં થઈ હતી. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૪.૮૧ ટકા અને પબ્લિક ૨૫.૧૯ ટકા છે. રૂ. ૫૬૮ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીની બુકવેલ્યુ રૂ. ૩૦.૧૨ છે. ગત વર્ષે કંપનીએ ૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. કંપનીએ ૨૦૧૫માં ૧૨૫ ટકા, ૨૦૧૬માં ૭૦ ટકા અને ૨૦૧૭માં ૧૦૦ ટકા તેમજ ૨૦૧૮માં ૬૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. આ ઈન્વેસ્ટર ફ્રેન્ડલી કંપની છે. વર્ષ ૨૦૧૭માં કંપનીએ ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેર આપ્યા હતા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૨૪૮.૩૪ કરોડની આવક ઉપર રૂ. ૦.૬૫ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં ૨૬૩.૩૬ ૨કરોડની આવક ઉપર રૂ. ૮.૨૪ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ૩૧ માર્ચ ૨૦૧૮-૧૯ ના વર્ષાંતે કંપનીએ રૂ. ૧૧૪૬.૯૮ કરોડની આવક ઉપર રૂ. ૩૩.૨૫ કરોડનો નેટ પ્રોફિટ અને ૩.૩૩ નો ઈપીએસ દર્શાવ્યો છે. ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૫.૩૭ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૨.૯૦ ટકાના જોવાયા છે. હાલમાં બાવન સપ્તાહની ટોચની નજીક ક્વોટ થતો આ સ્ટોક ટુંકાગાળે નવી ટોપ બનાવી મધ્યમથી લાંબાગાળે રૂ. ૭૦ થી ૭૫ ની આસપાસ જોવાય.

West Coast Paper (રૂ. ૧૭૮.૦૦) (કોડ : ૫૦૦૪૪૪)

પેપર અને પેપર પ્રોડકટસ ક્ષેત્રે કાર્યરત બી ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૨૮૯ અને ઘટીને રૂ. ૯૯ જોવાયો છે. એસ.કે. બાંગારુ ગ્રુપની આ કંપનીની સ્થાપના ૧૯૫૫માં થઈ હતી. કર્ણાટકામાં Dandali ખાતે ઉત્પાદન યુનિટ ધરાવતી આ કંપની પ્રિન્ટીંગ, ટાઈપીંગ અને પેકેજીંગ પેપરનું ઉત્પાદન કરે છે. કંપની મૈસુર ખાતે ટેલીકોમ, કેબલ્સ, ઓપ્ટીકલ ફાઈબર કેબલનો પ્લાન્ટ પણ ધરાવે છે. કંપનીના પોર્ટફોલિયોમાં પ્રિમિયમ પ્રિન્ટિંગ પેપર, બિઝનેસ સ્ટેશનરી, કોટેડ ડુપ્લેક્સ બોર્ડ તેમજ મશીન ગ્લેઝડ વેરાઈટીનો સમાવેશ થાય છે. કંપની ગારમેન્ટ તેમજ ફુટવેર ઈન્ડ. ને ગ્રે બેક અને ક્રાફટ બેક બોર્ડસ ઓફર કરી રહેલ છે. કંપની પેકેજીંગ સેગમેન્ટને પેપર કપ્સ અને ફોલ્ડીંગ બોક્સ બોર્ડસ માટે કપ્સ સ્ટોક બોર્ડ થવા ઓફર કરી રહી છે. ૩૧ માર્ચ ૨૦૧૯ ના અંતે કંપનીએ ૧૯૭૯.૫૧ કરોડની આવક ઉપર રૂ. ૨૦.૨૬ કરોડની અન્ય આવક ઉપર રૂ. ૨૯૬.૦૬ કરોડનો નેટ પ્રોફિટ અને ૧૩.૨૧ કરોડની ઈક્વિટી ઉપર રૂ. ૪૪.૮૨ ની ઈપીએસ નોંધાવેલ છે આ સાથે કંપનીએ ૨૫૦ ટકા ડિવિડંડ જાહેર કરેલ છે. ડિસેમ્બર ૨૦૧૯ ના ક્વાર્ટરમાં કંપનીએ ૪૭૬.૨૦ કરોડની આવક ઉપર રૂ. ૧૨.૩૧ કરોડની અન્ય આવક સાથે રૂ. ૩૯.૮૯ કરોડનો નેટ પ્રોફિટ અને ક્વાર્ટલી રૂ. ૬.૦૪ નો ઈપીએસ નોંધાવ્યો છે. ઓક્ટોબર ૨૦૧૯ માં કંપનીએ ઈન્ટરનેશનલ પેપર એપીપીએમ લીમીટેડ કંપનીનો ૭૨ ટકા સ્ટેક હસ્તગત કરેલ છે જેનું નામ બદલીને આન્ધ્ર પેપર કરવામાં આવ્યું હતું. પ્રમોટર સ્ટેક ૫૬ ટકા છે. રીઝર્વ તેની ઈક્વિટીની તુલનામાં ૯૫ ગણું ઉંચુ છે. પી/બીવી ૦.૯૧ છે. બુકવેલ્યુ રૂ. ૧૮૮.૭૬ છે. હાલમાં ૪.૧૬ ના મલ્ટીપલમાં ટ્રેડ થઈ રહેલ આ સ્ટોક ટુંકાગાળે ૨૦૦ ની સપાટી કુદાવી મધ્યમથી લાંબાગાળે નવી ટોચ બનાવતો જોવાય.

(SEBI Registered Research Analyst)

Disclosure :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 26th June 2020 unless specified o Stoploos is useful for Short-Medium term investors only •

Disclaimer :- • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions • All disputes are subject to Ahmedabad jurisdiction

સ્માર્ટ સુપર ડુપર

- Het Zaveri

Bajaj Electricals (રૂ. ૪૦૨.૦૦) (કોડ : ૫૦૦૦૩૧)

બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૫૩૫ અને ઘટીને રૂ.૨૬૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૪૬૦૮ કરોડ છે. જોકે માર્ચ ક્વાર્ટરમાં કંપનીના પરિણામો નબળા રહ્યા છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૧૭૭૫.૧૮ કરોડથી ઘટીને રૂ.૧૩૦૦.૬૬ કરોડ થઈ છે જ્યારે કંપનીએ રૂ.૨૪.૭૩ કરોડના નફા સામે રૂ.૧.૧૪ કરોડની નુકશાની દર્શાવી છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૩ કરોડ છે જેની સામે કંપની રૂ.૧૩૨૬ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૬૩.૧૭ ટકા અને પબ્લિક ૩૬.૮૩ ટકા સ્ટેક ધરાવે છે. ખાસ કરીને કંપનીના ઈએન્ડપી સેગમેન્ટમાં હવે પ્રોજેક્ટો ઉપર કામ શરુ થઈ જવાથી નફા શક્તિ વધતી જોવા મળી શકે છે. જ્યારે લાઈટીંગ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ સેગમેન્ટમાં વોલ્યુમ ગ્રોથ બીજા ક્વાર્ટરથી સુધરતો જોવા મળી શકે છે. ઈએન્ડપી સેગમેન્ટ કંપનીની રેવન્યુમાં ૬૦ થી ૬૫ ટકાનું યોગદાન આપે છે. કંપની આવનાર ૨ વર્ષોમાં હેલ્થી ગ્રોથની અપેક્ષા રાખી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના બીજા હાફમાં કંપની મજબુત દેખાવ કરી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે ૧૭૫ ટકાનું ડિવિડન્ડ ચુકવ્યું હતું. સ્ટોકમાં તબક્કાવાર ૨-૩ ટુકડે રોકાણ કરી લેવાય. કોરોનાના લીધે ૨ ક્વાર્ટરની નેગેટીવ અસર ઓલરેડી પ્રાઈઝમાં આવી ગઈ છે માટે હવે સ્ટોકમાં વધારે કરેકશનની સંભાવના ઓછી છે. કંપનીમાં એફઆઈઆઈ પાસે ૭.૯૬ ટકા અને મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૧૧.૪૨ ટકા હિસ્સો છે. માર્ચ ક્વાર્ટરમાં એફપીઆઈનો હિસ્સો ૨.૨૫ ટકા વધ્યો છે.

Ujjivan Financial (રૂ. ૨૩૭.૦૦) (કોડ : ૫૩૯૮૭૪)

કંપની ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંકની પ્રમોટર અને હોલ્ડીંગ કંપની છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૪૧૫.૪ અને ઘટીને રૂ.૧૨૪.૫૫ જોવાયો હતો. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૨૮૮૪ કરોડ છે. કંપનીમાં એફઆઈઆઈ ૨૨.૪૬ ટકા, મ્યુચ્યુઅલ ફંડ્સ ૧.૭૬ ટકા, અન્ય ડીઆઈઆઈ ૨૪.૧૯ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૫૬૯ કરોડથી વધીને રૂ.૭૮૬ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૪૩ કરોડથી વધીને રૂ.૬૪ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૫.૨૭ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૧૯૫૭ કરોડથી વધીને રૂ.૨૮૬૦ કરોડ થઈ છે જ્યારે નફો રૂ.૧૫૦ કરોડથી વધીને રૂ.૨૮૨ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે રૂ.૨૩.૨૫ની ઈપીએસ હાંસલ કરી છે અને હાલમાં સિંગલ ડીજીટ પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. એક તબક્કે શેરનો ભાવ માર્કેટના ઘટાડામાં મોટા પાયે કરેક્ટ થઈ ગયો હતો જોકે નીચા મથાળેથી સ્ટોકમાં રૂ.૧૧૦ રૂપિયાની જોરદાર રીકવરી જોવાઈ છે. ખાસ કરીને બેન્કિંગ અને ફાયનાન્સીયલ સેક્ટર માટે નાણાકીય વર્ષ ૨૦૨૧ના પહેલા ૬ મહિના મુશ્કેલ છે છતાં સરકાર અને આરબીઆઈ આ સેક્ટરને રાહત આપવા માટે પ્રયત્ન કરી રહ્યા છે જેના લીધે આ સેક્ટર ધીરે ધીરે સેબલ થઈ રહ્યું છે સ્ટોક ટૂંકાગાળા જોરદાર વધ્યો છે માટે કોઈ પણ ઘટાડો આવે છે તો સ્ટોકમાં રોકાણ માટે વિચારી શકાય.

IRB Infra (રૂ. ૯૦.૦૦) (કોડ : ૫૩૨૯૪૭)

બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૧૯.૭ અને ઘટીને રૂ.૪૬ જોવાયો છે. કંપની તેની સબસીડીયરીઓ સાથે મળીને રોડ ડેવલોપમેન્ટ અને મેનેજમેન્ટનું કામ કરી રહી છે. દેશના બે મહત્વના એક્સપ્રેસ હાઈવે એટલે કે મુંબઈ પુના અને અમદાવાદ બરોડા બંનેનું સંચાલન આ કંપની કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૫૧.૪૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૬૩૩૧ કરોડ કરતા વધુનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૫૭.૬૯ ટકા અને પબ્લિક ૪૨.૩૧ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઓર્ડર બુક તગડી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ના માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૧૯૪૮ કરોડથી ઘટીને રૂ.૧૫૮૪ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૨૦૮ કરોડથી ઘટીને રૂ.૧૫૪ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૬૭૦૭ કરોડથી વધીને રૂ.૬૮૫૨ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ.૮૫૦ કરોડથી ઘટીને રૂ.૭૨૧ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૧૯.૨૯ની ઈપીએસ હાંસલ કરી છે. કંપની તેના શેર હોલ્ડરોને સુંદર ડિવિડન્ડ ચુકવે છે અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૫૦ ટકાના ડીવીડન્ડની જાહેરાત કરી છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૩૧૬૪ કરોડ છે. આવનાર સમયમાં રોડ અને હાઈવે સેક્ટરમાં હજુ મોટું રોકાણ થવાનું છે જેનો ફાયદો આ કંપનીને મળશે. સ્ટોકમાં વર્તમાન ભાવે રોકાણ કરી લેવાય. આવનાર દિવસોમાં મજબુત સુધારો જોવા મળી શકે છે. તબક્કાવાર ખરીદી વધારી શકાય. સ્ટોક હાલમાં ૫.૫ ટકાના આકર્ષક ડીવીડન્ડ યીલ્ડ સાથે મળી રહ્યો છે.

Jamna Auto (રૂ. ૩૪.૦૦) (કોડ : ૫૨૦૦૫૧)

જમના ઓટો કોમર્શીયલ વેહિકલ માટે પેરાબોલીક સ્પ્રિંગ અને ટેપર્ડ લીફ બનાવતી અગ્રણી કંપની છે. કંપની ૫૦ વર્ષોથી પણ વધારે સમયથી આ ક્ષેત્રે કાર્યરત છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૫૪.૩૫ અને ઘટીને રૂ.૨૧ જોવાયો છે. કંપનીની માર્કેટકેપ રૂ.૧૩૬૦ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૪૮.૯૧ ટકા અને પબ્લિક ૫૧.૦૯ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ રૂ.૨૧૩૫ કરોડથી ઘટીને રૂ.૧૧૨૯ કરોડ થયું છે જ્યારે કંપનીનો નફો રૂ.૧૩૭

Cont....

કરોડથી વધીને રૂ.૪૮ કરોડ થયો છે. વર્ષમાં કંપનીએ રૂ.૧.૨૦ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ના માર્ચ ક્વાર્ટર કંપનીની આવક રૂ.૫૪૩ કરોડથી ઘટીને રૂ.૨૩૭ કરોડ રહી છે જયારે નફો રૂ.૩૩ કરોડથી ઘટીને રૂ.૧૧ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ.૦.૨૮ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીની ઈક્વિટી રૂ.૩૯.૮૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૪૭૭ કરોડથી વધારેનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૯૫ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૪૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે. ગત વર્ષે ઓટો સેક્ટરમાં મંદી હતી અને કોરોના બાદ હવે ધીરે ધીરે ઓટો સેક્ટર બેઠું થઇ રહ્યું છે જેના લીધે ઓટો એન્સીલરી સેક્ટર પણ રીવાઈવ થઇ શકે છે. કંપનીમાં પ્રમોટરો નીચા પ્રાઈઝનો લાભ લઈને સતત ઓપન માર્કેટમાંથી ખરીદી કરી રહ્યા છે જે આ સ્ટોકના રોકાણકારો માટે પોઝીટીવ વાત કહી શકાય. સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરી શકાય.

Balmer Lawrie (રૂ. ૧૧૩.૦૦) (કોડ : ૫૨૩૩૧૯)

આ કંપની એક પીએસયુ કંપની છે જે ઈન્ડસ્ટ્રીયલ પેકેજીંગ, ગ્રીસ એન્ડ લ્યુબ્રીકન્ટ, લેધર કેમિકલ, લોજીસ્ટીક સર્વિસીસ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર, રીફાઈનરી એન્ડ ઓઈલ ફિલ્ડ, ટ્રાવેલ એન્ડ વેકેશન સર્વિસીસ જેવા ડાઈવર્સીફાઈડ બીઝનેસ ધરાવે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૪૧.૪ અને ઘટીને રૂ.૬૯.૮૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૯૪૦ કરોડ છે. કંપનીમાં એફઆઈઆઈ ૧.૫૧ ટકા અને અન્ય ડીઆઈઆઈ ૫.૭૭ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૪૭૪ કરોડથી ઘટીને રૂ.૩૪૪ કરોડ થઇ છે જયારે નફો રૂ.૮૮ કરોડથી ઘટીને રૂ.૭૫ કરોડ થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક રૂ.૧૭૭૨ કરોડથી ઘટીને રૂ.૧૫૩૦ કરોડ થઇ છે જયારે નફો રૂ.૧૮૮ કરોડથી ઘટીને રૂ.૧૭૭ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ.૧૦.૩૬ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાકીય વર્ષ ૨૦૧૯માં કંપનીએ ૧:૨ના રેશિયોમાં બોનસ આપ્યા હતા જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૭૫ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે અને વર્તમાન ભાવે આ સ્ટોક ડીવીડન્ડના હક સાથે મળી રહ્યો છે એટલે કે સ્ટોકમાં ૬.૬૫ ટકાનું આકર્ષક ડીવીડન્ડ યીલ્ડ છુટી રહ્યું છે. અનેક બીઝનેસમાં હોવાના કારણે કંપનીને કોરોનાની મોટી નેગેટીવ અસર થવાની નથી અને વર્તમાન ભાવે સ્ટોક આર્કષક ડીવીડન્ડ યીલ્ડ સાથે ખુબજ સસ્તા વેલ્યુએશને ક્વોટ થઇ રહ્યો છે ત્યારે સ્ટોકમાં રોકાણ માટે વિચારી શકાય.

Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future " ***(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***

દિવાને-ખાસ

A.J. Diwan (Mumbai)
E-mail : divanconsultancy@rediffmail.com



શેરબજારમાં ભારે અફડા-તફડીનો માહોલ

એફ એન્ડ ઓ ના છેલ્લાં દિવસે બજારમાં ભારે ઉથલ પાથળ વચ્ચે બજાર ૨૦૦-૩૦૦ પોઈન્ટ તુટ્યા પછી નીચેના ભાવે સારી લેવાલી થકી બજાર નજીવા ઘટાડા સાથે બંધ રહ્યું. છેલ્લાં એક બે દિવસોમાં વિદેશી સંસ્થાઓની થોડી ઘણી લેવાલી રહી હતી પણ જે ફુલહાર્ટ વિદેશી સંસ્થાઓના સપોર્ટ છેલ્લી સીરીઝમાં જોવા ન મળ્યો.

બેન્કના શેરોમાં ટ્રેન્ડ પોલીટીકલ થતો જાય છે. એસબીઆઈ ૧૮૦ ના સ્ટોપલોસથી, આઈસીઆઈસીઆઈ ૩૪૨ ના સ્ટોપલોસથી ખરીદી થાય. બેન્ક ઓફ બરોડાના ખરાબ પરિણામો પછી પમ વધુ ઘટ્યો નથી. એક્સીસ બેન્કમાં પણ ઘટાડે લેવાલીનું જોર દેખાય છે. કેનેરા બેન્કમાં ૯૬ ના સ્ટોપલોસથી ખરીદી કરી શકા.ય. બંધન બેન્ક અને આરબીએલ બેન્કમાં પણ ઘટાડે રોકાણકારોની ખરીદી દેખાય છે.

આઈઆરસીટીસીમાં સરકારનો નિર્ણય થોડા થોડા દિવસે બદલાતો રહે છે એટલે આમાં હાલ તેજી કરવી નહી. પીવીઆરમાં પણ થીયેટરો ખુલવા પર ભારે શંકા સેવાય છે. આમા પણ ઉછાળે વેચવાલીનું ધ્યાન રાખવું. એપોલો હોસ્પીટલના પરિણામો જોતા લાગે છે કે, શેરનો ભાવ ૧૫૦૦ પાર કરવામાં થોડો સમય લાગશે.

વેદાંતા :- ડીલીસ્ટીંગ માટે શેર ધારકોની ૯૩ ટકા પરવાનગી મળી ગઈ છે. હવે શેર ડીલીસ્ટ તો થશે જ. શેરનો ૧૧૫ની ઉપર બંધ આવે તો જ રૂ. ૧૧૨ ના સ્ટોપલોસ રાખીને ખરીદી થાય.

ટાટા મોટર્સમાં ૧૦૬ ની પ્રતિકારક સપાટી છે આની આસપાસ રૂ. ૧૧૦ નો સ્ટોપલોસ રાખી મંદીનો વેપાર ગોઠવવો. નીચામાં ૯૭ થઈ શકે છે.

રિલાયન્સને ૧૭૧૦ નો સપોર્ટ છે. લેણમાં ૧૭૦૦ નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧૭૩૫ કુદાવતા ૧૭૫૦ સુધી જઈ શકે છે.

નિફ્ટીને ૧૦૨૫૦ પર સપોર્ટ છે. ૧૦૪૫૦ અને ૪૯૦ પ્રતિકારક સપાટી છે.

શેરબજારની ભાવી ચાલ

નયન પટેલ : Mob. : 98795 26525

જુલાઈ મહિનામાં બંને તરફી મોટી વધઘટ જોવાશે

અમેરિકામાં કોરોના ના કેસોમાં ફરીથી વધારો જોવાઈ રહ્યો છે જયારે ભારતમાં પણ કોરોનાના કેસો સતત વધી રહ્યા છે છતાં ગ્લોબલ માર્કેટમાં લીક્વીડીટીનીના જોરે શેર બજારોમાં ઘટાડે લેવાલી જોવાઈ રહી છે. અમેરિકામાં હવે પ્રેસીડેન્ટ ઈલેકશનનો સમય નજીક આવી રહ્યો છે અને અત્યારે ડોનાલ્ડ ટ્રમ્પ હરીફ કરતા પાછળ ચાલી રહ્યા હોવાના અહેવાલો આવી રહ્યા છે જેના લીધે પણ અમેરિકાના માર્કેટમાં આવનાર દિવસોમાં વોલેટિલિટી વધતી જોવા મળી શકે છે જેની અસર ગ્લોબલ માર્કેટ્સમાં પણ જોવાશે. ભારતમાં ધીરે ધીરે જનજીવન સામાન્ય બની રહ્યું છે પણ કોરોના કેસો દિવસે ને દિવસે વધી રહ્યા છે એવામાં ભારતીય બજારો પણ ઉપરના મથાળે ભારે વોલેટાઈલ મુવ બતાવી શકે છે પણ પસંદગીના શેરોમાં વધઘટે સુધારો આગળ વધતો જોવાઈ શકે છે.

નિફ્ટીમાં ૧૦૩૧૦ અને ૧૦૫૫૦ મહત્વના લેવલ્સ રહેશે અને જે તરફ બ્રેકઆઉટ આવશે એ તરફ બીજા ૧૫૦ થી ૨૦૦ પોઈન્ટની મુવમેન્ટ જોવાશે.

AVT NATURAL PRODUCTS LTD

(519105 & NSE) (40) (Face Value Re.1)

એવીટી નેચરલ પ્રોડક્ટ્સ ફૂડ, બેવરેજીસ, એનીમલ ન્યુટ્રીશન અને ન્યુટ્રાસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ માટે પ્લાન્ટ બેઈઝ્ડ એક્સટ્રેક્ટ અને નેચરલ ઈન્ગ્રીડીએન્ટ સોલ્યુશન્સનું ઉત્પાદન કરે છે. એવીટી નેચરલ એ વી થોમસ ગ્રુપની કંપની છે. આ ગ્રુપ પ્લાન્ટેશન, સ્પાઈસીસ, નેચરલ ઈન્ગ્રીડીએન્ટ, કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, લેધર ગુડ્સ, મેડીકલ ડીવાઈસ અને ફાયનાન્સીયલ સર્વિસીસ સેક્ટરમાં કાર્યરત છે.

Cont...

છેલ્લા ૨ મહિનામાં શેર બજારની ભાવી ચાલ કોલમમાં કરેલ કેટલીક સફળ ભલામણો ઉપર નજર

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
18th May 20	Sumitomo Chem	232	317	37%
	Amines & Plast	27	36.1	34%
	Laurus Labs	437.25	587.8	34%
	Umang Dairy	38	60.9	60%
25th May 20	Aries Agro	56	79	41%
1st June 20	Alufluoride	98	129.9	33%
15th June 20	RACL Gear	72	88	22%
22nd June 20	Cords Cable	36.75	41.3	12%
	Goodluck India	39.2	45.8	17%

કંપનીની ઈક્વિટી રૂ.૧૫.૨૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૪૪ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૪.૯૬ ટકા અને પબ્લિક ૨૫.૦૪ ટકા સ્ટેક ધરાવે છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં અને નાણાકીય વર્ષ ૨૦૨૦ના પહેલા નવ મહિનામાં કંપનીએ ખુબજ સુંદર પરિણામો આપ્યા છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીનો નફો ૨૦૨ ટકા વધીને રૂ.૧૨.૮૭ કરોડ થયો છે જયારે કંપનીનું વેચાણ ૩૩.૪૬ ટકા વધીને રૂ.૧૧૭.૪૨ કરોડ થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ના પહેલા નવ મહિનામાં કંપનીનો નફો ૯૦.૩૩ ટકા વધીને રૂ.૨૫.૬૦ કરોડ થયો છે જયારે વેચાણ ૨૪.૪૯ ટકા વધીને રૂ.૨૯૯.૭૫ કરોડ થયું છે. કંપનીએ નવ મહિનામાં રૂ.૧.૬૮ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ના પહેલા નવ મહિનામાં જ નાણાકીય વર્ષ ૨૦૧૯ના આખા વર્ષ કરતા ૨૨.૮૪ ટકા વધારે નફો હાંસલ કરી લીધો છે. વર્તમાન ભાવે આ સ્ટોક ૧૮.૪ના પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૪૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૨૫ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે આકર્ષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૩૪ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

GUJARAT AMBUJA EXPORTS LTD (524226 & NSE) (135) (Face Value Rs.2)

૧૮ મેના રોજ આ સ્ટોક અમે અહીંથી રૂ.૧૧૭માં જણાવ્યો હતો. સ્ટોક અત્યાર સુધીમાં રૂ.૧૪૩.૮૫ થઈને રૂ.૧૩૫ આસપાસ ક્વોટ થઇ રહ્યો છે. ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ મુખ્યત્વે એગ્રો પ્રોસેસિંગ અને યાર્ન મેન્યુફેક્ચરિંગ સેગ્મેન્ટમાં કાર્યરત છે. કંપની દેશમાં ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્નાટક, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળ એમ ચાર ખૂણે અને મધ્યમાં પ્લાન્ટ્સ ધરાવે છે જેના લીધે કંપનીને દેશભરમાં તેમજ એક્સપોર્ટ્સ માટે પ્રોપર કનેક્ટિવિટી મળી રહે છે. માત્ર રૂ.૨૨.૯૩ કરોડની ઈક્વિટી સામે કંપની પાસે રૂ.૧૩૦૪ કરોડનું જંગી રીઝર્વ છે અને કંપનીનું બોરોઈંગ માર્ચ ૨૦૧૮ના અંતે રૂ.૬૪૭ કરોડ હતું એ માર્ચ ૨૦૧૯ના અંતે માત્ર રૂ.૧૪૭ કરોડ રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષોમાં કંપનીનો નફો ૨૩.૯૧ ટકાના ઝછય્ઈથી વધતો જોવાયો છે જે ખુબજ મજબુત ગ્રોથ કહી શકાય. સ્ટોક વર્તમાન ભાવે વેલ્યુબાય લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો રૂ.૧૨૭ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

HUDCO LTD (540530 & NSE) (27.85) (Face Value Rs.10)

આ પીએસયુ કંપની હાઉસિંગ સેક્ટરમાં ફાયનાન્સને લગતા કામકાજમાં સક્રિય છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીની આવક ૩૫.૭૭ ટકા વધીને રૂ.૭૫૩૨.૧૨ કરોડ થઇ છે જયારે કંપનીનો નફો ૪૪.૭૮ ટકા વધીને રૂ.૧૭૦૮.૨૦ કરોડ થયો છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૭.૫ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું હતું અને ૨૩.૫ ટકાનું ફાયનલ ડીવીડન્ડ જાહેર કર્યું છે. એટલે ટોટલ ડીવીડન્ડ ૩૧ ટકા થવા જાય છે જયારે વર્તમાન ભાવ સામે ૧૧.૧૩ ટકાનું અતિઆકર્ષક ડીવીડન્ડ યીલ્ડ છૂટી રહ્યું છે. ફાયનલ ડીવીડન્ડ ઉપર પણ ૮.૪૩ ટકાનું યીલ્ડ થવા જાય છે. સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૨૫.૭૫ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

પ્રાયમરી માર્કેટ

- Dilip K. Shah

કોરોના વાઈરસ અને લોકડાઉનને કારણે સરકારની રૂ. ૨.૧૦ લાખ કરોડની ડિસઈન્વેસ્ટમેન્ટ યોજનાને ખોરંભે LICનો રૂ. ૯૦,૦૦૦ કરોડના મેગા ઈસ્યુ તેમજ SCIના સ્ટેક સેલ દ્વારા ખોટ સરભર કરવા વિચારણા NCDEX, Burger King, CAMS, NSE, Bajaj Energy સહિત બે ડઝનથી કંપનીઓ IPO લઈને આવશે

UTI AMC ના રૂ. ૩૦૦૦ કરોડના IPOને સેબીની મંજુરી ટુંક સમયમાં માર્કેટમાં પ્રવેશશે
ક્વોલિટીની દ્રષ્ટિએ ક્રીમ તેવા બે ઈસ્યુઓમાં RIL Jio કરતાં LICનો IPO વહેલો આવશે
રાજ્ય-કેન્દ્ર સરકારની રાહતો - વ્યાજમાં ઘટાડાને પગલે SME સેગમેન્ટ ધમધમતુ જોવાશે
ગત સપ્તાહોમાં માર્કેટમાં પ્રવેશેલ બે SME IPO Billwin, Ksolves પાર ઉતરી ગયા
આ સપ્તાહે Bonlon Ind. ના રૂ. ૨૮ ના ભાવના BSE SME IPOનું ૩૦ જુને આગમન
KLM Axiva અને Muthoot Mini Fin. ના NCDs ઈસ્યુઓને સારો પ્રતિસાદ પ્રાપ્ત

ગત દિવસો દરમ્યાન રિલાયન્સ ઈન્ડ. રાઈટ ઈસ્યુએ રોકાણકારોના જંગી પ્રતિસાદ સાથે ધમાકેદાર લિસ્ટીંગથી રોકાણકારોમાં ઉન્માદનું વલણ જોવાયું હતું એટલુ જ નહીં, આગામી સમય માટે આ ઈસ્યુએ રોકાણકારોને માર્કેટમાં આકર્ષવા માટે નવા દ્વાર ખોલ્યા છે.

તાજેતરમાં સરકારે તેનો ચાલુ નાણાંકીય વર્ષનો રૂ. ૨.૧૦ લાખ કરોડનો ટાર્ગેટ પુરો કરવા સજ્જ બની છે. કોરોના વાઈરસ તેમજ લોકડાઉનને કારણે સરકારના ડિસઈન્વેસ્ટમેન્ટ કાર્યક્રમને આંચકો લાગતા સરકાર હવે LICના IPO લાવી મોટાભાગની ખોટ પુરી કરવા પ્રયાસ કરી રહી છે. સરકારે તાજેતરના આ IPO માટે બે એડવાઈઝરોની નિમણુંક કરવા બીડ મંગાવી છે. LICમાં ૮ થી ૧૦ ટકા હિસ્સાનું વેચાણ કરશે એમ મનાય છે. આ સ્ટોક સેલના પગલે આ IPOનું કદ રૂ. ૮૦,૦૦૦ કરોડથી ૯૦,૦૦૦ કરોડ થઈ શકે છે જે ભારતના ઈતિહાસમાં સૌથી મોટો ઈસ્યુ બની રહેશે. આગામી દિવસોમાં Reliance Jio કંપનીનો સૌથી મોટો ઈસ્યુ પ્રાયમરી માર્કેટમાં પ્રવેશવા સજ્જ બન્યો છે. પરંતુ JIO પહેલા LICનો ઈસ્યુ માર્કેટમાં આવી શકે છે. જો કે, ક્વોલિટીની દ્રષ્ટિએ આ બન્ને ઈસ્યુઓ ક્રીમ કહી શકાય.

આ ઉપરાંત તાજેતરમાં સેબીએ UTI AMC ના રૂ. ૩૦૦૦ કરોડના IPOને મંજુરી આપતા ટુંક સમયમાં આ કંપની માર્કેટમાં પ્રવેશે તેવી મજબુત સંભાવના છે. આ સાથે આપેલ એક ટેબલમાં કેટલીક જાણીતી તેમજ સોનાની લગડી જેવી અનલિસ્ટેડ કંપનીઓનું લીસ્ટ આપવામાં આવ્યું છે જે નજીકના ભવિષ્યમાં માર્કેટને ધમધમતુ બનાવશે.

UTI AMC

તાજેતરમાં સેબીએ UTI એસેટ મેનેજમેન્ટ કંપની (AMC) ના રૂ. ૩૦૦૦ કરોડના IPOને મંજુરી આપી છે. આ IPO કુલ એસેટ અંડર મેનેજમેન્ટ (AUM) ની દ્રષ્ટિએ એસેટ મેનેજમેન્ટ કંપનીનો આ સૌથી મોટો IPO બની રહેશે. કંપનીના વર્તમાન શેરહોલ્ડર ૩,૮૯,૮૭,૦૮૧ ઈક્વિટી શેર્સનું ઓફર ફોર સેલ દ્વારા વેચાણ કરશે. આ ઈસ્યુમાં SBI, LIC< BOB ૧,૦૪,૫૯,૯૪૯ ઈક્વિટી શેર્સનું પ્રત્યેક બેન્ક વેચાણ કરશે. આ સાથે PNB અને T Rowe Price International પણ ૩૮,૦૩,૬૧૭ ઈક્વિટી શેર્સ ઓફલોડ કરવાની યોજના ધરાવે છે. કંપની આ પબ્લિક ઓફર દ્વારા રૂ. ૩૦૦૦ કરોડ એકત્ર કરશે. કંપનીના આ ઈસ્યુના ૧૬ જુનના રોજ સેબીની મંજુરી પ્રાપ્ત થઈ છે. SBI, PNB, BOB આ કંપનીમાં ૧૮.૫ ટકા સ્ટેક ધરાવે છે. જ્યારે US બેઝડ T Rowe Price International આ કંપનીમાં ૨૬ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીના લીડ મેનેજર્સ Kotak Mahindra, Axis Capital,

Cont...

BSE SME IPO

Sr	Company	Open Dt. Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Minimum Applications Size	Lead Manager	Rating (Out of 50%)	Remark %
1.	Bonlon Industries	30-6-2020 3-7-2020	37,56,000 Eq. (Rs. 10.52 Cr.)	28	4000 Eq. Shares (Rs. 1,12,000)	Sarthi Capital	34%	APPLY LONG TERM

City Bank, DSP Merrill Lynch, ICICI Sec., SBI Capital, J.M. Fin. છે. આ ઈસ્યુનું લીસ્ટીંગ BSE NSE ખાતે થશે.

Reliance Jioના IPO સાથે ટેલિકોમ, રિટેલ બિઝનેસ અલગ કરશે

Reliance Ind. ડેટ ફ્રી થઈ ગયા પછી હવે તેની ટેલિકોમ કંપની JIOના IPO લાવીને તેનો બિઝનેસ અલગ કરે તથા રિટેલ બિઝનેસ પણ અલગ કરે તેવી શકયતા છે. આ સાથે વધારાની વેલ્યુ અનલોક થશે. Reliance Jio પ્લેટફોર્મમાં ૨૪.૭ ટકા હિસ્સો વેચીને ૨૨.૩ અબજ ડોલર ઉભા કરી લીધા છે અને રાઈટ્સ ઈસ્યુ દ્વારા ૭ અબજ ડોલર ઉભા કર્યા છે અને હવે તે સંપૂર્ણ ડેટ ફ્રી બની છે. આગામી ત્રણ થી ચાર વર્ષમાં JIOના IPO લાવીને ટેલિકોમ અને રિટેલ બિઝનેસ અલગ કરશે તેવી ધારણા છે.

Reliance વિવિધ ટ્રાન્ઝેક્શન દ્વારા તેની નાણાંકીય સ્થિતિ નોંધપાત્ર એવી મજબુત કરી લીધી છે. નેટ ડેટ ટુ ઈક્વિટી ચાલુ વર્ષમાં ૦.૫૧ થી ઘટીને આવતા વર્ષે ૦.૦૬ થઈ જશે. જે છેલ્લાં એક દાયકામાં સૌથી ઓછુ હશે. Saudi Aramco સાથે ૧૫ અબજ ડોલરના ડીલ અને ફ્રી કેશ ફ્લો આઉટલુક આગામી અનેક વર્ષોમાં સારૂં રહેવાની ધારણા છે તે જોતા તેનો ડેટ ઈક્વિટી રેશિયો વધુ નીચો જશે. Reliance - Aramco સાથે ૨૦ ટકા બિઝનેસ વેચવા માટે વાટાઘાટો કરી રહી છે. કંપની ઈન્ટરનેટ અને રિટેલ બિઝનેસમાં સક્રિય હોવાથી વધુ મર્જર અને એક્વિઝિશનની શકયતા છે. અરામ્કો સાથે ભાગીદારી આગળ ધપશે તો રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ્સ બિઝનેસમાં પણ વિસ્તરણ થશે.

ટેલિકોમ અને રિટેલ તથા ન્યુ ઈકોનોમિક રિલેટેડ બિઝનેસ મારફતે આ ગ્રોથ જોવા મળશે. વર્ષ ૨૦૨૧-૨૨ માં Reliance નું EBITDA રૂ. ૮૬૦૦૦ કરોડ રહેવાની ધારણા છે જે છેલ્લાં કેટલાક વર્ષની સરખામણીમાં ડબલ છે.

★ ચાલુ સપ્તાહના એસએમઈ IPO :- સેબીએ એસએમઈ ક્ષેત્રે કાર્યરત કંપનીઓને આપેલ રાહતના પગલે દર સપ્તાહે એક / બે એસએમઈ ઈસ્યુઓ માર્કેટમાં પ્રવેશી રહ્યા છે. આગામી દિવસોમાં બજારની તેજીના પગલે આ ઈસ્યુની સંખ્યામાં વધારો થતો જોવાશે.

● Billwin Industries :- :- તા. ૧૮ જુનના રોજ ખુલી ૨૨ જુનના રોજ બંધ થયેલ Billwin Industries નો રૂ. ૨.૪૬ કરોડનો BSE SME IPO ૨૨ જુનના રોજ સોમવારે અંતિમ દિવસે ૧.૩૭ ગણો ભરાતા હેમખેમ પાર ઉતર્યો હતો.

● KSolves India :- દિલ્હી સ્થિત KSolves India નો NSE SME IPO તા. ૨૩ જુનના રોજ ખુલી ૨૬ જુનના રોજ બંધ થયેલ. ૪,૦૨,૦૦૦ ઈક્વિટી શેર્સ

Cont...

Upcoming IPOs

NCDEX
EaseMyTrip
MonteCarlo
CAMS
Policy Bazaar
Equitas
Lodha Building
Bajaj Energy
Barbeque Nation
Nirmitee
Burger King
LIC
Angel Broking
NSE
UTI Mututal Fund

Subscription figure of KLM Axiva Finvest

Category (Issue Closed on 26-6-2020)	No. of Bond Offered/ Reserved	Issue Subscribed 26-6-2020
Cat. 1 QIB	1,00,000	0.00x
Cat. 2 NII	4,00,000	1.35x
Cat. 3 HNI	5,00,000	1.76x
Total	10,00,000	1.42x

Subscription figure of Muthoottu Mini Fin.

Category (Issue Closed on 26-6-2020)	No. of Bond Offered/ Reserved	Issue Subscribed 26-6-2020
Cat. 1 QIB	1,00,000	0.00x
Cat. 2 NII	4,00,000	2.29x
Cat. 3 HNI	5,00,000	2.91x
Total	10,00,000	2.37x

UTI AMC ના IPOમાં વર્તમાન શેરહોલ્ડરો ૩,૮૯,૮૭,૦૮૧ ઈક્વિટી શેર્સનું OFSથી વેચાણ કરશે
આગામી વર્ષોમાં JIOનો IPO લાવીને RIL ટેલિકોમ, રિટેલ બિઝનેસ અલગ કરશે
Billwin Ind. નો BSE SME IPO ૧.૩૭ ગણો અને Ksolves નો ૧.૪૨ ગણો ભરાયો
KLM Axiva Fin.નો NCDs ઈસ્યુ અંતિમ દિવસે ૧.૪૨ ગણો મુથુટ્ટુ ૨.૩૭ ગણો ભરાયો
IBM, Tafe, Toyota, Sony જેવી અનલિસ્ટેડ કંપનીઓ IPO માટે તત્પર

થકી આ કંપની રૂ. ૧૦૦ ના ઓફર ભાવ સાથે કુલ રૂ. ૪.૦૨ કરોડના ભંડોળ પ્રાપ્ત કરવા IPO લઈને આવેલ. અંતિમ દિવસે ઈસ્યુ ૧.૪૨ ગણો ભરાયો હતો.

● Bonlon Industries :- :- કારોલબાગ નવી દિલ્હી સ્થિત Bonlon Industries નો BSE SME IPO તા. ૩૦ જુનના રોજ ખુલી ૩ જુલાઈના રોજ બંધ થશે. કંપની રૂ. ૧૦.૫૨ કરોડના ભંડોળ માટે રૂ. ૨૮ ના ઓફરભાવ સાથે ૩૭,૫૬,૦૦૦ ઈક્વિટી શેર્સ ઓફર કરશે. કંપની કોપર રોડ્સ, બાર્સના ઉત્પાદન, ટ્રેડીંગ તેમજ માર્કેટીંગ ક્ષેત્રે કાર્યરત છે. કંપનીની પ્રોડક્ટસ ઈલેક્ટ્રીકલ, કન્સ્ટ્રક્શન, ટ્રાન્સપોર્ટેશન તેમજ ઓટોમોબાઈલ્સ ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાય છે. ઈસ્યુના લીડ મેનેજર Sarthi Capital Advisors છે.

★ આ સપ્તાહના NCDs ઈસ્યુઓ :- વિતેલ સપ્તાહે બે NCDs ઈસ્યુઓ ડેટ માર્કેટમાં હયાતી ધરાવે છે. બન્ને ઈસ્યુઓને એકંદરે સારો પ્રતિસાદ મળ્યો છે.

Well Known Unlisted Companies Who planning to come with IPO	
	IBM
	Tafe Motors & Tractors
	Tractors & Farm Eq.
	USV Pharma
	Gujarat Urja Vikas NIgam
	Toyota Kirloskar Motor
	Sony India
	Cognizant Technologies
	Cargill India
	STAR India
	Mahanadi Coafields
	Numaligarh Ref.
	Mother Dairy
	Roy Blue India
	Pepsico India
	Shapoorji Pallonji
	Hiranandani
	Nuclear Power
	Rashtriya Ispat Nigam

Subscription Figures of SME IPO (Dt. 19-6-20)

IPO	Listing	Day	Subscribed
Billwin Industries	BSE SME	Issue Closed on 22-6-2020	1.37x
Ksolves India	NSE SME	Issue Closed on 26-6-2020	1.42x

● KLM Axiva Finvest :- તા. ૨ જુનના રોજ ખુલેલ આ રૂ. ૧૦૦ કરોડના બેઝ ઈસ્યુમાં કંપનીને રૂ. ૧૨૫ કરોડ એકત્ર કરવાની મંજુરી પ્રાપ્ત છે. આ ઈસ્યુ તા. ૨૬ જુનના રોજ બંધ થવા પામેલ છે. ભરણું અંતિમ દિવસે એટલે કે ૨૬ જુનના રોજ ૧.૪૨ ભરાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ ઈસ્યુને CARE દ્વારા BB+ રેટીંગ આપવામાં આવેલ છે.

● Muthoottu Mini Fin. :- તા. ૩ જુનના રોજ ખુલેલ આ સાઉથ બેઝ્ડ કંપનીના રૂ. ૧૦૦ કરોડના બેઝ ઈસ્યુમાં સેલ્ફ લિમિટ રૂ. ૨૦૦ કરોડની છે. આ ઈસ્યુને CARE દ્વારા BB- નું રેટીંગ આપવામાં આવેલ હતું ભરણું તા. ૨૬ જુનના રોજ અંતિમ દિવસે ૨.૩૭ ગણો ભરાયો હતો.

★ લિસ્ટીંગની તૈયારી કરી ચુકેલ કંપનીઓ :-

● Patanjali Ayurved Ltd. :- :- યોગગુરૂ બાબા રામદેવની આ કંપની હિન્દુસ્તાન યુનિલીવર કંપનીને ભારે ટક્કર આપી રહી છે એટલુ જ નહીં આ કંપની ચાલુ વર્ષે ૨૫૦૦૦ કરોડના ટર્નઓવર સાથે જ્યોથિ લેબ્સ અને ઈમીમીને પણ પાછળ મુકી શકે છે. આ કંપનીનું લિસ્ટીંગ ભારત તેમજ એનવાયએસઈ ઉપર થશે.

Cont...

AB Fashionના રૂ. ૯૯૫ કરોડના રાઈટ ઈસ્યુને બોર્ડની મંજુરી

આદિત્ય બિરલા ફેશન એન્ડ રિટેલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તેની બેઠકમાં રાઈટ્સ ઈસ્યુની દરખાસ્તને મંજુરી આપી છે. કંપની રૂ. ૧૦ ની ફેસવેલ્યુના ૯.૦૪ કરોડ પાર્ટલી પેઈડ અપ ઈક્વિટી શેર ઈસ્યુ કરશે. સંપૂર્ણ સબસ્ક્રિપ્શનના ધારણાએ કંપની રાઈટ્સ ઈસ્યુ મારફત રૂ. ૯૯૫ કરોડ એકત્ર કરશે. ફુલ્લી પેઈડ અપ ઈક્વિટી શેર માટે રૂ. ૧૧૦ નો ઈસ્યુ ભાવ નિર્ધારિત કરવામાં આવ્યો છે. પાત્રતા ધરાવતા શેરહોલ્ડર્સ નિર્ધારિત કરવાની રેકોર્ડ ડેટ પહેલી જુલાઈ રહેશે. રાઈટ્સ એન્ટાઈલટમેન્ટ રેશિયો દરેક ૭૭ ફુલ્લી પેઈડ શેર સામે ૯ પાર્ટલી પેઈડઅપ રાઈટ્સ ઈક્વિટી શેર રાખવામાં આવ્યા છે. BSEમાં કંપનીનો શેર ૦.૧૯ ટકા ઘટીને રૂત. ૧૨૯ બંધ જોવાયો હતો. ૬ મે ૨૦૨૦ ના રોજ રૂ. ૯૭ ના બાવન સપ્તાહના નીચા સ્તરે હતો. શેર ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ રૂ. ૨૮૫.૩૦ ના એક વર્ષના ઉંચા સ્તરે હતો. કંપની રાઈટ્સ ઈસ્યુનો હેતુ દેવામાં ઘટાડો કરવાનો, બેલેન્સશીટમાં વધારો કરવાનો છે. આ ઉપરાંત કાર્યકારી મુડી સહિતના બીજા સામાન્ય કોર્પોરેટ હેતુ માટે પણ કંપની ભંડોળ ઉપયોગ કરશે.

સેબીએ પ્રેફરન્શિયલ ઈસ્યુઓ માટેના નિયમો હળવા કરી રાહત આપી

સ્ટ્રેસ્ટડ એસેટ્સ ધરાવતી લિસ્ટેડ કંપનીઓ માટે ફંડ એકત્ર કરવાનું સરળ બને તે માટે સેબીએ તેમને પ્રેફરન્શિયલ રૂટથી ફંડ મેળવવા માટે પ્રાઈસીંગ ફ્રેમવર્કમાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત પ્રેફરન્શિયલ એલોટીને ઓપન ઓફરના ઓબ્લિગેશનમાંથી પણ મુક્તિ આપી છે. આ નિર્ણયનો તાત્કાલીક અસરથી અમલ થશે. લિસ્ટેડ કંપનીઓ નાણાંકીય સ્ટ્રેસ વધે તેવા સંજોગોમાં તેમના શેરમાં પણ ઘટાડો થતો હોય છે. વળી, ડિસ્ક્લોઝરના નિયમો આકરા છે તેના કારણે નાણાંકીય પરિણામ તથા કંપનીનું દેવું વિગેરે જાહેર કરવાથી કંપની પર નેગેટિવ અસર થાય છે જેને કારણે શેરના ભાવ વધુ નીચા જાય છે. આવી કંપનીઓને પરંપરાગત સ્ત્રોતથી નાણાં મેળવવામાં મુશ્કેલી પડે છે. આથી સેબીએ પ્રેફરન્શિયલ ઈસ્યુની પ્રાઈસિંગ મેથોડોલોજી હળવી કરી છે.

- ***AMUL :-*** Gujarat Co-Operative Milk Marketing Federation ના નામથી આ કંપની અમુલ બ્રાન્ડ દેશ-વિદેશમાં ભારે ખ્યાતિ ધરાવે છે. આ કંપનીનું ટર્નઓવર ચાલુ નાણાંકીય વર્ષમાં ૩૮૫૫૦ કરોડને કુદાવી જાય તેવી શકયતા છે. કોવિડ-૧૯ ની મહામારીની વચ્ચે ટોપલાઈનમાં ૧૫ ટકાનો ગ્રોથ જોવાયો છે.
- ***Parle Products :-*** લોકડાઉન દરમ્યાન કંપનીને વિક્રમી વેચાણ કરી લાઈમલાઈટમાં આવેલી આ કંપની હાલમાં મેકડોનાલ્ડ, ડોમીનો, પિત્ઝાહટના સંયુક્ત વેચાણ કરતા વધુ ટર્નઓવર ધરાવે છે. હાલમાં ૧.૫ બીલીયન યુ.એસ. ડોલર કંપની બની ચુકી છે.
- ***Bennett Coleman & Comapny :-*** હાલમાં Times of India, Economic Times, Times Now, ET Now, Femina, Maharashtra Times, Navbharat Times. વિગેરે ટોચની બ્રાન્ડ ધરાવતી આ કંપની ભારતની એક મજબુત મીડિયા કંપની છે. જૈન ફેમીલી દ્વારા સંચાલિત આ કંપની ૧૧૦૦૦ કર્મચારીઓ ધરાવે છે અને તેની આવક ૨.૫ બીલીયન યુ.એસ. ડોલરની છે.
- ***Tata Sons :-*** ટાટા ગ્રુપની આ કંપનીએ ટાટાની લીસ્ટેડ તેમજ અનલીસ્ટેડ કંપનીઓમાં ૧૦૦ ટકા હોલ્ડિંગ ધરાવે છે.
- ***Airports Authority of India :-*** AIA ના નામથી જાણીતી આ PSU કંપની એરપોર્ટ ઓપરેટર તરીકે દેશભરમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. આ કંપનીની વેલ્યુ રૂ. ૮૦૦૦૦ કરોડથી એક લાખ કરોડની આસપાસ છે. કંપનીના અંકુશ હેઠળ ૧૨૦ એરપોર્ટ છે. જેમાંથી ૮૫ ઓપરેશનલ છે.

***

Reliance અને Reliance Partly Paid (PP) ના શેર હોલ્ડરોને ઘી-કેળાં

Reliance PPનો શેર ઉછળીને ૯૦૦ ના લેવલ નજીક ૧૦૦૦ ના ભાવના સંકેત !

લિસ્ટીંગ બાદ ૧૫ દિવસમાં જ રિલાયન્સ પાર્ટલી પેઈડના શેરમાં ૧૬૦ ટકાથી વધુ રિર્ટન

Relianceનો શેર ઉછળીને ૧૮૦૪ના લેવલે ટચ : ૨૦૦૦ ના લેવલ માટે સજ્જ

Reliance Partly Paid Shares :- Reliance Partly Paid (RIL PP) નો રૂ. ૧૨૫૭ની ઓફર પ્રાઈસના શેરમાં અરજી સાથે રૂ. ૩૧૪.૨૫ ભરવાના હતા. જેનું લિસ્ટીંગ તા. ૧૫ જુનના રોજ લગભગ ૧૦૮ ટકા પ્લસથી રૂ. ૬૮૯ ના ભાવે થયા બાદ અત્યાર સુધીમાં ઉછળીને રૂ. ૮૯૪.૧૫ થઈ ઘટીને રૂ. ૬૬૫ થઈ હાલમાં ૮૩૩.૯૫ ની આસપાસના ભાવે શુક્રવારના રોજ બંધ જોવાયો હતો. આમ રૂ. ૯૦૦ની સપાટીની નજીક ગયા બાદ હાલમાં ઓફરભાવ સામે વર્તમાન ભાવે માત્ર ૧૫ જ દિવસમાં ૧૬૦ ટકાથી પણ વધુ રીર્ટન રોકાણકારોને મળી ચુક્યું છે.

Reliance Partly Paid Equity Shares	
Issue Price	Rs. 1257 (Rs. 314.25 paid on application)
Face Value	Rs. 10 per share
Paid-up Value	Rs. 2.50 per share
Listing Date	15-Jun-2020
Listing	Rs. 689.00
High after Listing	Rs. 894.15
Low After Listing	Rs. 665.00
CMP	Rs. 826.95

આગામી સમયમાં જિઓ મોબાઈલ Average Revenue Per Users (ARPU) માં વધારો થશે કારણ કે કંપનીને એડવર્ટાઈઝીંગ અને એપ્લીકેશનથી આવકમાં વધારો થતો જોવાશે. આગામી વર્ષે JIOના બજારનો હિસ્સો ૪૫ ટકા થઈ જશે. મોબાઈલ ગ્રાહકોની સંખ્યા વધારીને ૫૩.૮ કરોડ, બ્રોડબેન્ડ ગ્રાહકોની સંખ્યા વધારીને ૨.૫ કરોડ અને એન્ટરપ્રાઈઝ ગ્રાહકોની સંખ્યા ૧.૧ કરોડ થશે. આ શેર RIL PP નો શેર આગામી મહિનામાં ઉછળીને રૂ. ૧૦૦૦ની ઉપર ટ્રેડ થતો જોવાશે.

આ સાથે Relianceનો શેર શેરબજારમાં એક તબક્કે ઉછળીને ૧૮૦૪ની ટોપ બનાવીને હાલમાં રૂ. ૧૭૪૦ની આસપાસના ભાવા ટ્રેડ થઈ રહ્યો છે. આ શેરનો ભાવ ૨૦૦૦ થી ૨૨૦૦ ઉપર ગયા બાદ સ્ટોક સ્પ્લિટની હવા બજારમાં પ્રર્વતી રહી છે. જો કે, JIO તેમજ Retailના લિસ્ટીંગથી ખાસ્સી વેલ્યુ અનલોક થતી પણ જોવાશે. ઉલ્લેખનીય છે કે, Reliance રાઈટના પાર્ટલી પેઈડ ઈસ્યુ સાથે તેનો ભાવ ૧૦૦૦ તેમજ Relianceના શેરનો ભાવ રૂ. ૨૦૦૦ પ્લસ થવાનો સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટના સંકેત ટુંક સમયમાં સાચો ઠરતો જોવાશે. ઉલ્લેખનીય છે કે, Relianceનું માર્કેટકેપ ૧૧.૨૦ લાખ કરોડને વટાવી ગયું છે જે ત્રણ પ્રાઈવેટ બેન્ક HDFC Bank, Kotak Bank અને ICICI Bank ના સંયુક્ત - માર્કેટકેપને પાર કરી ગયું છે.

Reliance Jio, Retail બિઝનેસના લિસ્ટીંગથી ખાસ્સી વેલ્યુ અનલોક થશે

JIO પ્લેટફોર્મના મૂલ્યમાં ૬૬ ટકા વૃધ્ધિ થશે

Relianceમાં સ્ટોક સ્પ્લિટની હવા

Bonlon Industries BSE SME IPO

Opens on 30th July & Closes on 3rd June

Offer price Rs. 28; Listing on BSE SME Platform

કંપનીએ FY-18માં પોઝીટીવ ટર્નએરાઉન્ડ હાંસલ કર્યા બાદ નેટ નફામાં સતત ઉછાળો નોંધાવ્યો જો કે FY-20 માં બોટમલાઈનમાં જંગી ઉછાળો અને ટોપલાઈનમાં અસ્થિરતા ચિંતાનો વિષય

નીચો P/BV તેમજ પીઈ રેશિયો જોતા આ ઓફર વર્તમાન ભાવે આકર્ષક

રોકાણકારોએ આ ઈસ્યુમાં લાંબાગાળાના રોકાણ માટે વિચારવું હિતાવહ

દિલ્હી સ્થિત ૧૯૯૭માં સ્થપાયેલ આ ડાયવર્સિફાઈડ કંપની કોપર રોડ્સ અને બારના ઉત્પાદન, ટ્રેડિંગ તેમજ માર્કેટિંગના બિઝનેસમાં વ્યસ્ત છે. આ ઉપરાંત કંપની ઈલેકટ્રિકલ, કન્સ્ટ્રકશન તેમજ ઓટો ઈન્ડસ્ટ્રીઝ પ્રોડકટસનું ઉત્પાદન કરે છે. બોનલોન ગ્રુપની ત્રણ કંપનીઓના જોડાણથી ઉદ્ભવેલ આ કંપની ગ્રાહકોની જરૂરિયાત મુજબ ઈન્વેસ્ટમેન્ટ બતાવે છે. કંપની તેના બિઝનેસનું મોડલ, હોટલ બિઝનેસ અને સિવિલ કન્સ્ટ્રકશન ક્ષેત્રે વિસ્તરણ કર્યું છે. કંપનીનું ઉત્પાદન યુનિટ રાજસ્થાનમાં અલ્વર અને હોટલ કારોબાર દિલ્હી ખાતે આવેલ છે.

Issue Details

- Issue Opens on 30th June & Closes on 3rd July, 2020
- Object of the issue : Working Capital requirment.
- Issue Size : 37,54,000 Equity Shares Face Value Rs. 10, Total Rs. 10.52 Cr.
- Offer price Rs. 28 Per Share
- Minimum Lot : 4000 Shares Shares
- Listing : BSE SMSE Paltform.
- BRLM's : Sarthi Capital Advisors
- Market Maker : Choice Equity Broking
- Registrar : Bigshare Services
- Company Management : Arun Kumar Jain
- Pre Issue Promoter Holding : 98.92% • Post Issue Promoter Holding : 72.44%
- Issue Constitutes : 26.48% of the post issue paid up capital
- Average of last 3 Yrs. EPS Rs. 1.52 & RONW 1.99% and
- Pre IPO Equity Capital Rs. : 10.43Cr.Post IPO Eq. Capital Rs. 14.18 Cr.
- Pre IPO P/BV Ratio : 0.62 (NAV : 45.05)
- Post Issue : P/BV Ratio : 0.69 (NAV : 40.54) • Pre IPO P/E Ratio : 7.39
- Post IPO asking P/E on Fully diluted equity : 2.15 • Industry Peer Group P/E Ratio : 7.02
- BRLM's performance : Total 42 issue Handaled in Last 6 Years. In Last 10 Listing, 7 Issues opened with premium & 1 Issue Opened with discount and 2 Issue with at Par.

Financial Performance Consolidated Basis

Particulars (Rs. Cr.)	FY 17	FY 18	FY19	FY 20 31 Dec. 9 M
Total Revenue	238.89	243.13	217.44	186.99
Profit After Tax	-1.23	0.28	2.82	13.88
EPS	0.58	0.93	3.79	12.00
RONW (%)	-10.82	2.39	6.01	22.80

સિક્કાની બીજી બાજુ

- કંપનીના પ્રમોટર્સની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૨૩.૦૮ છે અને ઓફરભાવ રૂ. ૨૮ છે.
- કંપનીએ માર્ચ ૨૦૦૧થી એપ્રિલ ૨૦૧૮ દરમ્યાન ઈક્વિટી શેર્સને રૂ. ૪૦.૯૪ અને રૂ. ૫૦ ની રેન્જમાં કન્વર્ટ કર્યા હતા.
- કંપનીનો ટ્રેડ માર્ક તથા લોગો હજી સુધી રજીસ્ટર્ડ થયો નથી.
- કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ પોતાની માલિકીની નહી બલ્કે ભાડા પર છે.
- છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન કંપનીનો કેશ ફલો નકારાત્મક જોવાયો છે.
- કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૭માં ખોટ નોંધાવી હતી.
- ૩૧ ડીસેમ્બર ૨૦૧૯માં ટ્રેડ રીસીવેબલ રૂ. ૧૩.૯૩ લાખ છે. જ્યારે ટ્રેડ પેએબલ તેમજ અન્ય જવાબદારી રૂ. ૭૬.૪૫ કરોડને ધ્યાનમાં લેતા તે ગંભીર સ્થિતિ કહી શકાય. નાણાંકીય વર્ષ ૨૦૨૦ ના પ્રથમ નવ માસમાં બોટમ લાઈનમાં એકાએક ઉછાળો આશ્ચર્યજનક કહી શકાય.

ભલામણ:- કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮માં પોઝીટીવ ટર્નએરાઉન્ડ હાંસલ કર્યા બાદ નેટ પ્રોફિટમાં સતત ઉછાળો નોંધાયો છે. જો કે, કંપનીના ટર્નઓવરમાં અસ્થિરતા ચિંતાનો વિષય છે. વર્તમાન ઓફરે P/BV ૦.૬૯ અને PE ૨.૧૫ ને ધ્યાનમાં લેતા વેલ્યુએશનની દ્રષ્ટિએ ઈસ્યુ આકર્ષક જણાય છે. ઈન્વેસ્ટરોએ આ ઈસ્યુમાં લોંગટર્મ રોકાણ માટે વિચારવું.

સ્માર્ટ બેસ્ટ બાય

S. N. Zaveri

એસબીઆઈ કાર્ડ્સ અને પેમેન્ટ્સ સ્ટોકમાં એક મહિનામાં ૨૮ ટકાનો ઊછાળો

SBI Cards (Rs. 651.00) (Code : 543066) (F. V. : 10.00)

એસબીઆઈ કાર્ડ્સ અને પેમેન્ટ્સ : એસબીઆઈ કાર્ડ્સના શૅર્સ ૨૨મી મેના રોજ રૂ. ૪૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો અને હવે તે રૂ. ૬૫૦થી વધુના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. આ સ્ટોકમાં છેલ્લા એક મહિનામાં ૨૮ ટકા જેટલી નોંધપાત્ર રેલી જોવા મળી છે. મે મહિનામાં કાર્ડ્સ પર ખર્ચમાં વધારો જોવા મળે છે અને નવા કાર્ડ ઈશ્યુ થવામાં પણ વૃદ્ધિ નોંધાઈ છે. આ મહિનાના પ્રારંભમાં બિઝનેસ અપડેટમાં કંપનીએ જણાવ્યું હતું કે દૈનિક કાર્ડ ખર્ચ લૉકડાઉન પહેલાં ૬૦-૬૫ ટકાના સ્તરે પહોંચ્યું હતું. મીડિયા ઈન્ટર્વ્યુમાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર હરદયાલ પ્રસાદે જણાવ્યું હતું કે, કંપનીની માગમાં અસાધારણ ઊછાળો આવ્યો હતો. નોમુરામાં વિશ્લેષકોએ જણાવ્યું હતું કે અમેઝોન જેવી ઈ-કોમર્સ કંપનીઓ સાથે ભાગીદારીનો અર્થ છે એસબીઆઈ કાર્ડ્સ પર ખર્ચ વધશે અને નવા ગ્રાહકોનું હસ્તાંતરણ પણ વધશે. અર્થતંત્ર ફરી ખૂલતાં સોર્સિંગ માટે એકંદરે ૭૦-૭૫ ટકા ક્ષમતા પાછી ફરી છે. એસબીઆઈ કાર્ડ્સમાં સામાન્ય સંજોગોમાં માસિક ૨,૫૦,૦૦૦થી ૩,૦૦,૦૦૦ રન રેટની સરખામણીમાં મે મહિનામાં ૨૭,૦૦૦ કાર્ડ્સનો વધારો થયો છે, જે ઉદ્યોગમાં સૌથી વધુ કાર્ડ્સનો ઉમેરો છે.

એલએન્ડટી : ઓર્ડર બૂકમાં સતત થઈ રહેલો વધારો

L&T (Rs. 962.00) (Code : 500510) (F. V. : 2.00)

એલએન્ડટી : એલ એન્ડ ટીના શેરમાં ગત સપ્તાહે ૭ ટકાનો વધારો થયો હતો. એલએન્ડટીએ જાહેરાત કરી હતી કે તેના કન્સ્ટ્રક્શન યુનિટને રૂ. ૨,૫૦૦ કરોડથી વધુના મૂલ્યના કોન્ટ્રાક્ટ્સ મળ્યા છે. એલએન્ડટીના કન્સ્ટ્રક્શન એકમે વિવિધ બિઝનેસીસ માટે પ્રતિષ્ઠિત ક્લાયન્ટ્સ તરફથી ઓર્ડર્સ મેળવ્યા છે. તેના પ્રોજેક્ટ વર્ગીકરણ મુજબ તેને મળેલા મોટા ઓર્ડર્સની રેન્જ રૂ. ૨,૫૦૦થી રૂ. ૫,૦૦૦ કરોડ સુધીની છે. તેણે દિલ્હી-વડોદરા એક્સપ્રેસવેના પેકેજીસ ૧૧ અને ૨૨ના બાંધકામ માટે તેના ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસ માટે ઈપીસી કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. દરમિયાન શાંઘાઈ ટનલ એન્જિનિયરિંગ કંપની ચીન સાથે સરહદ વિવાદના પગલે દિલ્હી-મેરઠ રિજિઓનલ રેપીડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ)નો કોન્ટ્રાક્ટ જીતવા સક્ષમ નહીં બને તો એલએન્ડટીને તેનો લાભ થઈ શકે છે, કારણ કે આ પ્રોજેક્ટમાં એલએન્ડટી બીજી પસંદગીની બીડર છે. સ્ટોક એકત્ર કરવો મૂલ્યવાન છે.

જેકે સીમેન્ટ : આવકમાં ઘટાડા છતાં કાર્યકારી નફામાં ૨૪ ટકાનો ઊછાળો

JK Cement (Rs. 256.00) (Code : 500380) (F. V. : 5.00)

જેકે સીમેન્ટ : જેકે સીમેન્ટે નાણાકીય વર્ષ ૨૦૨૦ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૦.૨૩ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૧૯ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૧૫૦ કરોડની સરખામણીમાં ૧૦૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. કંપનીની આવક આંશિક ૧ ટકા ઘટીને રૂ. ૧,૪૭૭ કરોડ થઈ હતી, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૧,૪૯૨ કરોડ હતી. જોકે, ચોથા ક્વાર્ટરમાં હાયર રિયલાઈઝેશન્સ અને ખર્ચ બચતની બાબતમાં નીચા વોલ્યુમ્સ પર આવકમાં વાર્ષિક ધોરણે ૧ ટકાના ઘટાડા છતાં જેકે સીમેન્ટ્સના કાર્યકારી નફામાં વાર્ષિક ધોરણે ૨૪ ટકાનો વધારો દર્શાવે છે. કંપનીએ જણાવ્યું હતું કે, ૩-૪ મહિનાના વિલંબ સાથે બધી જ કેપેક્સ શરૂ થશે અને કંપની કોસ્ટ ઓપ્ટીમાઈઝેશન અને કન્ઝર્વિંગ કેશ પર ફોકસ કરશે. બ્રોકરેજને અપેક્ષા છે કે વર્તમાન વિસ્તરણ

Cont...

લીવરેજ ઊંચું રાખશે. જોકે, નવી ક્ષમતા વધારવાથી નાણાકીય વર્ષ ૨૦૨૧માં વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ઘટાડો મર્યાદિત રાખવામાં મદદ મળશે. સીમેન્ટ્સના ભાવ વણસ્પર્શ્યા રહ્યા છે અને થોડાક વધી શકે છે. ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધીમાં કંપનીમાં પ્રમોટર્સનો હિસ્સો ૫૮.૦૬ ટકા હતો જ્યારે એફઆઈઆઈનો હિસ્સો ૧૨.૪૨ ટકા, ડીઆઈઆઈસનો ૨૩.૭૭ ટકા અને સામાન્ય લોકો તથા અન્યોનો હિસ્સો ૫.૭૫ ટકા હતો. તબક્કાવાર ખરીદો.

પેજ ઈન્ડસ્ટ્રીઝ : લોકડાઉન અને વર્ક ફ્રોમ હોમને કારણે માંગમાં વધારો

Page Industries (Rs. 20117.00) (Code : 532827) (F. V. : 10.00)

પેજ ઈન્ડસ્ટ્રીઝ : પેજ ઈન્ડસ્ટ્રીઝ ભારતમાં જોકી બ્રાન્ડના ઈનરવેરનું એક્સક્લુઝિવ ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપનીએ જણાવ્યું હતું કે દેશના વિવિધ ભાગોમાં લૉકડાઉનના નિયમોમાં છુઠછાટ પછી માગમાં વધારો થયો છે. ત્રિમાસિક પરિણામો પછી વિશ્લેષક કોલમાં કંપનીના મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, ૨૪મી માર્ચથી શરૂ થયેલા રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન વચ્ચે વર્ક ફ્રોમ હોમને પરીણામે તેના લેઝ્યોર વેરની માગ વધી છે. તેના કેટલાક સ્ટોર્સમાં તેનું વેચાણ લૉકડાઉન પહેલાંના સ્તરે પહોંચી ગયું છે. કંપનીને આગામી બે-ત્રણ ક્વાર્ટર્સમાં કારોબાર સામાન્ય થઈ જવાની અપેક્ષા છે. તેના ૭૫૦માંથી ૬૮૦ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ હવે શરૂ થઈ ગયા છે. ઈ-કોમર્સ વેચાણનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૦માં ૪ ટકાથી વધીને દ્વિ-અંકી સ્તરે પહોંચી ગયો છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક વાર્ષિક ધોરણે ૧૧ ટકા ઘટીને રૂ. ૫૪૦ કરોડ રહી હતી જ્યારે નેટ પ્રોફિટ ૫૮ ટકા ઘટીને રૂ. ૩૧ કરોડ રહ્યો હતો. વેચાણ વોલ્યુમ પણ ૧૯ ટકા ઘટ્યું હતું. જોકે, સરેરાશ રિયલાઈઝેશન ૧૦ ટકા જેટલું વધ્યું હતું. આ સ્ટોક તબક્કાવાર ખરીદો.

કજરિયા સીરામિક્સ : પડકારજનક સમયમાં પણ માર્જિન જાળવી રાખ્યું

Kajaria Ceramics (Rs. 400.00) (Code : 500233) (F. V. : 1.00)

કજરિયા સીરામિક્સ : કજરિયા સીરામિક્સે નાણાકીય વર્ષ ૨૦૧૯ના ચોથા ક્વાર્ટરમાં વધુ એક વખત મજબૂત ઓપરેશનલ પરફોર્મન્સ દર્શાવ્યું હતું. ઉદ્યોગમાં મંદીના વાતાવરણ છતાં ટાઈલ બિઝનેસમાં દ્વી-અંકી વોલ્યુમ વૃદ્ધિ નોંધપાત્ર હતી. સમિક્ષા હેઠળના ક્વાર્ટરમાં ૨૨.૫ મિલિયન ચો. મી. (એમએસએમ)નું ટાઈલનું વોલ્યુમ થયું હતું, જે વાર્ષિક ધોરણે ૧૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આખા વર્ષ માટે કંપનીના વોલ્યુમમાં ૧૨ ટકા અને આવકમાં ૯ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. ગેસના ભાવમાં તીવ્ર વધારા છતાં મેનેજમેન્ટ ૧૫-૧૬ ટકાની વ્યાપક રેન્જમાં તેનું ઓપરેટિંગ માર્જિન જાળવવા સક્ષમ બની છે. કજરિયાના નવા બિઝનેસ સેગ્મેન્ટ (સેનિટરીવેર, ફૉસેટ અને પ્લાયવૂડ)માં વૃદ્ધિ યથાવત્ છે. જાન્યુઆરી-માર્ચમાં સેનિટરીવેર અને ફૉસેટમાં વાર્ષિક ધોરણે ૧૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે અને રૂ. ૫૩ કરોડનું વેચાણ કર્યું છે જ્યારે પ્લાયવૂડ કારોબારમાં ટોપલાઈનમાં રૂ. ૭ કરોડનું યોગદાન આપ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૧૯માં આ સેગ્મેન્ટનો એકંદર હિસ્સો વધીને ૬.૮ ટકા થયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૮માં ૫.૧ ટકા હતો. રોકાણ કરો.

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

Reliance Ind. (રૂ. ૧૭૪૨.૦૦) (કોડ : ૫૦૦૩૨૫) :- આ શેર છેલ્લાં ત્રણ મહિનામાં તેના બોટમ લેવલથી લગભગ ૧૧૦ ટકાથી વધુ ઉછળી ચુક્યો છે અને માર્કેટકેપ ૧૫૦ અબજની સપાટી કુદાવી ભારતની પ્રથમ કંપની બની ચુકી છે કંપનીનો જીઓ પ્લેટફોર્મ ઉપર વિદેશના ૧૧ મેગા ઈન્વેસ્ટરોએ રોકાણ થકી ૧૧૫૯૯૩.૯૫ કરોડનું જંગી રોકાણ મળતા તેમજ રાઈટ ઈસ્યુના પગલે આ કંપની ડેબ્ટ ફ્રી બની ચુકી છે. રિલાયન્સ જીઓ ઈન્ફોકોમની પેરેન્ટ કંપની જીઓ પ્લેટફોર્મ લી. નું મુલ્ય ૨૦૨૧-૨૨ સુધીમાં ૬૬ ટકા વધીને ૧૧૦ અબજ ડોલર થવાની શકયતા છે. આ ઉપરાંત કંપનીનો જીઓ, રીટેલ બિઝનેસ આઈપીઓ સાથે વિભાજીત થઈ શકે છે જેથી ખાસ્સી એવી વેલ્યુ અનલોક થશે. કંપની રૂ. ૨૧૦૦ ના ભાવે સ્ટોક સ્પ્લીટ કરી શકે છે.

PNC Infra (રૂ. ૧૩૯.૦૦) (કોડ : ૫૩૯૧૫૦) :- ઈન્ફ્રા સેક્ટરની આ કંપનીનો તાજેતરમાં એનએચએઆઈનો ૫૪ કી. મી. લાંબો ફોરલેન મેરક-નાઝીમાબાદનો ૧૧૨ કરોડનો ઓર્ડર મળતા શેરમાં ચમકારો જોવાય.

Ashok Leyland (રૂ. ૫૨.૩૫) (કોડ : ૫૦૦૪૭૭) :- આ કંપનીએ તાજેતરમાં જાહેર કરેલા ચોથા ક્વાર્ટરના પરિણામો આવક તેમજ નફામાં ઘટાડો થવા છતાંયે શેરના ભાવમાં ઉછાળો જોવાયો છે. કંપનીની તાજેતરની બોર્ડ મીટીંગમાં પ્રાઈવેટ પ્લેસમેન્ટ બેઝીસ ઉપર રૂ. ૨૦૦ કરોડના એનસીડીએસ એલોટ કરી રહી છે.

Camlin Fine Sciences (રૂ. ૫૩.૦૦) (કોડ : ૫૩૨૮૩૪) :- સ્પે. કેમીકલ્સનું ઉત્પાદન કરતી આ કંપનીએ ગુજરાતમાં દહેજ ખાતે ૨૫ જુનથી યુનિટમાં ટ્રાયલ પ્રોડક્શનનો આરંભ કરતા શેરમાં હલચલ વધી રહી છે. આ ઉપરાંત ઈન્ફીનિટી ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ આ કંપનીમાં ૧૮૦ કરોડનું રોકાણ કરી રહી હોવાના અહેવાલ છે.

Vedanta (રૂ. ૧૦૯.૦૦) (કોડ : ૫૦૦૨૯૫) :- આ કંપનીની વોલેન્ટરી બીએસઈ-એનએસઈ ખાતેની ડીલીસ્ટીંગની દરખાસ્તો શેરહોલ્ડર્સ તરફથી મંજુરી પ્રાપ્ત થતા શેર ફોકસમાં રહ્યો છે.

I.B. Housing Finance (રૂ. ૨૨૭.૦૦) (કોડ : ૫૩૫૭૮૯) :- છેલ્લાં કેટલાક દિવસોથી આ કાઉન્ટર ઉપર તેજીનો કરંટ જોવાયો છે. તાજેતરમાં મોર્ગન સ્ટેન્લીએ બલ્કડીલ થકી રૂ. ૮૩.૬ કરોડના રોકાણથી ૪.૫૨ બિલીયન શેર્સની ખરીદી કરતા શેર રોકેટ ગતિએ ઉછળી ગયો છે.

JMC Projects (રૂ. ૫૩.૦૦) (કોડ : ૫૨૨૨૬૩) :- કન્સ્ટ્રકશન એન્ડ એન્જીનીયરીંગ ક્ષેત્રે કાર્યરત આ કંપનીના સ્ટોકમાં છેલ્લાં ત્રણ માસમાં બે ગણો ઉછાળો જોવાયો છે. કંપનીને હાલમાં ઉત્તરપ્રદેશના વોટર સપ્લાય પ્રોજેક્ટ તેમજ સાઉથ ઈન્ડિયામાં બિલ્ડીંગ પ્રોજેક્ટના ઓર્ડર મળતા શેરમાં અપર સર્કિટ જોવાઈ રહી છે. જેએમસી પ્રોજેક્ટ તે કલ્પતરૂ પાવરની પેટા કંપની છે.

Titagarh Wagons (રૂ. ૩૫.૦૦) (કોડ : ૫૩૨૯૬૬) :- કોમર્શિયલ વ્હીકલ્સનું ઉત્પાદન કરતી આ કંપનીએ એબીબી સાથે ઈન્ડિયન રેલ્વે માટે Propulsion Equipment (Traction Converters) નો બિઝનેસ માટે ટાઈ-અપ કરતા શેર અપર સર્કિટમાં જોવાયો છે.

Indo Star Capital (રૂ. ૨૮૦.૦૦) (કોડ : ૫૪૧૩૩૬) :- તાજેતરમાં એડલવેઈઝ મ્યુ. ફંડે આ કંપનીના પ્રતિશેર રૂ. ૨૮૫ ના ભાવે ૨.૪૫ ટકા સ્ટેક ૨૨.૬૫ લાખથી શેર્સની ખરીદી કરી છે.

Power Grid (રૂ. ૧૭૯.૦૦) (કોડ : ૫૩૨૮૯૮) :- જાહેર ક્ષેત્રની આ કંપની માટે વિદેશી બ્રોકરેજીસ સીએલએસએ રેટીંગ અપગ્રેડ કરી ટાર્ગેટભાવ ૧૯૦ થી વધારીને ૨૦૫ કર્યો છે.

Infibeam Avenue (રૂ. ૬૫.૦૦) (કોડ : ૫૩૯૮૦૭) :- ડીજીટલ પેમેન્ટ અને ઈ-કોમર્સ ટેકનોલોજી પ્લેટફોર્મ કંપની તરીકે ઓળખાતી આ કંપનીના રવિ અગ્રવાલ (પ્રમોટર) તેમજ ફેમીલીએ તેમને ઈક્વિટી સ્ટેકમાં ૭.૧૧ ટકાનો વધારો કરતા શેરમાં હલચલ જોવાઈ છે.

Gail (રૂ. ૧૦૫.૦૦) (કોડ : ૫૩૨૧૫૫) :- જાહેર ક્ષેત્રની આ કંપનીના માર્ચ ક્વાર્ટરના પરિણામોમાં નેટ પ્રોફિટમાં ૧૬૯ ટકાનો ઉછાળો નોંધાયો છે. છેલ્લાં ત્રણ મહિના દરમ્યાન શેરના ભાવ ૩૦ ટકાનો વધારો નોંધાઈ ચુક્યો છે. વોલ્યુમમાં ૪૩ ટકાની વૃધ્ધિ સાથે ભાવ વધુ ઉછળી ચુક્યો છે.

HDFC AMC (રૂ. ૨૪૮૧.૦૦) (કોડ : ૫૪૧૭૨૯) :- તાજેતરમાં સેબીએ યુટીઆઈ એએમસીના રૂ. ૩૫૦૦ કરોડના આઈપીઓને મંજુરી આપતા એએમસીના શેરમાં ઉછાળો જોવાયો છે. જેમાં એચડીએફસી એએમસી, નિપ્પોન લાઈફનો સમાવેશ થાય છે.

Cont.....

Adani Green (રૂ. ૩૯૭.૦૦) (કોડ : ૫૪૧૪૫૦) :- છેલ્લાં ૧૦ દિવસ દરમ્યાન અદાણી ગ્રુપની આ કંપનીના શેરના ભાવમાં ૩૫ ટકા ઉછાળો જોવાયો છે. માર્કેટકેપ ૨ મીલીયન ડોલરને વટાવી ચુકેલ છે. આ ગ્રુપની અન્ય કંપની અદાણી પોર્ટના ભાવને ઓવરટેક કરી આ ગ્રુપની મોસ્ટ વેલ્યુડ સોલાર કંપની બની ચુકી છે. તા. ૯ જુનના રોજ કંપનીને વર્લ્ડ લાર્જેસ્ટ સોલાર ડેવલપમેન્ટનો ઓર્ડર મળતા શેરમાં સતત ઉછાળો જોવાયો છે.

ICICI Bank (રૂ. ૩૫૦.૦૦) (કોડ : ૫૩૨૧૭૪) :- છેલ્લાં કેટલાક સમય દરમ્યાન ખાનગી ક્ષેત્રની બેન્કોમાં રેલી જોવાઈ રહી છે. ત્યારે આ સ્ટોકમાં ભાવ યથાવત રહ્યો હતો. ગત દિવસો દરમ્યાન ગર્વમેન્ટ ઓફ સીંગાપુરે બલ્કડીલ દ્વારા ૧૬.૪૩ મીલીયન શેર્સની ખરીદી કરતા શેર સતત ઉછળી રહ્યો છે.

Info Edge (રૂ. ૨૭૫૨.૦૦) (કોડ : ૫૩૨૭૭૭) :- આ કંપનીની તાજેતરમાં મળેલ બોર્ડ મીટીંગમાં ક્યુઆઈપી રૂટથી રૂ. ૧૮૭૫ કરોડ એકત્ર કરવાના નિર્ણયથી શેર ફોકસમાં જોવાયો છે.

Bandhan Bank (રૂ. ૩૩૮.૦૦) (કોડ : ૫૪૧૧૫૩) :- તાજેતરમાં માર્કેટમાં પ્રર્વતેલ તેજીમાં ખાનગી શ્રેત્રની બેન્કોમાં બંધન બેન્ક તેમજ આરબીએલ બેન્કમાં અન્યની તુલનામાં મોટાપાયે ઉછાળો નોંધાયો છે. બંધન બેન્કનું માર્કેટકેપ ૫૬૫૨૮ કરોડ સપાટી કુદાવી ચુક્યો છે. આ બેન્કનો શેર ટોપ-૫૦ મોસ્ટ વેલ્યુડ ફર્મ્સ લિસ્ટમાં પુનઃ એન્ટ્રી થઈ ચુકી છે.

Bajaj Finance (રૂ. ૨૯૦૪.૦૦) (કોડ : ૫૦૦૦૩૪) :- છેલ્લાં કેટલાક સમયથી એનબીએફસીમાં મોટાપાયે કરેક્શન જોવાયું છે. આ કંપનીનો શેર સતત ફોકસમાં રહેવા સાથે છેલ્લાં એક મહીનાની બોટમથી ૬૫ ટકા વધુ ઉછળી ચુક્યો છે. આ શેરમાં ટુંકાથી મધ્યમગાળે ૩૫૦૦ ની સપાટી જોવા મળી શકે.

L&T (રૂ. ૯૬૨.૦૦) (કોડ : ૫૦૦૫૧૦) :- બાંધકામ ક્ષેત્રની આ અગ્રણી કંપનીએ તાજેતરમાં વિવિધ બિઝનેસ થખી મોટા કોન્ટ્રાક્ટ મેળવ્યા છે. દિલ્હી - વડોદરા એક્સ્પ્રેસ-વે ના બે પેકેજનો સમાવેશ થાય છે. આ કોન્ટ્રાક્ટની વેલ્યુ રૂ. ૪૦૦૦-૫૦૦૦ કરોડ થઈ શકે છે.

Parag Milk (રૂ. ૧૦૬.૦૦) (કોડ : ૫૩૯૮૮૯) :- કેન્દ્ર સરકારે ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન પુરો પાડવા રૂ. ૧૫૦૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી છે. ડેરી ઉદ્યોગને સસ્તા દરે બેન્ક લોન પુરી પડાશે. આ અહેવાલના પગલે પરાગ મીલ્ક, ઉમંગ ડેરી લાભમાં રહેશે.

Genus Power (રૂ. ૨૩.૦૦) (કોડ : ૫૩૦૩૪૩) :- આ કંપની સ્માર્ટ ઈલે. મીટરનું ઉત્પાદન કરી રહી છે. ચીન-ભારત વચ્ચે તંગદીલી વધતા ચીનની પ્રોડકટસનો બહિષ્કારનો ઝુંબેશ શરૂ થતા કેટલાક રાજ્યોએ ચાઈનાના બદલે સ્વદેશી મીટર ઈન્સ્ટોલ કરવાનો નિર્ણય લીધો છે.

Quick Heal (રૂ. ૨૦.૦૦) (કોડ : ૫૩૯૬૭૮) :- સાયબર અટેકમાં અગાઉની તુલનામાં પાંચ ગણો વધારો થયો છે. સાઈબર એટેક સામે સીક્યુરીટીઝ પ્રોવાઈડ કરતી આ કંપનીની પ્રોડકટસની માંગમાં વધારો જોવાયો છે.

Metropolis HC (રૂ. ૧૪૦૪.૦૦) (કોડ : ૫૪૨૬૫૦) :- બજારમાંથી પ્રાપ્ત અહેવાલો અનુસાર બિરલા મ્યુ. ફંડે બ્લોકડલીથી મોટાપાયે આક્રમક ખરીદી કરતા શેર ફોકસમાં જોવાય.

Apcotex (રૂ. ૧૨૬.૦૦) (કોડ : ૫૨૩૬૯૪) :- આ કંપની લેટેક્સ રબરનું ઉત્પાદન કરે છે. ટાયરની આયાત પર એન્ટી ડમ્પીંગ ડ્યુટીનો મોટો લાભ મળી રહ્યો છે. કંપનીના ફુલ ફલેગમાં પ્લાન્ટ શરૂ થઈ ચુક્યા છે.

Shalimar Paints (રૂ. ૬૭.૦૦) (કોડ : ૫૦૯૮૭૪) :- છેલ્લાં ત્રણ મહિના દરમ્યાન ક્રુડના ભાવમાં ઘટાડો થતા પેઈન્ટ સેક્ટરની કંપનીઓની કામગીરી મજબુત બની છે. આ ઉપરાંત સરકારના એફોર્ડેબલ હાઉસીંગ પરનો વધુ પડતો ફોકસનો લાભ મળી રહ્યો છે. કંપનીએ આ સાથે સેનીટાઈઝરનું ઉત્પાદન શરૂ કર્યું છે. રીયલ્ટી ક્ષેત્રનો લાભ મળી રહ્યો છે. ૩૦ જુન જાહેર થઈ રહેલ પરિણામો આકર્ષક રહેવાની શકયતા છે.

Kalyani Steel (રૂ. ૨૧૬.૦૦) (કોડ : ૫૦૦૨૩૫) :- બાબા કલ્યાણી ગ્રુપની આ મજબુત ફંડામેન્ટલી ઈન્વેસ્ટર ફ્રેન્ડલી કંપની છે. સરકારે ચીન મલેશિયાથી આયાત થતા ફલેટ સ્ટીલની આયાત ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાદવાનો નિર્ણય કરતા આ સાથે ઓટો સેક્ટરમાં સ્ટીલ સીટની માંગમાં વૃધ્ધિને પગલે કલ્યાણી સ્ટીલની સાથે સનફલેગ આર્યનને લાભ થતો જોવાય.

IDBI Bank (રૂ. ૪૦.૦૦) (કોડ : ૫૦૦૧૧૬) :- તાજેતરમાં મળેલી કેબીનેટ મીટીંગમાં ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા આગળ ધપાવવા આઈડીબીઆઈ બેન્ક અને શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સ્ટેક સેલ માટેનો નિર્ણય લેવાતા આ બન્ને શેરો ફોકસમાં રહેશે.



Investor's Third Eye

Smt. Dr. Hemavathy / Padmanaban (Chennai)
E-mail : investorsthirdeye@gmail.com

Astrological planetary predictions FOR STOCK MARKET INVESTMENTS (JUNE 29TH TO JULY 5TH 2020)

નવા સપ્તાહમાં મિથુન રાશિમાં સુર્ય, શુક્ર અને રાહુ, કેતુ ધનુ રાશિમાં, મકર રાશિમાં ગુરુ અને શનિ, મીન રાશિમાં મંગળ, કન્યા, તુલા તેમજ વૃશ્ચિક રાશિના ઘરમાં ચંદ્રની ઉપસ્થિતિ જોવા મળી રહી છે. ૩૦ જૂન, ૨૦૨૦ના રોજ ગુરુ પોતાના ઘરમાં પરત ફરી શકે છે. ગુરુનું આ ભ્રમણ ૨૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ સમાપ્ત થશે તથા તે ધનુ રાશિથી લઈને મકર રાશિ સુધી ભ્રમણ કરશે. ૨૯ જૂન, ૨૦૨૦ના રોજ ચંદ્ર કર્ક રાશિમાં, શુક્ર પોતાના ઘરમાં ચંદ્ર તરફ પાંચમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે તથા વૃષભ રાશિ માર્કેટને કેટલાંક અંશે તરફેણ કરે છે. ૧ જુલાઈ, ૨૦૨૦ના રોજ ગુરુ પોતાના ઘરમાં સ્થાન ગ્રહણ કરશે, ધનુ રાશિ કેતુ સાથે મળીને તથા ચંદ્ર તુલાના ઘરમાં ગુરુ તરફ અગિયારમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, જે બજાર માટે સકારાત્મક સાબિત થઈ શકે છે. ૨ અને ૩ જુલાઈ, ૨૦૨૦ના રોજ શુક્ર તેના ઘરમાં સાતમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, મકરના ઘરમાં ચંદ્ર તરફ વૃષભ, મંગળના ઘરમાં ચંદ્ર પોતાનું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, મકર અને મંગળ ગુરુના ઘરમાં સ્થાન હાંસલ કરી રહ્યાં છે તેમજ મીન રાશિ બજારની તરફેણ કરી રહી છે. આરોગ્ય, જાહેર ક્ષેત્રના એકમો, ફાર્માસ્યુટિકલ્સ, ઈન્ફર્મેશન ટેકનોલોજી, રસાયણ, પેપર કંપનીઓ, ઉર્જા, ખાતર, બિયારણનું ઉત્પાદન કરતી કંપનીઓ, સુગર કંપનીઓ, ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ સારું પ્રદર્શન નોંધાવી શકે છે. આયર્ન અને સ્ટીલ, ઈન્ફાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપનીઓ, ટાયર્સ કંપનીઓમાં રોકાણ કરનારાઓએ સારા વળતર માટે રાહ જોવી પડશે. અદાણી ગ્રીન, લુથરા લેબ, રેલીસ ઈન્ડિયા, જેકે એગ્રી જિનેટિક્સ, નાથ બાયો જેન્સ, કોલ ઈન્ડિયા, નાલ્કો, ભારત ડાયનામિક્સ, હેસ્ટ બાયોસાયન્સિસ, ગ્લોબલ સ્પિરિટ્સ, એચએએલ, ઈપ્લા લેબ્સ, કિરી ઈન્ડસ્ટ્રિઝ, ઈઆઈડી પેરી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝસ, જ્યુબિલન્ટ લાઈફ, આઈઆરબી ઈન્ફ્રા, ઈન્ડિયા સિમેન્ટ, ઓરોબિંદો ફાર્મા, પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ, જેકે પેપર્સ, કાવેરી સીડ્સ, બીઈએમએલ, ભેલ જેવી કંપનીઓના શેરના ભાવમાં સારી ગતિવિધિ જોવા મળી શકે છે.

Astrological planetary predictions for GOLD PRICE MOVEMENTS (MAY 29th JUNE TO 5th JULY 2020)

૨૯ અને ૩૦ જૂન ૨૦૨૦ : કન્યા રાશિમાં ચંદ્ર શનિ તરફ નવમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે તેમજ મકર રાશિમાં ગુરુ અને શુક્રએ પોતાના ઘરમાં પાંચમું સ્થાન ગ્રહણ કર્યું છે. ચંદ્ર તરફ વૃષભ બુલિયન માર્કેટને તરફેણ કરશે.

૦૧ જુલાઈ, ૨૦૨૦ : ગુરુ ફરી એકવાર પોતાના ઘરમાં છે તથા ધનુ અને કેતુ સાથે મળીને તથા સુર્ય, રાહુ અને બુધે મિથુન રાશિમાં ઉપસ્થિત હાંસલ કરી છે, જે બુલિયન માર્કેટમાં વોલેટાલિટી લાવી શકે છે.

૦૨ અને ૦૩ જુલાઈ, ૨૦૨૦ : વૃશ્ચિક રાશિમાં ચંદ્ર શુક્ર તરફ વૃષભ રાશિમાં સાતમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, જેનાથી બુલિયન માર્કેટને બળ મળી શકે છે.





Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail :
stockmarket@ganeshaspeaks.com

Sensex Predictions : Dt. 29th June 2020 to 3rd Juluy 2020

દરેક ફળકથનમાં દસ મિનીટનો ગાળો પ્લસ-માઈનસ સમજીને પ્રિડીક્શન સમજવું ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

૨૯-૦૬-૨૦૨૦ સોમવાર

૯.૧૫થી ૯.૪૩ દરમ્યાન નિફ્ટી સરફેસની આજુબાજુ સોફ્ટ સાઈડ રહે. ૯.૪૩થી ૧૦.૩૯ દરમ્યાન નિફ્ટી અપ સાઈડ રહે.

૧૦.૩૯થી ૧૨.૪૫ દરમ્યાન નિફ્ટી અગેઈન સોફ્ટ સાઈડ ટાઈમ પાસ કરે. ૧૨.૪૫થી ૧૪.૩૭ દરમ્યાન માર્કેટ અપ સાઈડ મુવમેન્ટ આપે. ૧૪.૩૭થી ૧૫.૩૦ દરમ્યાન નિફ્ટી માં પ્રોફિટ બુકિંગ આવે.

૩૦-૦૬-૨૦૨૦ મંગળવાર

આમ તો નિફ્ટી ગઈકાલે જે પેટર્ન હતી એ જ સ્ટાઈલ અપનાવશે, માત્ર ઓપનિંગ અને ક્લોઝિંગ અલગ હશે, બાકી પેટર્ન સેમ રહેશે. ઈન્ટ્રાડે માટે બેસ્ટ દિવસ પણ ટ્વેન્ટી -ટ્વેન્ટી ની તૈયારી રાખવી પડશે. ૯.૨૯ની આસપાસ નિફ્ટી બાય કરો, ૧૦.૨૫ની આસપાસ એક્ઝીટ થઈ જાવ. ૧૨.૨૨ની આસપાસ બાય કરો, ૨ રૂપિયા મળતા એક્ઝીટ થઈ જાવ. ૧૪.૧૪ની આસપાસ નિફ્ટી સેલ કરો અને જેવા રૂપિયા મળે તરત એક્ઝી ટ થઈ જાવ પછી માર્કેટનો ભરોસો નથી.

૦૧-૦૭-૨૦૨૦ બુધવાર

આવનાર ૩ દિવસનું ઓપનિંગ રિસ્કી છે, માટે ઉતાવળના કરશો, સ્ટ્રેટેજી બનાવી આગળ વધશો. પહેલી ૧૫ મિનીટ માર્કેટ સોફ્ટ કે ડાઉન રહે. ૯.૩૦થી ૧૦.૪૦ કોલનો રેશિયો વધી જાય. ૧૦.૪૦થી ૧૨.૪૦ દરમ્યાન પ્રોફિટ ના થાય, મજાગલેસ, પોઈન્ટલેસ, બોરીગ ટાઈમ. ૧૨.૪૦થી ૧૪.૨૦ દરમ્યાન નિફ્ટી માં દમ (સ્ટ્રેન્થ) જળવાઈ રહે. ૧૪.૨૦થી ૧૫.૧૫ દરમ્યાન નિફ્ટી ડાઉન આવે. ૧૫.૧૫ પછ નિફ્ટીમાં સ્લાઈટ બાઈંગ આવે.

૦૨-૦૭-૨૦૨૦ ગુરુવાર

નિફ્ટી જે પોઈન્ટથી ઓપન થાય ત્યાંથી તે જમ્પ લગાવે જે ૧૦.૧૦ રહે. ૧૦.૧૦થી ૧૪.૦૯ સુધી W જેવો ગ્રાફ નિફ્ટી માં બને માટે તમારે તે પ્રમાણે પોઝિશન રીસફલ કરતા રહેવું. ૧૪,૦૯થી ૧૫.૩૦ દરમ્યાન ક્ર જેવો ગ્રાફ બને માટે તમારે તે પ્રમાણે પોઝિશન ફા સ્ટ બનાવીને સારા રૂપિયા કમાઈ શકશો.

૦૩-૦૭-૨૦૨૦ શુક્રવાર

હવે ફરીથી ગુરૂ-કેતુની યુતિ શરૂ થઈ ગઈ છે, જે પર્સનલાઈઝ કુંડળી માટે સારી ના કહેવાય. આજે ટોટલ ૬ પાર્ટમાં ટ્રેન્ડ બદલાશે. (૧) ૯.૧૫થી ૯.૨૯ દરમ્યાન નિફ્ટી સરફેસની સ્લાઈટ ડાઉન સાઈડ રહે. (૨) ૯.૨૯થી ૧૦.૨૫ માર્કેટ અપ આવે. (૩) ૧૦.૨૫થી ૧૨.૩૧ ઈન્ડેક્ષ તમને કબડ્ડી રમાડે, ઓનલી ફિગર બદલાય પણ સ્ટોકના ભાવ નહી બદલાય. (૪) ૧૨.૩૧થી ૧૪.૨૩ દરમ્યાન નિફ્ટી માં સ્ટ્રેન્થ દેખાય છે, માટે બાઈંગ કરી શકાય. (૫) ૧૪.૨૩ પછી સેલિંગ આવે. (૬) લાસ્ટ ૧૫ મિનીટ "Tea Break” લઈ લો .

ચીન-ભારત વચ્ચે સીમાવિવાદને પગલે...ચીનના ઓર્ડર રદ થતા...

ભારતની ઈન્ફ્રા., કન્સ્ટ્રક્શન, કેપિટલ ગુડઝ, ડોમેસ્ટીક એમએનસી કંપનીઓ લાભમાં

BHEL, BEL, BEMl, KEC, ABB, Siemensમાં ચમકારો જોવાય

ઈન્ફ્રાસ્ટ્રકચર અને કન્સ્ટ્રક્શન કંપનીઓ માટે સારો સમય આવી રહ્યો હોય તેમ લાગે છે. મૂડીખર્ચમાં ઘટાડા અંગેની નિરાશા હોવા છત્તાં ભારત અને ચીન વચ્ચેના સીમાવિવાદ તથા ચીનની કંપનીઓ માટેના કોન્ટ્રાક્ટની પુનઃવિચારણા કરવાના સરકારના નિર્ણયથી ભારતની આ ક્ષેત્રની કંપનીઓને લાભ થવાની શકયતા છે.

મહત્વના ઈન્ફ્રા અને કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ માટે સ્થાનિક કંપનીઓ પર ફોકસ કરવાના ભારતના નિર્ણયથી કેટલીક હેવીવેઈટ ઈપીસી (એન્જિનિયિરંગ, પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રકશન) કંપનીઓને લાભ થવાની ધારણા છે. માત્ર એક સપ્તાહમાં ચીનની કંપનીઓને આપવામાં આવેલ રૂ. ૧૬૦૦ કરોડના ઓર્ડર રદ કરવામાં આવ્યા છે. હરિયાણા જનરેશન કોર્પોરેશન, ક્રેડિટેડ ફ્રેઈટ કોર્પોરેશન અને મુંબઈ મેટ્રોએ આ કોન્ટ્રાક્ટ રદ કર્યા હતા. વિવિધ રાજયોમાં મેટ્રો રેલ માટે ૧૦ અબજ ડોલર (રૂ. ૭૫૦૦૦ કરોડ) કોન્ટ્રાક્ટ ટુંક સમયમાં આપવામાં આવે તેવી ધારણા છે. એનાલિસ્ટો માને છે કે, જો ચીનની કંપનીઓની પસંદગી નહી કરવામાં આવે તો ભારતની કંપનીઓને મોટા કોન્ટ્રાક્ટ મળી શકે છે.

ચીન સાથેના સંબંધોની પુનઃવિચારણા કરવાના ભારતના નિર્ણયથી લાભ થઈ શકે તેવી કંપનીઓ અંગે હાલમાં ઉત્સાહ છે. રેલ્વે, ટ્રાન્સમિશન અને રોડ સેગ્મેન્ટની ઈપીસી કંપનીઓ લાભાર્થી બની શકે છે. કેબની આયાત જકાતમાં વધારો થશે તો કેઈસી ઈન્ડસ્ટ્રીઝને લાભ થશે કારણ કે તે ભારતમાં ૩૫ ટકા કેબલ માર્કેટ ઓર્ગેનાઈઝડ છે.

છેલ્લાં કેટલાક દિવસોથી ક્યુમિન્સ ઈન્ડિયા, ભેલ, એબીબી, બીઈએમએલ, દિલીપ બિલ્ડકોન અને સીમેન્સના શેરોમાં તેજીનું મોમેન્ટમ જોવા મળ્યું છે.

ચીન સામેના પગલાથી સંભવિત લાભાર્થી

Stock	CMP	Ch.%	%down from 52 wk High	ROCE (%)	ROE (%)
ABB	913	2.52	-43.62	17.02	13.17
BEL	85.00	1.50	-33.48	30.49	21.90
BEML	860	2.20	-40.82	7.25	2.88
BHEL	34.00	4.00	-55.36	6.70	3.16
Cummins	410	5.28	-49.71	23.56	17.39
Dilip Buildcon	282	2.10	-44.72	16.63	21.59
Kalpataru	220	1.43	-60.93	21.34	16.19
PNC Infra	130	-1.70	-40.82	16.00	17.86


ગાગરમાં...સાગર...


<1>

જયેષ્ઠ ભ્રાતા શ્રીચંદે ભાઈઓ

ગોપીચંદ, પ્રકાશ અને અશોક હિન્દુજા સામે મોરચો માંડ્યો

ચાર હિન્દુજા બંધુઓમાં ૧૬ અબજ પાઉન્ડની સંપત્તિ મામલો ઈંગ્લેન્ડ કોર્ટમાં

હાઈકોર્ટે શ્રીચંદની દિકરીને લીગલ ફ્રેન્ડ ગણાવી કેસ લડવા પરવાનગી આપી



બ્રિટનમાં વસવાટ કરતા સૌથી ધનાઢ્ય ભારતીય મૂળના બિઝનેસ ગ્રુપ પૈકીના એક હિન્દુજા ગ્રુપના ચાર ભાઈઓ રૂપિયા ૧૬ બિલિયન પાઉન્ડની સંપત્તિ માટે યુદ્ધે ચડ્યા છે. પરિવારના મોભી ગણાતા ૮૪ વર્ષીય શ્રીચંદ પરમાનંદ હિન્દુજાએ તેમના ભાઈઓ જી.પી. હિન્દુજા (૮૦), પી.પી. હિન્દુજા (૭૫) અને એ.પી. હિન્દુજા (૬૯) સામે કેસ દાખલ કર્યો છે. આ આખો કેસ બીજી જુલાઈ ૨૦૧૪ના રોજ લખાયેલા એક પત્રની માન્યતા મુદ્દે લડાઈ રહ્યો છે. ઈંગ્લેન્ડની હાઈકોર્ટના જસ્ટિસ સરાહ ફોકે જણાવ્યું હતું કે, શ્રીચંદ હિન્દુજાએ માંગ કરી છે કે, કથિત પત્રોની વિલ, પાવર ઓફ એટર્ની, ડેકલરેશન ઓફ ટ્રસ્ટ અથવા અન્ય બંધનકર્તા દસ્તાવેજ અથવા રદ થઈ શકે અને રદ થઈ ચૂકેલા દસ્તાવેજોના વિકલ્પ તરીકે કોઈ કાયદાકીય માન્યતા નથી. જસ્ટિસ કોફે કેસમાં પ્રાઈવસી ઓર્ડર સામે આંશિક ચુકાદો આપતા શ્રીચંદ હિન્દુજાની પુત્રી વિનૂને તેના પિતા વતી લિટિગેશન ફ્રેન્ડ તરીકે કાર્યવાહી કરવા પરવાનગી આપી હતી.

લોકડાઉન બાદ કર્મચારીઓને છૂટા કરવાના માહોલ વચ્ચે....

ખાનગી સેક્ટરની કેટલી બેન્કોએ સ્ટાફની ભરતી શરૂ કરી

બંધન બેન્ક, જના સ્મોલ ફાય., ઉજ્જીવન, ઉત્કર્ષ ૧૦ ટકા સ્ટાફ વધારશે

લોકડાઉન બાદ કર્મચારીઓને છૂટા કરવાનો ટ્રેન્ડ જોર પકડી રહ્યો છે તેવા સમયે ખાનગી સેક્ટરની બંધન બેન્ક અને ઉજ્જીવન ફાય. તથા જના જેવી સ્મોલ ફાયનાન્સ બેન્કોએ કર્મચારીઓની ભરતી શરૂ કરી છે. કોવિડ-૧૯ મહામારીને કારણે ઉભા થયેલા પડકારોની વચ્ચે બેન્કોએ ધીમી ગતિએ આગળ વધવાની વ્યુહરચના બનાવી છે ત્યારે આ બેન્કો આવતા ત્રણ થી ચાર મહિનામાં સ્ટાફની સંખ્યા પાંચ થી દસ ટકા વધારવાની પ્રક્રિયા કરી રહી છે.

બેન્ક	વર્તમાન સ્ટાફ	નવી ભરતી
બંધન બેન્ક	૩૯૬૭૦૦	૩૦૦૦
જના સ્મોલ ફાય.	૧૫૦૦૦	૫૦૦
ઉજ્જીવન	૧૭૫૦૦	૧૫૦-૨૦૦
ઉત્કર્ષ	૮૬૦૦	૬૦૦-૭૦૦
ESAF	૩૩૦૦	૩૦૦

આ બેન્કો નવો સ્ટાફ મુખ્યત્વે કલાયન્ટ સર્વિસિંગ કામકાજમાં તેમજ રિપેમેન્ટમાં વધારો કરવાના વિભાગમાં મુકવામાં આવશે.

લોકડાઉનની મર્યાદાઓ હળવી થવાની સાથે સાથે બંધન બેન્કે તેના માઈક્રો બેન્કિંગ વર્ટિકલ ૨૫૦૦ કર્મચારીઓની ભરતી કરી છે તેમજ જુન સુધીમાં બીજા ૫૦૦ કર્મચારીઓ સામેલ કરવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે.

લોકડાઉનને કારણએ અર્થતંત્રના પૈડાં થંભી જવાથી રિપમેન્ટ કલેક્શન પર ગંભીર અસર પડી હતી અને જેના કારણે માઈક્રો ફાયનાન્સ કંપનીઓની હાલત ખરાબ થઈ છે આથી આ કંપનીઓએ રિપેમેન્ટ કલેક્શન પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. માઈક્રો ફાયનાન્સ ઈન્સ્ટીટ્યુશનલ નેટવર્કના અભ્યાસ પ્રમાણે એપ્રિલ મે મહિનામાં હપ્તાનું કલ મુલ્ય રૂ. ૪૦૦૦ કરોડ હતુ અને મે ના અંત સુધીમાં માત્ર ૧૦ ટકા હપ્તા ભરાયા હતા. સ્મોલ ફાયનાન્સ બેન્કમાં ઉજ્જીવન દર મહિને ૧૫૦-૨૦૦ લોકોની ભરતી કરવા માંગે છે.


ગાગરમાં...સાગર...


રિલાયન્સનો શેર ખરીદવા ઈચ્છતા ફંડ મેનેજર્સ સેબીના નિયમથી પરેશાન

જો રિલાયન્સનો શેર વધતો રહેશે તો તેમની સ્કિમ અંડરપર્ફોમ રહેવાની ચિંતા

કોઈ એક શેરનું હોલ્ડિંગ અમુક મર્યાદાથી વધારે કરી શકાતું ન હોવાથી ભારતનાં મ્યુચ્યુઅલ ફંડ્સના ફંડ મેનેજર્સ અત્યારે વિચિત્ર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે તેનાથી તેમના પર્ફોમન્સ પર અસર પડવાની સંભાવના છે.

ત્રણ મહિનામાં દલાલ સ્ટ્રીટમાં રિલાયન્સના શેરમાં જબરજસ્ત વળતર મળ્યું છે ત્યારે આ ફંડ મેનેજર્સ તેમની વિવિધ ઈક્વિટી સ્કીમ્સ માટે રિલાયન્સના શેરની ખરીદી કરી શકે એમ નથી. સેબીના નિયમ મુજબ એક્ટિવ્લી મેનેજડ ડાયવર્સિફાઈડ ઈક્વિટી સ્કીમ્સને એક જ શેરનું ૧૦ ટકાથી વધુ હોલ્ડિંગ કરવાની છુટ નથી. આ લિમિટ પાર થાય તો સ્કીમમાં તેનું વેઈટ શેરના ભાવમાં થતી વૃધ્ધિના પ્રમાણમાં જ વધી શકે છે. રિલાયન્સનો શેર સતત વધ્યો હોવાથી નિફટી ૫૦ માં તેનું વેઈટ ત્રણ મહિનામાં ૯.૫૪ ટકાથી વધીને ૧૪.૨૮ ટકા થયું હતું જ્યારે સેન્સેક્સમાં તેનું વેઈટેજ ૧૧.૧૨ ટકાથી વધીને ૧૬.૭૨ ટકા થયું છે.

અન્ય પ્રખ્યાત ઈન્ડેક્સ જેવા કે, નિફટી ૧૦૦ અને એસ એન્ડ પી બીએસઈ ૧૦૦માં રિલાયન્સનું વેઈટેજ અનુક્રમે ૭.૫૫ ટકાથી વધીને ૧૧.૨૨ ટકા અને ૭.૬૬ ટકાથી વધીને ૧૧.૬૪ ટકા થયું છે. શેરનું હોલ્ડિંગ વધારવાનું મર્યાદિત હોવાથી કોઈ પણ સ્કીમ શેરના વેઈટેજમાં થતી વૃધ્ધિના સમપ્રમાણમાં હોલ્ડિંગ વધારી શકતી નથી. મોટા ભાગની લાર્જકેપ સ્કીમ્સ નિફટી ૫૦ ટોટલ રિર્ટન્સ ઈન્ડેક્સ, S&P BSE Sensex, Nifty 100 TRI અને S&P BSE 100 TRIને ટ્રેક કરતી હોવાથી તેના ફંડ મેજર્સને ચિંતા છે કે, જો રિલાયન્સનો શેર વધતો રહેશે તો તેમની સ્કીમ્સ અંડરપર્ફોમન્સ કરાશે.

રિલાયન્સ ઈન્ફ્રા ચાલુ નાણાંકીય વર્ષના અંત સુધીમાં દેવા મુક્ત બનશે

ચાઈના બેન્કની લોન વ્યક્તિગત નહીં બલ્કે કોર્પોરેટ લોન છે ADAGના વડા અનિલ અંબાણીની શેરહોલ્ડરોને સ્પષ્ટતા



અડાગ ગ્રુપના વડા અનિલ અંબાણીએ જણાવ્યું હતું કે, એસબીઆઈ અને ચીનના ધિરાણકારોએ કરેલો કેસ વ્યક્તિગત લોન માટે નહીં, કોર્પોરેટ લોન માટે છે. અંબાણીના જણાવ્યા અનુસાર રિલાયન્સ કોમ્યુનિકેશનના રિઝોલ્યુશનથી આ મુદ્દાનો ઉકેલ આવી જશે તેમણે જૂથના વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને જણાવ્યું હતું કે, ''ચીનની ત્રણ બેન્કે કથિત ગેરન્ટીના આધારે ખોટો દાવો કર્યો છે. આ ગેરંટી પર મેં હસ્તાક્ષર કર્યા જ નથી.''

અંબાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ''વાસ્તવમાં મેં માત્ર પાવર ઓફ એટર્ની પર હસ્તાક્ષર કર્યા હતા અને પાવર ઓફ એટર્ની પણ ચીનની બેન્કોને નોન બાઈન્ડિંગ લેટર ઓફ કમ્ફર્ટ અમલ પૂરતી મર્યાદિત હતી'' ઉલ્લેખનીય છે કે, ૨૨ મે ના રોજ બ્રિટનની કોર્ટે અંબાણીને ૨૧ દિવસમાં અંબાણીને ૭૧.૭ કરોડ ડોલર (રૂ. ૫૪૪૮ કરોડ) ચૂકવવાનો આદેશ આપ્યો હતો. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શેરધારકો સાથે વાત કરતા અંબાણીએ કંપનીમાં હિસ્સો વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે તેમણે ચાલુ નાણાંકીય વર્ષ પુરૂં થતા સુધીમાં કંપનીને દેવામુક્ત કરવાની ખાતરી આપી હતી. ધિરાણકારોએ કંપનીના પ્લેજડ શેર્સ વટાવી લેતા રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રમોટર્સનો હિસ્સો ઘટીને ૧૪.૭ ટકા થયો છે.

એસબીઆઈ રૂ. ૧૨૦૦ કરોડથી વધુની લોન માટે ઈન્સોલવન્સી કોર્ટમાં ગઈ છે એ બાબતે પણ અંબાણીએ કહ્યું હતું કે, આ પણ વ્યક્તિગત લોન નથી.


ગાગરમાં...સાગર...


લોકડાઉન તેમજ કોવિડ-૧૯ ની મહામારીને પગલે... ભારતીયોમાં ઓનલાઈન ખરીદીનો ઉન્માદ જોવાયો



હિન્દુસ્તાન યુનિલીવર (HUL), ITC, પારલે પ્રોડક્ટ્સ, LG, વિવો અને ગોદરેજ જેવી ભારતની અગ્રણી કન્ઝ્યુમર ગૂડ્ઝ કંપનીઓના વેચાણમાં ઓનલાઈન ચેનલનું યોગદાન તીવ્રતાથી વધી રહ્યું છે. કોવિડ-૧૯ મહામારીને કારણે મહત્તમ લોકો ઓનલાઈન શોપિંગ તરફ વળ્યા છે, જેથી આ કંપનીઓના કુલ બિઝનેસમાં ઓનલાઈન ચેનલનો હિસ્સો વધીને બમણો થઈ ગયો છે, જયારે કેટલીક કંપનીઓના ઈ-કોમર્સ વેચાણમાં પણ બમણી વૃદ્ધિ થઈ છે.

ઈન્ફેક્શન લાગવાની બીકે ગ્રાહકો સ્ટોરમાં જવા કરતાં ઓનલાઈન ખરીદી કરે છે, જેથી આ કંપનીઓની પ્રોડક્ટ્સની ઓનલાઈન માંગ વધી છે. ઉપરાંત, ઘણા દુકાનદારોએ પૈસાની અછતને કારણે દુકાનો ખોલી ન હોવાથી પણ લોકો ઓનલાઈન ખરીદી કરવા લાગ્યા છે.

૮૦ લાખ રિટેલ આઉટલેટ દ્વારા વેચાણ કરતી ભારતની સૌથી મોટી FMCG કંપની HULએ જણાવ્યું છે કે, તેના ડાયરેક્ટ કવરેજમાં આવતા ૨૦ ટકા જેટલા સ્ટોર હજુ ખૂલ્યા નથી. HULના ચેરમેન સંજીવ મહેતાએ જણાવ્યું હતું કે, "એવું નથી કે સ્ટોર બંધ હોવાથી વેચાણ ઘટ્યું છે. ઓમ્ની-ચેનલની વૃદ્ધિને કારણે ઘણા મોડર્ન ટ્રેડ આઉટલેટ્સ બંધ છે. જો મોડર્ન ટ્રેડ સ્ટોર શરૂ થશે તોપણ ભીડની બીક લાગવાથી શરૂઆતમાં વેચાણ નહી વધે."

ભારતની સૌથી મોટી ફૂડ કંપની પારલે પ્રોડક્ટ્સના સિનિયર કેટેગરી હેડ બી કે રાવ કહે છે કે, "લોકડાઉન દરમિયાન ઓનલાઈન ખરીદીની માંગ ૧૦૦ ગણાથી પણ વધી ગઈ હતી પરંતુ મજૂરોની અછત તથા સપ્લાય ચેઈન તૂટી જવાથી કંપનીઓ આ માંગને પહોંચી વળી નહોતી. હવે આ પ્રશ્નો ઉકેલાઈ ગયા છે અને વેચાણમાં મોટો ઉછાળો આવશે.

ITC લિના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બી સુમંત કહે છે કે, "વર્તમાન પડકારજનક સમયમાં ગ્રાહકો સલામત રહેવા માટે ઘરે બેઠાં-બેઠાં ઓર્ડર આપીને ડિલિવરી મેળવવાનું પસંદ કરે છે. આથી, કંપનીની હ્વસ્ઝ્ઝ્ય પ્રોડક્ટ્સનું ઓનલાઈન વેચાણ તીવ્રપણે વધી રહ્યું છે."

૨૦૧૭ના મધ્યભાગ સુધી ભારતમાં વેચાતી ગ્રોસરીના કુલ વેચાણમાં ઓનલાઈન વેચાણનો હિસ્સો માત્ર ૧ ટકા હતો, જે ૨૦૧૯ સુધીમાં ૧.૯ ટકા થઈ ગયો હતો. ઉદ્યોગજગતને અંદાજ છે કે, આ વર્ષે ગ્રોસરીના વેચાણમાં ઓનલાઈન ચેનલનો હિસ્સો ૫ ટકાથી પણ વધી જશે.

નિલ્સનના તાજા રિપોર્ટ અનુસાર, ભારતમાં FMCG વેચાણમાં ઓનલાઈન ચેનલનો હિસ્સો જાન્યુ-માર્ચ ૨૦૨૦ ક્વાર્ટર દરમિયાન વાર્ષિક ધોરણે ૫૦ ટકા વધ્યો હતો કારણ કે, ગ્રાહકોએ ઈ-કોમર્સ વેબસાઈટ પરથી ખરીદી વધારી હતી. આ ક્વાર્ટર દરમિયાન સ્થાનિક ગ્રોસર્સનો હિસ્સો ૨.૨ ટકા ઘટ્યો હતો જેનો સીધો ફાયદો ઈ-કોમર્સ અને મોડર્ન રિટેલર્સને થયો હતો.

કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ માર્કેટમાં પણ કોવિડ પહેલાંની સરખામણીએ કુલ વેચાણમાં ઈ-કોમર્સનો હિસ્સો બમણો થઈને ૮-૧૦ ટકા થયો છે. LG, સેમસંગ, શાઓમી, વિવો, ગોદરેજ એપ્લાયન્સિસ અને પેનાસોનિક જેવી ઘણી કંપનીઓએ તેમના ઓફલાઈન સ્ટોરને ઓનલાઈન કરવાનાં પગલાં ભર્યાં છે.

સ્માર્ટ ગાઈડ ફોર સ્માર્ટ ઈન્વેસ્ટર

Siddharth Shah

Hexawareના શેરની બાયબેક ઓફરમાં તગડી કમાણીની તક

હાલમાં શેર ખરીદી બાયબેકમાં વેચીને ૩ મહિનામાં ૨૦ ટકા સુધીનો લાભ



હેક્ઝાવેર ટેકનોલોજીની ડિલિસ્ટીંગ ઓફરમાંથી રોકાણકારો ટુંકાગાળામાં કમાણી કરી શકે છે. કંપનીના શેરની હાલમાં ખરીદી કરવામાં આવે અને ડિલિસ્ટીંગ માટેના બાયબેકમાં તેને વેચવામાં આવે તો, રોકાણકારોને ત્રણ મહિનામાં ૨૦ ટકા સુધી લાભ થઈ શકે છે.

હેક્ઝાવેરનો શેર હાલમાં રૂ. ૩૨૫ એ ટ્રેડ થાય છે તેની માલિક કંપની બેરિંગ પ્રાઈવેટ ઈક્વિટીએ કંપનીના ડિલિસ્ટીંગ માટે શેરદીઠ રૂ. ૨૮૫નો ભાવ ઓફર કર્યો છે. ફિલિપ કેપિટલના એનાલિસ્ટ કરણ ઉપ્પલે જણાવ્યું હતું કે, ભારતમાં અગાઉની ડિલિસ્ટીંગ ઓફરમાંથી સંકેત મળે છે કે, લઘુમતી શેરહોલ્ડર્સ ૧૦૦ ટકા સુધી જંગી પ્રિમિયમ મેળવતા હોય છે. કંપનીનો રૂ. ૨૮૫ નો ઓફરભાવ શેરહોલ્ડર્સ સ્વિકારી શકે તેના કરતાં ઘણો નીચો છે. અમે માનીએ છીએ કે, અંતિમ ડિલિસ્ટિંગ ભાવ હાલના ઓફર ભાવ કરતા ઘણો ઉંચો રહેશે. આ ભાવ શેરદીઠ રૂ. ૩૫૦ થી ૩૪૦ની રેન્જમાં રહી શકે છે. હેક્ઝાવેરમાં હાલમાં બેરિંગ પીઈ ૬૨.૪ ટકા ઈક્વિટી હિસ્સો ધરાવે છે. ઓગસ્ટ ૨૦૧૮માં કંપનીએ રૂ. ૪૪૭ ના તળિયાના ભાવે આશરે ૮ ટકા હિસ્સો વેચ્યો હતો. ૨૦૧૨ માં આઈગેટે તળિયાના ભાવ કરતાં ૪૬ ટકા પ્રિમિયમ સાથે શેરદીઠ રૂ. ૫૨૦ ના ભાવે પટ્ણી કોમ્પ્યુટર સિસ્ટમ્સનું ડિલિસ્ટીંગ કર્યું હતું. ૨૦૧૩ માં ઓરેકલ ફાયનાન્સિયલ આઈ-ફ્લેક્સ સોલ્યુશન્સ માટેના ડિલિસ્ટીંગના ભાવમાં ૪૨ ટકાનો વધારો કર્યો હતો. આમ છત્તાં કંપનીના શેરહોલ્ડર્સ પાસેથી લઘુત્તમ પ્રતિક્રિયા મળી ન હતી. કંપનીનો ઓફર ભાવ ઘણો નીચો છે કારણ કે, પ્રમોટર્સ બે વર્ષ પહેલાં આ ઓફરભાવ કરતાં ૫૭ ટકા ઉંચા ભાવે આશરે ૮ ટકા હિસ્સો વેચ્યો હતો. કોરોના વાઈરસની સ્થિતિને કારણે બેરિંગ પીઈ આટલા સ્તરથી ઓફર ભાવમાં વધારો ન કરે તેવી શકયતા છે પરંતુ ૩૦ થી ૪૦ ટકા પ્રિમિયમની શકયતાને નકારી શકાય નહી. રોકાણકારોએ થોડો વધુ સમય શેર જાળવી રાખવા જોઈએ. ચાલુ વર્ષે હેક્ઝાવેરના શેરમાં ૩ ટકાનો અને છેલ્લાં ૧ વર્ષમાં ૧૮ ટકાનો ઘટાડો થયો છે. એનાલિસ્ટે જણાવ્યું હતું કે, હેક્ઝાવેરના ડિલિસ્ટીંગ માટે બેરિંગના ઓફરભાવમાં શેરનું મુલ્ય ૧૨.૭ ટકાના પીઈ ગણવામાં આવ્યું છે. આ વેલ્યુએશન આઈ.ટી. સેક્ટરના તાજેતરની ડીલ્સ કરતાં નીચું છે.

તાજેતરના વર્ષોની ડિલિસ્ટીંગ ઓફર્સ

Stocks	Year	Floor Price	Discoverd Price	Premium (%)
Patni Computers	2012	357	520	45.66
Essar Oil	2015	146	370	153.42
Essar Port	2015	94	133	41.49
Fulford India	2015	701	2400	242.37
Exchanges Sol.	2016	40	109	172.5
Polaris	2018	232	480	106.90
Infinite Computer	2018	259	480	85.33
Claris Life	2018	352	400	13.64
Linde India	2019	428	2025	373.13

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

Asian Paints ના શેર માટે એનાલિસ્ટ બુલિશ Nomura, Edelweiss, UBS એ રેટિંગ જાળવી રાખ્યા



ચોથા ક્વાર્ટરના રિઝલ્ટ બાદ વિવિધ બ્રોકરેજ હાઉસે એશિયન પેઈન્ટ્સ માટે તેજીનું વલણ જાળવી રાખ્યું છે. આ અગ્રણી પેઈન્ટ્સ કંપનીના શેરમાં સતત પાંચમા સેશનમાં તેજી આવી હતી.

કંપનીનો શેર બીએસઈમાં ૩.૮૨ ટકા ઊછળીને રૂ. ૧,૭૪૮એ બંધ આવ્યો હતો. એશિયન પેઈન્ટ્સનો શેર નવ જુલાઈ ૨૦૧૯ના રોજ રૂ. ૧,૨૯૧.૪૫ના બાવન સપ્તાહના નીચા સ્તરે હતો, શેર ૯ માર્ચ ૨૦૨૦ના રોજ રૂ. ૧,૮૧૫ના એક વર્ષના ઊંચા સ્તરે હતો. કંપનીએ તેના ડેકોરેટિવ પેઈન્ટ્સ બિઝનેસમાં એક આંકડામાં વોલ્યુમ ગ્રોથ નોંધાવ્યો હતો.

કંપનીની આવક વાર્ષિક ધોરણે સાત ટકા ઘટી હતી, જ્યારે ચોખ્ખા નફામાં ૨.૧ ટકા ઘટાડો થયો હતો. જોકે કંપનીનું માર્જિન ૧૭.૮ ટકાની સામે ૧૮.૫ ટકા રહ્યું હતું.

UBSએ એશિયન પેઈન્ટ્સના શેર માટે આઉટપર્ફોર્મ રેટિંગ જાળવી રાખ્યું છે અને તેના માટે રૂ. ૧,૭૧૦નો ટાર્ગેટ ભાવ આપ્યો છે. આ બ્રોકરેજ હાઉસે જણાવ્યું હતું કે વેલ્યુએશનને કારણે અપસાઈડનો અવકાશ મર્યાદિત છે.

યુબીએસએ રૂ. ૨,૦૦૦ના ટાર્ગેટ ભાવ સાથે બાય રેટિંગ જાળવી રાખ્યું છે. આ બ્રોકરેજ હાઉસે જણાવ્યું હતું કે વોલ્યુમમાં મજબૂત વૃદ્ધિની સંભાવના, ડિસ્ટ્રિબ્યુશનની મજબૂતાઈ તથા સ્પર્ધાત્મક લાભને કારણે કંપનીનું પ્રીમિયમ વેલ્યુએશન વાજબી લાગે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો નફો વાર્ષિક ધોરણે ૨.૧ ટકા ઘટીને રૂ. ૪૬૧.૯ કરોડ થયો હતો. એન્ટિક સ્ટોક બ્રોકિંગ, એડલવાઈસ, નોમુરા અને યુબીએસએ બાય રેટિંગ જાળવી રાખ્યું છે, જ્યારે સીએલએસએ અને ક્રેડિટ સુઇસે આઉટપર્ફોર્મ રેટિંગ જાળવી રાખ્યું છે.

બ્રોકરેજીસ વ્યુ

Brokerages	Rating	Target (Rs)
CLSA	Outperfrom	1710
UBS	Buy	2000
Goldman Sachs	Sell	1064
Credit Suisse	Outperform	1850
Antic	Buy	1874
Edelweiss	Buy	1910
Emkay	Hold	1625
Motilal Oswal	Sell	1315
Nomura	Buy	2020

CLSAએ જણાવ્યું હતું કે અમે માનીએ છીએ કે ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષના બીજા છ મહિનામાં માગની સ્થિતિ રાબેતા મુજબની થશે.

એમ્કે હોલ્ડ રેટિંગ જાળવી રાખ્યું છે અને કોટક ઇન્ટીટ્યૂશનલ ઇક્વિટીઝે રિડ્યુસ રેટિંગ આપ્યું છે. ફિલિપ કેપિટલ અને મોતીલાલ ઓસ્વાલે સેલ રેટિંગ આપેલું છે.

ગોલ્ડમેન સૅક્સે રૂ. ૧,૦૬૪ના ટાર્ગેટ ભાવ સાથે સેલ રેટિંગ જાળવી રાખ્યું છે. ક્રેડિટ સુઇસે રૂ. ૧,૮૫૦ના ટાર્ગેટ ભાવ સાથે આઉટપર્ફોર્મ રેટિંગ આપ્યું છે. આ બ્રોકરેજ હાઉસે જણાવ્યું હતું કે ૨૦૨૧-'૨૨ના વર્ષ માટે કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી શેરોમાં એશિયન પેઈન્ટ્સના અર્નિંગની સંભાવના સૌથી ઊંચી છે.

બ્રોકરેજીસ - એનાલીસ્ટ વ્યુ....

<2>

કંપનીના દેવામુક્ત દાવા સામે સવાલ...

Reliance નો રિસ્ક રિવોર્ડ રેશિયો નેગેટિવ : મેક્વેરી

શેર માટે અંડરપર્ફોમ રેટિંગ સાથે રૂ. ૧૧૯૫ નો ટાર્ગેટભાવ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં તાજેતરની તેજી બાદ તેનો રિસ્ક રિવોર્ડ રેશિયો નેગેટિવ બન્યો છે. એમ વિદેશી બ્રોકરેજ હાઉસ મેકવેરીએ જણાવ્યું હતું. જિયો પ્લેટફોર્મમાં હિસ્સાના વેચાણ અને રાઈટ્સ ઈસ્યુની સફળતાને કારણે રિલાયન્સનો શેર માર્ચના નીચા સ્તરથી લગભગ બમણો થયો છે.

મેકવેરીએ તેની નોંધમાં જણાવ્યું હતું કે, અમે ડિજીટલ ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીમાં માનીએ છીએ, પરંતુ હાલના ભાવે ફંડામેન્ટલની દ્રષ્ટિએ બુલ-બેર રેશિયો બેરિશ બન્યો છે. રિલાયન્સ તેના વાજબી ભાવથી ઘણો ઉંચો છે. આ બ્રોકરેજ હાઉસે રૂ. ૧૧૯૫૦ ના ટાર્ગેટભાવ સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર માટે અંડરપર્ફોમ રેટિંગ દર્શાવ્યું હતું.

જો કે, મેકવેરી જણાવે છે કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તેના ઝીરો ચોખ્ખા દેવાના દરજ્જાને હાઈલાઈટ કરે છે પરંતુ ૨૦૨૦-૨૧ ના અંત સુધીમાં તેનું દેવું ૧૬ અબજ ડોલર રહેવાનો અંદાજ છે. મેકવેરીએ જણાવ્યું હતું કે, પ્રારંભિક મુદ્દે જોઈએ તો અમારા અંદાજ મુજબ રિલાયન્સ ગ્રુપનું ચોખ્ખું દેવું ટ્રાન્ઝેક્શન પહેલા (ટાવર અને ફાઈબર InvITsમાટે એડજસ્ટમેન્ટ વગર પણ) ૩૯ અબજ ડોલર છે, નહીં કે ૨૩ અબજ ડોલર. આ તમામ ટ્રાન્ઝેક્શનને ધ્યાનમાં લીધા બાદ કોઈપણ અર્થપૂર્ણ એફસીએફના જનરેશન વગર રિલાયન્સનું ચોખ્ખું દેવું ૨૦૨૦-૨૧ માં ૧૬ અબજ ડોલર રહેશે. આ ટ્રાન્ઝેક્શનની કેટલીક રકમનો ઉપયોગ કરી દેવામાં ઘટાડો કરવામાં આવે છે તે જોવાનું રહ્યું.

મેકવેરીએ જણાવ્યું હતું કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માટેના તેના અર્નિંગ અંદાજ સરેરાશ અંદાજ કરતા ૧૫ થી ૨૦ ટકા નીચા છે. આ બ્રોકરેજ આ વર્ષના જાન્યુઆરીમાં કંપનીના શેરના રેટિંગને ન્યુટ્રલથી ઘટાડીને અંડરપર્ફોમ કર્યું હતું કારણ કે, મેકવેરીનો મત હતો કે તેજીના કેટલાંક પરિબળોની અસર શેરમાં આવી ગઈ છે.

LIC Housing ના Q4ના રિઝલ્ટ બાદ

એનાલિસ્ટ બેરિશ બન્યા

એલઆઈસી હાઉસિંગ ફાયનાન્સે જાન્યુઆરી માર્ચ ક્વાર્ટરમાં નફામાં ૩૯ ટકાનો ઘટાડો કર્યો હોવાથી બ્રોકરેજ કંપનીઓએ તેના ટાહર્ગેટભાવમાં ઘટાડો કર્યો છે. નોમુરાએ એલઆઈસી હાઉસીંગ ફાયનાન્સના શેરનું રેટિંગ બાયથી બદલીને ન્યુટ્રલ કર્યું છે અને ટાર્ગેટભાવ રૂ. ૫૪૦ થી ઘટાડીને ૩૦૫ કર્યો છે. એલઆઈસી હાઉસીંગ ફાયનાન્સની નફાકારકતા નબળી છે અને કેપિટલ લેવલ પણ ઓછું હોવાથી જો ક્રેડિટ કોસ્ટ પર કોઈ નેગેટિવ અસર પડશે તો કંપનીનું જોખમ વધશે એમ નોમુરાનું કહેવું છે.

Brokerages	Before Results	After Results	Before Target	After Target
Credit Suisse	Under Perform	Under Perform	210	210
HSBC	Hold	Hold	295	285
Investec	Buy	Buy	--	310
Motilal Oswal	Buy	Buy	530	340
Nomura	Buy	Neutral	540	305

મ્યુચ્યુઅલ ફંડ અપડેટ

<1>

કોવિડ-૧૯ અને લોકડાઉનની માઠી અસર

મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારો ટ્રેડર્સ બનતા ઈનફલો પર ગંભીર અસર

SIP રૂટ દ્વારા રોકાણમાં ધરખમ ઘટાડો : અનેક SIP બંધ

શેરબજારમાં રોકાણકારો ફરી એકવાર છેતરાયા છે. આ વાત શેરબજારમાં સીધું રોકાણ કરતા ટ્રેડર્સ કે ઈન્વેસ્ટર્સની નથી પરંતુ પ્રોફેશનલ્સ દ્વારા જેમનાં નાણાં મેનેજ થાય છે તે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરનારાઓને પણ લાગુ પડે છે. માર્ચ મહિનામાં માર્કેટના કડાકાથી ગભરાઈને રોકાણકારોએ ફંડ્સમાંથી તળિયાના ભાવે તેમનું રોકાણ ઉપાડી લીધું અને બીજી બાજુ બજાર ૩૫ ટકા જેટલુ ઉછળી ગયું. રિડમ્પ્શન કરવા ઉપરાંત રોકાણકારોએ સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)માં પણ રોકાણ ટાળ્યું અને તેને કારણે અંતિમ ત્રણ મહિના દરમ્યાન ઈક્વિટી ફંડ્સમાં નેટ ઈન્ફલો ૫૦ ટકાથી પણ વધુનો ઘટાડો દર્શાવી રહ્યો છે.

મ્યુચ્યુઅલ ફંડ ઈનફલોમાં જંગી ઘટાડો

January	Rs.	10,000 Cr.
February	Rs.	8000 Cr.
March	Rs.	9000 Cr.
April	Rs.	3800 Cr.
May	Rs.	3100 Cr.

માર્ચ મહિનામાં ઈક્વિટી સ્કીમ્સમાં રૂ. ૯૦૩૦ કરોડના ચોખ્ખા ઈન્ફલો સામે એપ્રિલ અને મે મહિના દરમ્યાન અનુક્રમે રૂ. ૩૮૧૧ કરોડ અને રૂ. ૩૧૦૨ કરોડનો ઈનફલો નોંધાયો હતો જે અંતિમ બે વર્ષમાં સંભવતઃ સૌથી નીચો માસિક ઈન્ફલો છે. આ બાબત સૂચવે છે કે, કોવિડ-૧૯ ને આઉટબ્રેકને કારણે વૈશ્વિક બજારોમાં તિવ્ર કડાકાથી ગભરાઈને લોકોએ જ્યારે નીચા ભાવે ખરીદવાની તક હતી ત્યારે નિકળવાનું પસંદ કર્યું હતું. જોતજોતામાં માર્ચ મહિનામાં ૭૫૧૦ ના તળિયાથી બેન્ચમાર્ક નિફ્ટી ત્રણ મહિનામાં ૩૭ ટકાના સુધારે ૧૦૪૦૦ પર પહોંચી ગઈ હતી. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં અનુક્રમે રૂ. ૧૦,૦૦૦ કરોડ અને રૂ. ૮૦૦૦ કરોડનો નેટ ઈનફલો નોંધાયો હતો. આમ એપ્રિલ - મે દરમ્યાન ઈક્વિટી ફંડ ઈનફલો ૫૦ ટકાથી પણ વધુનો ઘટાડો દર્શાવતા હતા.

રોકાણકારોના નાણાં વહેલી તકે પરત કરવા શક્ય પ્રયાસ : ફ્રેન્કલીન ટેમ્પલ્ટન

ફ્રેન્કલિન ટેમ્પલ્ટન મ્યુચ્યુઅલ ફંડે જણાવ્યું હતું કે, તે તેની છ ડેટ સ્કીમ બંધ કરવાના સંદર્ભમાં તમામ કાયદાકીય પ્રશ્નોને વહેલી તકે હલ કરવા તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે જેથી એસેટ્સનાં નાણાં મેળવીને રોકાણકારોને પરત કરી શકાય.

રોકાણકારોને સંબોધીને લખવામાં આવેલા એક પત્રમાં ફ્રેન્કલિન ટેમ્પલ્ટન મ્યુચ્યુઅલ ફંડના પ્રેસિડન્ટ સંજય સાપ્રેએ તેમને છ ડેટ ઈન્કમ સ્કીમોને સમેટી લેવાની પ્રક્રિયાની જાણકારી આપી હતી. નોંધનીય છે કે, ફ્રેન્કલિન ટેમ્પલ્ટન મ્યુચ્યુઅલ ફંડે ૨૩ એપ્રિલે રિડેમ્પશન પ્રેશર તથા બોન્ડ માર્કેટમાં પ્રવાહિતાના અભાવને ટાંકીને તેની છ ડેટ સ્કીમોને બંધ કરી હતી.

સ્કીમોને સમેટી લેવાના સંદર્ભમાં હાલમાં કોર્ટમાં ચાલી રહેલા કેસની વિગતો આપતાં સાપ્રેએ જણાવ્યું હતું કે, "સર્વોચ્ચ અદાલતે ૧૯ જૂને ફંડ હાઉસ દ્વારા ફાઈલ કરવામાં આવેલી સ્પેશિયલ લિવ એપ્લિકેશનને તથા ટ્રાન્સફર પિટિશનને ધ્યાન પર લીધી હતી.

હવે આ છ સ્કીમને સમેટી લેવાને સંબંધિત તમામ પડતર કેસને કર્ણાટક હાઈ કોર્ટની ડિવિઝન બેન્ચમાં ખસેડવામાં આવ્યા છે અને સર્વોચ્ચ અદાલતે આદેશ કર્યો છે કે આ મેટરને ત્રણ મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે આના કારણે કેસિસમાં ઘટાડો થશે અને ચુકાદો ઝડપી બનશે.

તેમણે જણાવ્યું હતું કે, વિવિધ કાનૂની કેસના કારણે વિલંબથી તમારી નિરાશા અને અગવડમાં વધારો થયો છે. તેનો વહેલામાં વહેલી તકે ઉકેલ આવે તે માટે અમે અમારા સારામાં સારા પ્રયાસો કરી રહ્યા છીએ જેથી સ્કીમો સક્ષમ રીતે એસેટ્સને મોનેટાઈઝ કરી શકે અને રોકાણકારોને નાણાં પરત કરી શકાય.

મार्કેટ ટિટ્બિટ્સ **Het Zaveri**

ઓફિસનું કામ કરવાનો નવો વિકલ્પ

હવે WFH એટલે Work from Home નહીં બલ્કે 'Work from Hotels'

રિસોર્ટસથી માંડીને મોટી હોટલ ચેઈન્સ પ્રોફેશનલ્સને વર્કસ્ટેશનની સુવિધા

Work from Home ચાલુ વર્ષની નવી વાસ્તવિકતા છે એવું માની લઈએ તો બજેટ પ્રોપર્ટીથી માંડી મોટી હોટેલ ચેઈન્સ વર્કસ્ટેશન્સ માટે સુવિધા તૈયાર કરવાનું વિચારી રહી છે. તેમનું માનવું છે કે, લોકો ત્રણ મહિના સુધી 'વર્ક ફ્રોમ હોમ'થી કંટાળી ગયા છે અને હવે બહાર નીકળવા માંગે છે.

ઇન્ડિયન હોટેલ્સના જણાવ્યા અનુસાર "અમારી હોટેલ્સમાં આવતા મહેમાનો બેંગલુરુની તાજ વેસ્ટ એન્ડ, ગોવાની તાજ હોલિડે વિલેજ, કૂર્ગના એમા બેંગલોઝ, ચિકમંગલુર અને ગોવાથી કામ કરવાની ઇચ્છા દર્શાવી રહ્યા છે. ઇન્ડિયન હોટેલ્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "દેશભરમાં લોકડાઉન ધીમેધીમે હળવું થઈ રહ્યું છે અને આંતરરાજ્ય મુસાફરી શક્ય છે ત્યારે હોટેલ્સ કે રિસોર્ટ્સમાંથી કામ કરવાનો ટ્રેન્ડ ટૂંક સમયમાં વધવાની શક્યતા છે."

કૂર્ગના પોલિબેતા ખાતેના રિસોર્ટ પોર્ક્યુપાઇને એડ્માં જણાવ્યું હતું કે, "ઘરેથી કામ કરી રહ્યા છો? કૂર્ગ આવી કામ કરવા માંગો છો? તો તમારું સેલ્ફ-ડિક્લેરેશન ફોર્મ મોકલો અને માત્ર હેડફોન્સ લઈ અહીં આવી જાવ

લોકો ઘરની ચાર દીવાલમાં કામ કરીને કંટાળી ગયા છે. અમને હૈદરાબાદ અને ચેન્નાઈના પ્રોફેશનલ્સ પૂછપરછ કરી રહ્યા છે. જોકે, અમે માત્ર બેંગલુરુના અને એ પણ કોવિડ-ફ્રી ઝોન્સમાં રહેતા પ્રોફેશનલ્સને જ મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે."

ITC હોટેલ્સે જણાવ્યું હતું કે, "કંપની કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ અથવા બિઝનેસમેન માટે પેકેજ ઓફર કરી રહી છે. જેમાં ITC અને વેલકમ હોટેલની મોટા ભાગની પ્રોપર્ટીમાં મિટિંગ માટે બે કલાક સુધી વિના મૂલ્યે બોર્ડ રૂમની સુવિધા આપવાનો સમાવેશ થાય છે." બેકપેકર હોસ્ટેલ બ્રાન્ડ ઝોસ્ટેલે જણાવ્યું હતું કે, "પ્રોફેશનલ્સની પૂછપરછ પછી કંપની હોસ્ટેલ્સને કામ માટે તૈયાર કરી રહી છે અને ટૂંક સમયમાં તે 'વર્ક ફ્રોમ હોસ્ટેલ કેમ્પેન' શરૂ કરશે."

ઝોસ્ટેલના ચીફ સ્ટ્રેટેજી ઓફિસર અવિરલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "અમને હિલસ્ટેશન્સ, રાજસ્થાન અને કેરલમાટે પણ પૂછપરછ કરવામાં આવી છે. મુંબઈ અને પૂણેના લોકો ધીમેધીમે પંચગની જેવા સ્થળે જવા માંગે છે. અમારી તમામ હોસ્ટેલ્સ ઇન્ટરનેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે તૈયાર હશે." ગુપ્તાએ કહ્યુંહતું કે, "અમે આ સુવિધા એક કે બે મહિનાના લાંબા રોકાણ માટે આપવાનું વિચારી રહ્યા છીએ. ગ્રાહકો અમુક નાઇટ્સ ખરીદી શકશે અને તેમની પાસે હિમાલયન સર્કિટ સિહતનાં જુદાંજુદાં સ્થળેથી કામ કરવાની સુવિધા રહેશે. જિયો જેવા ઓપરેટર્સ હવે અંતરિયાળ વિસ્તારોમાં પણ પહોંચ્યા છે. એટલે હવે ઇન્ટરનેટ કનેક્ટિવિટી સારી છે." ફ્રાન્સની મલ્ટિનેશનલ ચેઇન એકોરના ડિરેક્ટર સિલ્વેઇન લેરોશે જણાવ્યું હતું કે, "હોટેલ્સ મીટિંગ રૂમ્સ, લોબીની જગ્યાનો મહત્તમ ઉપયોગ કરવાના વિકલ્પ વિચારી રહી છે."

News Track



અલંકિત ઈમેજિનેશન્સ લિમિટેડ (એઆઈએલ) સાથે યુએસના શેરમાં રોકાણ કરો

યુએસ શેરબજારમાં રોકાણ શરૂ કરવા માટે લઘુતમ યુએસ ડોલરની આવશ્યકતા નથી, આંશિક શેરો સાથે શરૂઆત કરો

ભારતની અગ્રણી ઈ-ગવર્નન્સ સેવા પ્રદાતામાંથી એક અલંકિત લિમિટેડની સબસિડિયરી અલંકિત ઈમેજિનેશન્સ લિમિટેડ દ્વારા તેના પોર્ટફોલિયોમાં નવી સેવા વર્લ્ડ ઈન્વેસ્ટિંગ રજૂ કરવામાં આવી છે. (નવા મંચની લિંક છે–

https://alankit.co.in/wroldinvesting/)

આ સેવા વૈશ્વિક રોકાણ મંચ સ્ટોકેલ સાથે સહયોગમાં શરૂ કરવામાં આવી છે, જે લોકોને દુનિયામાં ગમે ત્યાં વૈશ્વિક અસ્કયામતોના વૈવિધ્યપૂર્ણ સંચમાં રોકાણ કરવામાં મદદરૂપ થાય છે. ભારતીયો તેથી યુનાઈટેડ સ્ટેટ્સ સાથે શરૂઆત કરતાં ઘણી બધી વૈશ્વિક બજારોમાં રોકાણ અને ટ્રેડિંગ શરૂ કરી શકે છે.

આ સેવાની વિશિષ્ટતાઓમાં આસાન ઓન- બોર્ડિંગ, એઆઈ- અભિમુખ મંચ, આસાન અભિમુખતા, હાઈ સિક્યુરિટી ઉપરાંત આંશિક શેરોમાં રોકાણ અને સાનુકૂળ ટ્રેડિંગ માટે આધાર પ્રદાન કરવાનો સમાવેશ થાય છે.

આ સેવાના લોન્ચ પર બોલતાં અલંકિત લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી અંકિત અગરવાલે જણાવ્યું હતું કે નાણાકીય સેવાઓની પ્રદાતામાં આગેવાન તરીકે અલંકિત લિમિટેડ અને તેની સબસિડિયરીઓ બે દાયકાથી અગ્રતાની ટ્રેડિંગ ભાગીદારો ધરાવે છે. લોકડાઉન થયું ત્યારથી છેલ્લા બે મહિનાથી અમે પહેલી જ વાર ડિમેટ અકાઉન્ટ્સ ખોલાવવાની સંખ્યામાં ઉછાળો જોયો છે.

Reveiw of SMART INVESTMENT Last Issue

Amazing 28% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 22-6-2020	Weekly High	Ch. (%)
RAPID FIRE STOCKS			
TCS	2043	2447	19.77
Pidilite	1399	1408	0.64
Dark Horse			
Dollar Ind.	137	143	4.38
Century Enka	180	182	1.11
Stock Buzz			
NCL Ind.	74.7	76	1.74
Sure Shot			
UPL	437	463	5.95
Dynamatic Techno	623	633	1.61
Relaxo Footwears	636	651	2.36
Balkrishna Ind.	1218	1254	2.96
Stock to Watch			
Voltamp Trans.	1038	1202	15.80
Dhanuka Agri	718	779	8.50
P&G Hygiene	9853	9999	1.48
Tata Comm.	582	598	2.75
Market Tips			
Dixon Techno	5687	5919	4.08
IPCA Labs.	1617	1671	3.34
Aarti Drugs	1064	1205	13.25
Escorts	985	1030	4.57
Alkyl Amines	2084	2177	4.46
Smart Tips			
Garden Reach	197	211	7.11
Mirza Intl.	45	46	2.22
Gujarat Pipavav	74	79	6.76
ITI Ltd.	106	108	1.89

Company	Reccom. 22-6-2020	Weekly High	Ch. (%)
Smart Super Duper			
Adani Trasn.	221	268	21.27
Rallis India	261	271	3.83
Supreme Petro	169	177	4.73
Laurus Labs.	536	576	7.46
Adani Gas	142	170	19.72
Bhavi Chaal			
Cords Cable	36.75	38	3.40
Goodluck India	39	42	7.69
Hisar Metal	77	78	1.30
Smart Best Buy			
Supreme Ind.	1143	1188	3.94
Berger Paints	500	541	8.20
ICICI Lombard	1266	1292	2.05
Gupsup			
Coal India	137	143	4.38
Vindhya Telelink	727	770	5.91
Adani Green	420	463	10.24
Bharti Airtel	571	580	1.58
Ashoka Buildcon	65	68	4.62
IRB Infra	71	91	28.17
Lakshmi Vilas Bank	18	22	22.22
Astra Micro	92	98	6.52
Sterlite Techno	109	118	8.26
J K Tyre	63	66	4.76
BHEL	32	37	15.63
Future Retail	111	135	21.62
Tata Steel	320	331	3.44
S H Kelkar	70	71	1.43
Supreme Petro	169	177	4.73

SMART INVESTMENT

Editor : Dilip K. Shah

ARCHI PUBLICATIONS

311 to 313, Nalanda Enclave, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahmedabad-6. GUJARAT, INDIA

Phone : 079 - 2657 66 39, Fax : 079 - 2657 99 96 • Mob. : 0982500 6980

E-mail :

smartinvest25@yahoo.in / smartinvest25@gmail.com / info@smartinvestment.in

web : www.smartinvestment.in

Disclaimer :- Investment recommendations made in Smart Investment are for information purposes only and derived from source that are deemed to be reliable but their accuracy and completeness are not guaranteed. Smart Investment or the analyst / writer do not accept any liability for the use of this column for the buying or selling of securities. Readers of this column who buy or sell securities based on the information in this column are soley responsible for their actions. The author, his company or his acquaintance may / may not have positions in the scrips featured herein

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

Subscription Chart

E-mail Edition (Soft Copy) (Every Sunday Morning)

Smart Investment Weekly	1 Year	2 Years	3 Years
1. Gujarati Edition	1800	3200	4500
2. English Edition	1100	1850	2650

E-mail Edition (Soft Copy) of Smart Plus News Letter (Every Sunday) * For Private Circulation only

News Letter	1 Year	2 Years	3 Years
1. Smart Plus	1400	2500	3300

Combined Package for Weekly & News Letter

Guj. & English Weekly E-Copy (Every Sunday Morning)
With Smart Plus News Letter (Every Sunday Night)

	1 Year	2 Years	3 Years
1. Gujarati + Smart Plus	2700	5000	7400
2. English + Smart Plus	2100	3900	5400

Contact : 079-26576639 (M) 9825006980
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

: : : Bank Details : : :
HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

Warning :-

Your soft Copy (E-mail Edition) is for your exclusive use only.
Any attempt to share your copy
or
forwarding your copy
to a non-subscriber
will disqualify your membership
&
We will be compelled to stop
your supply
and
forfeit your subscription
thereafter without
any
refund to you.